અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ નવેમ્બર ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૨, કારતક સુદ ૧૧/૧૨ | અંક : ૧૨૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### નાસભાગમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા

## આંધ્ર પ્રદેશના વેંકટેશ્વર મંદિરમાં નાસભાગ, ૧૦ ભક્તોના મોત

### મંદિર સંકુલના પ્રવેશદ્વાર પાસે ભીડનું દબાણ વધતા નાસભાગ મચી હતી, આથી, ઘણા લોકો નીચે પડી ગયા અને ધક્કામુક્કી થતાં ભીડે તેમને કચડી નાખ્યા હતા

। (એજન્સી) શ્રીકાકુલમ, તા.૧ ।

આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લામાં આવેલા કાશી બુગ્ગા વેંકટેશ્વર સ્વામી મંદિરમાં આજે શનિવારે ભાગદોડ મચી ગઈ હતી. જેમાં ઓછામાં ઓછા ૧૦ શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. અધિકારીઓએ જણાવ્યું છે કે, મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે, કારણ કે કેટલાક ઘાયલોની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે.



એકાદશીના શુભ પ્રસંગે મંદિરમાં દર્શન કરવા માટે મોટી ભીડ એકઠી થઈ હતી, જેના કારણે આ અકસ્માત થયો હતો. પ્રાથમિક અહેવાલો અનુસાર, મંદિર સંકુલના પ્રવેશદ્વાર પાસે ભીડનું દબાણ અચાનક વધી ગયું હતું, જેના કારણે ગભરાટ અને નાસભાગ મચી ગઈ હતી. આથી, ઘણા લોકો નીચે પડી ગહયા અને ધક્કામુક્કી થતાં ભીડે તેમને કચડી નાખ્યા હતા.

માહિતી મળતાં જ, વહીવટીતંત્રે રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી છે. ઘાયલોને નજીકની સરકારી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. જિલ્લા વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને પરિસ્થિતિને કાબુમાં લેવા માટે વધારાના પોલીસ દળો તૈનાત કરાયા હતા.

પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, સવારથી જ મંદિરમાં ભીડ નોંધ પાત્ર રીતે વધી ગઈ હતી, અને પૂરતી સુરક્ષા વ્યવસ્થાના અભાવે પરિસ્થિતિ નિયંત્રણ બહાર થઈ ગઈ હતી. સ્થાનિક વહીવટીતંત્રે ઘટનાની તપાસના આદેશ આપ્યા છે અને ભીડ નિયંત્રણમાં ક્યાં ભૂલ થઈ તે નક્કી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ કહ્યું કે, "શ્રીકાકુલમ જિલ્લામાં કાશીબુગ્ગા વેંકટેશ્વર મંદિરમાં થયેલી ભાગદોડથી હંગામો મચી ગયો છે. આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં જાનહાનિ અત્યંત દુઃખદ છે. હું મૃતકોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. મેં અધિકારીઓને ઘાયલોને શ્રેષ્ઠ સારવાર આપવા નિર્દેશ આપ્યો છે. મેં સ્થાનિક અધિકારીઓ અને જનપ્રતિનિધિઓને સ્થળની મુલાકાત લેવા અને રાહત કામગીરીનું નિરીક્ષણ કરવા કહ્યું છે." કેન્દ્રીય મંત્રી નારા લોકેશે આ ઘટના પર કહ્યું કે, "કાશીબુગ્ગા વેંકટેશ્વર મંદિરમાં થયેલી ભાગદોડ, જેમાં ઘણા ભક્તોના મોત થયા હતા, તે અત્યંત દુઃખદ છે. આ એકાદશી પર એક મોટી દુર્ઘટના હતી. હું મૃતકોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. અમારી સરકાર ભાગદોડમાં ઘાયલ થયેલા લોકોને શ્રેષ્ઠ તબીબી સારવાર પૂરી પાડી રહી છે. માહિતી મળતાં જ મેં અધિકારીઓ, જિલ્લા મંત્રી અત્યનાયડુ અને સ્થાનિક ધારાસભ્ય ગૌથુ સિરિશા સાથે વાત કરી હતી. મેં પીડિતોને તાત્કાલિક સહાય આપવાનો આદેશ આપ્યો છે." કેન્દ્રીય મંત્રી નારા લોકેશે આ ઘટના પર કહ્યું કે, "કાશીબુગ્ગા વેંકટેશ્વર મંદિરમાં થયેલી ભાગદોડ, જેમાં ઘણા ભક્તોના મોત થયા હતા, તે અત્યંત દુઃખદ છે. આ એકાદશી પર એક મોટી દુર્ઘટના હતી. હું મૃતકોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. અમારી સરકાર ભાગદોડમાં ઘાયલ થયેલા લોકોને શ્રેષ્ઠ તબીબી સારવાર પૂરી પાડી રહી છે. માહિતી મળતાં જ મેં અધિકારીઓ, જિલ્લા મંત્રી અત્યનાયડુ અને સ્થાનિક ધારાસભ્ય ગૌથુ સિરિશા સાથે વાત કરી હતી. મેં પીડિતોને તાત્કાલિક સહાય આપવાનો આદેશ આપ્યો છે."

### અમેરિકાના સાંસદોનો ડોનાલ્ડ ટ્રમ્પને પત્ર

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે ભારતીયોની જરૂર, H1B વિઝાની ફી ઘટાડો કરવા રજૂઆત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।




ડોનાલ્ડ ટ્રમ્પે H1B વિઝાની ફીમાં ભારેખમ વધારો ઝીંકયો હતો. આ વધારાની સીધી અસર ભારતીયો પર પડી. ભારતથી હજારો લોકો દર વર્ષે નોકરી કરવા માટે અમેરિકા જતાં હતા તેમને મોટો ફટકો પડ્યો. આ સિવાય પણ ટ્રમ્પની નીતિઓના કારણે અમેરિકામાં રહેતા ભારતીયોની મુશ્કેલી વધી જ છે. એવામાં હવે અમેરિકામાં જ ટ્રમ્પના નિર્ણયોનો વિરોધ શરૂ થયો છે. અમેરિકાના સાંસદોએ પત્ર લખીને ટ્રમ્પને H1B વિઝાની ફીમાં કરાયેલો વધારો પરત ખેંચવા અપીલ કરી છે. નોંધનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પે H1B વિઝાની વધારીને ૧ લાખ ડોલર કરી નાંખી. જેના વિરોધમાં અમી બેરા, સાલુદ કાર્બાજલ, જૂલી જોન્સને ટ્રમ્પને પત્ર લખ્યો. સાંસદોનું કહેવું છે કે આ નિર્ણયના કારણે ભારત સાથેની પાર્ટનરશિપ પર માઠી અસર થશે. સાથે સાથે અમેરિકાને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે મોટો ફટકો પડશે. સાંસદોએ કહ્યું કે આ વિઝાના કારણે જ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ ક્ષેત્રે અમેરિકામાં સારી એવી હરીફાઈ થાય છે. જેનો લાભ છેવટે તો અમેરિકાને જ થવાનો. અમારી અપીલ છે કે આ નીતિ પર પુનર્વિચાર કરવાની જરૂર છે. એવા સમયમાં જ્યારે ચીન AI ક્ષેત્રે ભારે રોકાણ કરી રહ્યું છે ત્યારે અમેરિકાએ દુનિયાની પ્રતિભાઓને આપણાં દેશમાં આકર્ષિત કરવો જોઈએ. જેનો લાભ છેવટે તો અમેરિકાને જ થવાનો. અમારી અપીલ છે કે આ નીતિ પર પુનર્વિચાર કરવાની જરૂર છે. એવા સમયમાં જ્યારે ચીન AI ક્ષેત્રે ભારે રોકાણ કરી રહ્યું છે ત્યારે અમેરિકાએ દુનિયાની પ્રતિભાઓને આપણાં દેશમાં આકર્ષિત કરવો જોઈએ.

## અમેરિકામાં મૂળ ગાંધીનગરના ગુજરાતી ઉદ્યોગપતિ કરોડના કૌભાંડનો આરોપ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।

અમેરિકામાં ભારતીય મૂળના ટેલિકોમ કંપનીના સીઈઓ બંકિમ બ્રહ્મભટ્ટ પર ૫૦૦ મિલિયન ડોલર (અંદાજે ૪૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ)ના મોટા નાણાકીય કૌભાંડનો આરોપ લાગ્યો છે. વોલ સ્ટ્રીટ જર્નલ (WSJ)ના રિપોર્ટ મુજબ બ્રહ્મભટ્ટે નકલી ગ્રાહક ખાતાઓ અને રાજસ્વના દસ્તાવેજ તૈયાર કરીને અમેરિકી બેંકો પાસેથી ભારે કરજ મેળવ્યું. બ્રહ્મભટ્ટ બ્રોડબેન્ડ ટેલિકોમ અને બ્રિઝવોઈસ નામની કંપનીઓના માલિક છે. રિપોર્ટ મુજબ તેમણે અનેક રોકાણકારોને એ ખાતરી અપાવી કે તેમના વ્યવસાયોની આવક અને ગ્રાહક આધાર ખુબ મજબૂત છે જ્યારે વાસ્તવમાં તે અનેક બિનહાજર ગ્રાહકો અને ફેક લેવડદેવડ પર આધારિત હતી. આ કૌભાંડમાં પ્રમુખ રોકાણ ફર્મ HPS ઈન્વેસ્ટમેન્ટ પાર્ટનર્સ અને વૈશ્વિક એસેટ મેનેજમેન્ટ દિગ્ગજ BlackRock ના સમર્થિત ફંડ પણ સામેલ છે. રિપોર્ટમાં કહેવાયું છે કે ઓગસ્ટ ૨૦૨૪માં લેણદારોએ કેસ દાખલ કર્યો જેમાં આરોપ લગાવવામાં આવ્યો કે બ્રહ્મભટ્ટે બનાવટી ગ્રાહક ખાતું તથા આવક બતાવીને અમેરિકન ધિરાણદારો પાસેથી મોટા પાયે કરજ મેળવ્યું હતું.

HPS એ સપ્ટેમ્બર ૨૦૨૦માં બ્રહ્મભટ્ટની એક કંપનીને કરજ આપવાનું શરૂ કર્યું હતું અને આ રકમ વધીને ધીરે ધીરે ૨૦૨૧ની શરૂઆત સુધીમાં ૩૮૫ મિલિયન ડોલર અને ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ૪૩૦ મિલિયન ડોલર સુધી પહોંચી ગઈ. આ કરજનો લગભગ અડધો હિસ્સો BNP Paribas બેંક દ્વારા ફંડિંગ કરાયો હતો. હવે તેમની કંપનીઓએ Chapter ૧૧ નાદારી સંરક્ષણ હેઠળ કોર્ટમાં અરજી કરી છે. જે અમેરિકી કાયદા હેઠળ કંપનીઓને ફરી ઊભા થવાની તક આપે છે. આ દિવસે બ્રહ્મભટ્ટે અંગત નાદારીની પણ અરજી દાખલ કરી હતી. રિપોર્ટ મુજબ જ્યારે પત્રકાર ન્યૂયોર્કના ગાર્ડન સિટી સ્થિત તેમની ઓફિસ પહોંચ્યા તો ત્યાં તાળું લટકતું હતું અને પાડોશીઓએ જણાવ્યું કે તેઓ અનેક અઠવાડિયાઓથી જોવા મળ્યા નથી. તપાસ સાથે જોડાયેલા સૂત્રો મુજબ એવી શક્યતા છે કે બ્રહ્મભટ્ટ અમેરિકા છોડીને ભારત આવી ગયા હોય. તેમના વકીલે જોકે તમામ આરોપો પાયાવિહોણા ગણાવ્યાં છે. અત્રે જણાવવાનું બંકિમ ભટ્ટ મૂળ ગુજરાતના ગાંધીનગરના છે. તેમનો જનમ ગાંધીનગરમાં થયો હતો તથા બંકાઈ જૂથના સંસ્થાપક છે. ત્રણ દાયકાથી ટેલિકોમ ક્ષેત્રે સક્રિય છે. રિપોર્ટ મુજબ જ્યારે પત્રકાર ન્યૂયોર્કના ગાર્ડન સિટી સ્થિત તેમની ઓફિસ પહોંચ્યા તો ત્યાં તાળું લટકતું હતું અને પાડોશીઓએ જણાવ્યું કે તેઓ અનેક અઠવાડિયાઓથી જોવા મળ્યા નથી. તપાસ સાથે જોડાયેલા સૂત્રો મુજબ એવી શક્યતા છે કે બ્રહ્મભટ્ટ અમેરિકા છોડીને ભારત આવી ગયા હોય. તેમના વકીલે જોકે તમામ આરોપો પાયાવિહોણા ગણાવ્યાં છે. અત્રે જણાવવાનું બંકિમ ભટ્ટ મૂળ ગુજરાતના ગાંધીનગરના છે. તેમનો જનમ ગાંધીનગરમાં થયો હતો તથા બંકાઈ જૂથના સંસ્થાપક છે. ત્રણ દાયકાથી ટેલિકોમ ક્ષેત્રે સક્રિય છે.

## ભારતે આતંકવાદીઓની કમર તોડી, નક્સલવાદ પણ સમાપ્ત થઈ રહ્યો છે



। (એજન્સી) રાયપુર, તા.૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે છત્તીસગઢના પ્રવાસે છે, જ્યાં તેઓ રાજ્ય સ્થાપના દિવસના રજત જયંતિ મહોત્સવ એટલે કે ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભાગ લઈ રહ્યા છે. આ દરમિયાન પીએમ મોદીએ શહીદ વીર નારાયણ સિંહ સ્મારક અને આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની સંગ્રહાલયનું ઉદ્ઘાટન અને અવલોકન કર્યું.

આ અવસરે પીએમ મોદીએ માર્ગ, ઉદ્યોગ, આરોગ્ય સેવા અને ઊર્જા જેવા મુખ્ય ક્ષેત્રો સાથે સંકળાયેલી રૂ.૧૪,૨૬૦ કરોડથી વધુની વિકાસલક્ષી પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શહીદ વીર નારાયણ સિંહ સ્મારક અને આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની સંગ્રહાલયનું ઉદ્ઘાટન અને અવલોકન કર્યું. આ સંગ્રહાલય રાજ્યના આદિવાસી સમુદાયોના સાહસ, બલિદાન અને દેશભક્તિની વિરાસતનું સંરક્ષણ અને પ્રદર્શન કરશે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, છત્તીસગઢે છેલ્લા ૨૫ વર્ષોમાં અદ્ભુત અને પ્રેરણાદાયક પરિવર્તન અનુભવ્યું છે. જે રાજ્ય અગાઉ નક્સલવાદ અને પછાતપણા માટે જાણીતું હતું, તે આજે સમૃદ્ધિ, સુરક્ષા અને સ્થાયિત્વના પ્રતીક તરીકે ઉભરી આવ્યું છે. વડાપ્રધાનના મતે, આ પરિવર્તન પાછળ છત્તીસગઢની જનતાની મહેનત અને ભાજપની સરકારોના દૂરંદેશી નેતૃત્વનો ફાળો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મતે, રામથી રાષ્ટ્રનો એક અર્થ માનવતા વિરોધી શક્તિઓ અને આતંકના વિનાશનો સંકલ્પ પણ છે, જેનું પ્રત્યક્ષ ઉદાહરણ ઓપરેશન સિંદૂરમાં જોવા મળ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આતંકના વિનાશનો સંકલ્પ કરીને ભારત આતંકવાદીઓની કમર તોડી રહ્યું છે. ભારત આજે નક્સલવાદ અને માઓવાદી આતંકને પણ સમાપ્ત કરવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમજ ભારત હાલમાં અભૂત પૂર્વ વિજયના ગર્વથી ભરેલું છે અને ગર્વની આ જ લાગણી આજે છત્તીસગઢ વિધાનસભાના આ નવા પરિસરમાં ચારેય તરફ અનુભવાઈ રહી છે.

## ઈન્ડો-પેસિફિક ખુલ્લો, નિયમો-આધારિત અને બધા માટે સમાન હોવો જોઈએ

। (એજન્સી) કુઆલાલંપુર, તા.૧ ।

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મલેશિયાના કુઆલાલંપુરમાં ૧૨મી ASEAN ડિફેન્સ મિનિસ્ટર્સ મિટિંગ પ્લસ (ADMM-પ્લસ) માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તેમના સંબોધનમાં, તેમણે જણાવ્યું હતું કે, ભારત તેની સ્થાપનાથી જ ADMM-પ્લસમાં સક્રિય અને રચનાત્મક ભાગીદાર રહ્યું છે. આ પદ્ધતિ ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી અને ઈન્ડો-પેસિફિક વિઝનનો અભિન્ન ભાગ છે.

રાજનાથ સિંહે કહ્યું કે, ભારત અને ASEAN વચ્ચેનો સંબંધ ફક્ત વ્યૂહાત્મક નથી, પરંતુ તે સહિયારા મૂલ્યો અને વિશ્વાસ પર આધારિત છે. ૨૦૨૨ માં, ASEAN-ભારત ભાગીદારીને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં અપગ્રેડ કરવામાં આવી હતી, જે બંને વચ્ચેના સહયોગને ગાઢ બનાવવાનો સંકેત આપે છે. રક્ષા મંત્રીએ જણાવ્યું કે, ભારત ASEAN અને અન્ય દેશો સાથે સંરક્ષણ સહયોગને આ ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને ક્ષમતા નિર્માણમાં યોગદાન તરીકે જુએ છે. ભારતનો દ્રષ્ટિકોણ હંમેશા નિયમો-આધારિત, સમાવિષ્ટ અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર વિશે સ્પષ્ટ રહ્યું છે.

રાજનાથ સિંહે સમુદ્રના કાયદા પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (UNCLOS) ને ટાંકીને કહ્યું કે, ભારત હંમેશા કાયદાના શાસન, નેવિગેશનની સ્વતંત્રતા અને ઓવરફ્લાઇટની સ્વતંત્રતાને સમર્થન આપે છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે, આ કોઈ દેશ વિરુદ્ધ નથી, પરંતુ તમામ પ્રાદેશિક હિસ્સેદારોની સામૂહિક સુરક્ષા માટે છે.

તેમણે કહ્યું કે, આજે, પ્રદેશમાં સુરક્ષા પડકારો પરંપરાગત લશ્કરી જોખમો સુધી મર્યાદિત નથી, પરંતુ તેમાં સાયબર સુરક્ષા, દરિયાઈ દેખરેખ, માળખાગત સુરક્ષા અને માનવતાવાદી કટોકટી વ્યવસ્થાપન જેવા નવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ADMM-Plus આ દિશામાં દેશો વચ્ચે વિશ્વાસ બનાવવા માટે એક અસરકારક પ્લેટફોર્મ સાબિત થયું છે.

રાજનાથ સિંહે કહ્યું કે, "ભારત ADMM-પ્લસમાં તેની ભૂમિકાને સહકાર અને ભાગીદારીની ભાવનાથી જુએ છે. અમારો અભિગમ વ્યવહારિક નથી, પરંતુ સિદ્ધાંત-આધારિત અને લાંબા ગાળાનો છે."

તેમણે એમ પણ ઉમેર્યું કે, ભારત-પ્રશાંત ક્ષેત્ર ખુલ્લો, સમાવિષ્ટ અને કોઈપણ પ્રકારના દબાણ અથવા બળજબરીથી મુક્ત રહેવું જોઈએ." રાજનાથ સિંહનું આ નિવેદન મહત્વપૂર્ણ માનવામાં આવે છે, ખાસ કરીને દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનની વધતી આક્રમકતા અને અન્ય દેશોની નૌકાદળોને રોકવાના તેના પ્રયાસોને ધ્યાનમાં રાખીને.




## પતિથી અલગ રહેતી પત્નીએ મકાન ભાડું માંગતા પત્ની અને બાળક પર હુમલો

। (એજન્સી) વડોદરા, તા.૧ ।

વડોદરાના ગોત્રી વિસ્તારમાં પતિ અને સાસરીયાએ પત્ની અને બાળક ઉપર હુમલો કરતા પોલીસે ત્રણ જણા સામે ગુનો દાખલ કર્યો છે. મહિલાએ પોલીસને કહ્યું છે કે, છેલ્લા પાંચ મહિનાથી મારા પતિ મારી સાથે રહેતા નથી અને તેમની માતાને બહેન સાથે રહે છે. હું જ્યાં રહું છું તે મકાનનું ભાડું નહીં ચૂકવતા મકાન માલિકે તાળું મારી દીધું છે. જેથી હું બાળકને લઈને ગોત્રી ખાતે મારી સાસરીમાં ગઈ હતી. આ વખતે મારા પતિ રવિ પરમારે કહ્યું હતું કે, તું અહીં એમ આવી છે. તારે અહીં આવવું નહીં. જેથી મેં કહ્યું હતું કે, તમે ભાડા ના પૈસા આપતા નથી એટલે અહીં રહેવા આવી છું. જેથી ઉશ્કેરાઈ ગયેલા પતિએ મારું માથું દીવાલ સાથે પછાડી ધક્કો માર્યો હતો. નણંદે પણ મને ગરદનની નીચેના ભાગે પ્લાસ્ટિકની પાઈપ મારી હતી અને મારા બાળકને ઊંચકીને અથાડ્યો હતો. મારા ભાઈઓ અને પોલીસ આવી જતા અમારો બચાવ થયો હતો. પોલીસે પતિ, નણંદ અને સાસુ સામે દાખલ કર્યો છે.

## સુરતના સરથાણાની હોટલમાંથી વધુ એક કુટણખાણું ઝડપાયું

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરતના સરથાણાની હોટલમાંથી વધુ એક કુટણખાણું ઝડપાયું છે. સુરત પોલીસે બાતમીના આધારે સરથાણાની હોટલમાં સેક્સ રેકેટ ઝડપાયું છે. IUCAWની ટીમે દરોડા દરમિયાન ૨ ગ્રાહકોને કઢંગી હાલતમાં ઝડપી પાડ્યા હતા. હોટલના મેનેજર તેમજ યુવતીઓ સપ્લાય કરનારા સહિત ૪ પકડાયા છે. હોટલમાંથી ૨ થાઈલેન્ડ, ૧ યુગાન્ડા અને મુંબઈની ૧ યુવતીને મુક્ત કરાવાઈ છે. મળતી વિગતો અનુસાર સરથાણાના સીતારામ ચોક પાસે આવેલી એક હોટલમાં વિદેશી યુવતીઓને રાખીને દેહ વ્યાપાર કરાવામાં આવતો હતો. કુટણખાણાની જાણ પોલીસને થતા તાત્કાલિક ધોરણે પોલીસે હોટલમાં દરોડા પાડ્યા હતા. સરથાણામાં આવેલી હોટલમાં પોલીસે દરોડા પાડીને ૨ થાઈલેન્ડ, ૧ યુગાન્ડા અને મુંબઈની ૧ યુવતીને મુક્ત કરાવાઈ છે. વિદેશી યુવતીઓ મારફતે દરરોજ ૧ લાખની કમાણી કરાતી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. પોલીસે યુવતીઓ સપ્લાય કરનારા સહિત ૪ની ધરપકડ કરી છે. તેમજ હોટલ માલિક પાસોદરાનો સંદીપ ઉર્ફે સેન્ડી પટેલ વોન્ટેડ જાહેર કર્યો છે. ઉલ્લેખનીય છે કે સુરતમાંથી આ અગાઉ પણ આ પ્રકારની ઘટના સામે આવી હતી. ત્યારે વધુ એક વખત વિદેશી યુવતીઓ પાસે હોટલમાં દેહ વ્યાપાર કરાવતા હોવાનું સામે આવ્યું છે. આરોપીઓ વિદેશી યુવતીઓ મારફતે દરરોજ ૧ લાખની કમાણી કરતા હોવાનું પણ સામે આવ્યું છે.

### સૌથી વધુ અમરેલીના રાજુલામાં આશરે ૨ ઇંચ વરસાદ થયો છે અમરેલીના અનરાધાર વરસાદી માહોલ છે, ત્યારે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે

## રાજુલામાં સૌથી વધુ વરસાદ, ધાતરવાડી ડેમ-૨ના ૧૦ દરવાજા ખોલાતા નજીકના ગામોને એલર્ટ

। (એજન્સી) અમરેલી, તા.૧ ।

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદનો માર જોવા મળી રહ્યો છે. માવઠું થતાં ખેડૂતોના પાક પર પાણી ફરી વળ્યા છે. રાજ્યમાં છેલ્લા ૧૦ કલાકની અંદર ૬૩ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ અમરેલીના રાજુલામાં આશરે ૨ ઈંચ વરસાદ થયો છે. અમરેલીના અનરાધાર વરસાદી માહોલ છે, ત્યારે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. અમરેલીના રાજુલા, ખાંભા, જાફરાબાદ સહિતના અનેક વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો છે. જેમાં આજે ૩૧ ઓક્ટોબરના રોજ રાજુલાના ગ્રામ્ય વિસ્તારમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ ખાબક્યો છે. અમરેલી જિલ્લામાં સતત કમોસમી વરસાદથી લોકો પરેશાન છે, ત્યારે ખાંભાના ગ્રામ્ય પંથકમાં સતત ચોથા દિવસે ધોધમાર વરસાદ શરૂ છે. ખાંભાના નાના બારમણ, મોટા બારમણ, ડેડાણ, ત્રાકુડા, ભુડણી સહિતના વિસ્તારમાં ભારે વરસાદી માહોલ છે. ભારે વરસાદના કારણે ખાંભાની ધાતરવડી નદી અને ડેડાણ ગામની અશોકા નદીમાં ઘોડાપુર આવ્યુ છે. જાફરાબાદના ટીંબી ગામની રૂપેણ નદી પણ બે કાંઠે વહેતી જોવા મળી છે. ધોધમાર વરસાદને પગલે ધાતરવાડી ડેમ-૨માં એક સાથે ૧૦ દરવાજા ખોલવાની ફરજ પડી છે. જેમાં ધાતરવડી ડેમ-૨માં ૫૪૦૦ ક્યુસેકથી વધુ પાણીની આવક શરૂ થતાં નીચાણવાળા ભચાદર, વડ, રામપરા, ભેરાઈ, ખાખબાઈ, કોવાયા, હિંડોરણા, ઉછેયા સહિતના નદી કાંઠાના ગામડાને એલર્ટ કરવામાં આવ્યા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. અમરેલીના રાજુલા, ખાંભા, જાફરાબાદ સહિતના અનેક વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો છે. જેમાં આજે ૩૧ ઓક્ટોબરના રોજ રાજુલાના ગ્રામ્ય વિસ્તારમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ ખાબક્યો છે. અમરેલી જિલ્લામાં સતત કમોસમી વરસાદથી લોકો પરેશાન છે, ત્યારે ખાંભાના ગ્રામ્ય પંથકમાં સતત ચોથા દિવસે ધોધમાર વરસાદ શરૂ છે. ખાંભાના નાના બારમણ, મોટા બારમણ, ડેડાણ, ત્રાકુડા, ભુડણી સહિતના વિસ્તારમાં ભારે વરસાદી માહોલ છે. ભારે વરસાદના કારણે ખાંભાની ધાતરવડી નદી અને ડેડાણ ગામની અશોકા નદીમાં ઘોડાપુર આવ્યુ છે. જાફરાબાદના ટીંબી ગામની રૂપેણ નદી પણ બે કાંઠે વહેતી જોવા મળી છે. ધોધમાર વરસાદને પગલે ધાતરવાડી ડેમ-૨માં એક સાથે ૧૦ દરવાજા ખોલવાની ફરજ પડી છે. જેમાં ધાતરવડી ડેમ-૨માં ૫૪૦૦ ક્યુસેકથી વધુ પાણીની આવક શરૂ થતાં નીચાણવાળા ભચાદર, વડ, રામપરા, ભેરાઈ, ખાખબાઈ, કોવાયા, હિંડોરણા, ઉછેયા સહિતના નદી કાંઠાના ગામડાને એલર્ટ કરવામાં આવ્યા છે.

### ૧૦૦ ટકા ભરાઈ જતાં સાબરમતીમાં પાણી છોડાયું

## કમોસમી વરસાદના કારણે ધરોઇ ડેમ છલકાઇ ગયો

**મહેસાણાનો ધરોઈ ડેમ સંપૂર્ણ ભરાઈ ગયો છે, જ્યારે પંચમહાલનો પાનમ ડેમ પણ રુલ લેવલની નજીક પહોંચતા તેના દરવાજા ખોલવા પડ્યા છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

રાજ્યમાં પડેલા ભારે કમોસમી વરસાદની બેધારી અસર જોવા મળી રહી છે. એક તરફ અનેક વિસ્તારોમાં ખેડૂતોના પાકને મોટું નુકસાન થયું છે, તો બીજી તરફ ઉત્તર ગુજરાત અને પંચમહાલના જળાશયોમાં પાણીની આવક નોંધાઈ છે. મહેસાણાનો ધરોઈ ડેમ સંપૂર્ણ ભરાઈ ગયો છે, જ્યારે પંચમહાલનો પાનમ ડેમ પણ રુલ લેવલની નજીક પહોંચતા તેના દરવાજા ખોલવા પડ્યા છે. રાજ્યમાં પડેલા માવઠાને કારણે મહેસાણા જિલ્લાનો મહત્ત્વપૂર્ણ ધરોઈ ડેમ તેની સંપૂર્ણ ક્ષમતા કરતાં ૧૦૦ ટકા ભરાઈ ગયો છે. ડેમની જળસપાટી ૬૨૨ ફૂટ પર પહોંચી ગઈ છે, જે ડેમની સંપૂર્ણ સંગ્રહ ક્ષમતા દર્શાવે છે. ઉપરવાસમાંથી સતત ૩૪૫૦ ક્યૂસેક પાણીની આવક થઈ રહી હોવાથી, વહીવટી તંત્રએ જળસ્તર નિયંત્રિત કરવા માટે ડેમનો એક દરવાજો ૦.૬૫ મીટર સુધી ખોલવો પડ્યો છે. આ દરવાજા દ્વારા હાલમાં સાબરમતી નદીમાં ૩૪૫૦ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમ ભરાઈ જતાં આગામી સમય માટે પાણીની ચિંતા હળવી થઈ છે, પરંતુ તંત્રએ નીચાણવાળા વિસ્તારોને સાવચેત કર્યા છે. પંચમહાલ જિલ્લામાં પણ કમોસમી વરસાદને પગલે જળાશયોમાં પાણીની આવક નોંધાઈ છે. ગુરૂવારની સાંજે (૩૦ ઓક્ટોબર) પાનમ ડેમમાં ઉપરવાસમાંથી ૪૯૪૩ ક્યૂસેક પાણીની આવક નોંધાઈ હતી. પાનમ ડેમની જળસપાટી તે સમયે ૧૨૭.૪૦ મીટર હતી, જ્યારે ડેમનું રુલ લેવલ અને ભયજનક સપાટી ૧૨૭.૪૧મીટર હતું. રુલ લેવલ જાળવી રાખવા માટે તાત્કાલિક પગલાં લેતાં વહીવટી તંત્રે પાનમ ડેમનો એક ગેટ ૩.૫ ફૂટ સુધી ખોલી નાખ્યો હતો અને ડેમમાંથી ૪૯૮૪ ક્યૂસેક પાણી પાનમ નદીમાં છોડવામાં આવ્યું હતું.એક તરફ જળાશયોમાં પાણીની આવકથી રાહત મળી છે, તો બીજી તરફ રાજ્યભરમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોના તૈયાર પાકને થયેલા નુકસાનને લઈ ખેડૂતોમાં ચિંતાનો માહોલ છે.

## પાક નુકસાની વળતર માટે ડિજિટલ સર્વેનો વિરોધ

। (એજન્સી) અમરેલી, તા.૧ ।

રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાં પડેલા કમોસમી વરસાદથી ખેતીને મોટા પાયે નુકસાન થયું છે, પરંતુ સરપંચોએ રાહત સહાયની પ્રક્રિયા સામે ગંભીર આક્ષેપો કર્યા છે. સરપંચોનું કહેવું છે કે, '૭ દિવસ પુષ્કળ વરસાદ પડ્યો, રાજુલાનું કોઈ ગામડું એવું નથી કે જ્યાં વરસાદ નહોતો. ડિજિલ સર્વેનો ના પાડવા પાછળનું કારણ એ છે કોઈ મોટુ ગામ હોય કોઈ સંજોગોમાં ખેડૂત બહાર ગયો હોય અને આજે કરીશું કાલ કરીશું જેના કારણે સરપંચો સામે આક્ષેપ થાય છે. સરકારના ધારાસભ્ય-મંત્રીઓ ફર્યા છે, સરકારને ખબર છે, ચારથી ૫ જિલ્લામાં વરસાદ પડ્યો છે તો સર્વે કરવાનું મહત્ત્વ શું છે. સરકારને અમારી વિનંતી છે કે ખેડૂતોને સીધી સહાય આપે.'સરપંચોનું કહેવું છે કે, 'અતિવૃષ્ટિમાં ૧00% નુકસાન છે તો સર્વે કર્યે કંઈ થાય નહીં. કપાસ, ડુંગળી, મગફળી, માલઢોરનો ઘાસચારો સહિત તમામ જણસીને નુકસાન છે. ખેતરે જવાના રસ્તા નથી સરકારને ખબર છે. ૧૦૦ ટકા નુકસાન છે રાહત પેકેજ જાહેર કરે અને દરેક ખેડૂતોને લાભ મળે.'ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદે જાણે કાળો કેર વર્તાવ્યો હતો. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે, જેના કારણે ખેડૂતોનો કપાસ, મગફળી સહિતનો તૈયાર પાક નિષ્ફળ ગયો છે. આ માવઠાના મારથી જગતનો તાત આજે મુશ્કેલીમાં મુકાયો છે. 'ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદે જાણે કાળો કેર વર્તાવ્યો હતો. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે, જેના કારણે ખેડૂતોનો કપાસ, મગફળી સહિતનો તૈયાર પાક નિષ્ફળ ગયો છે. આ માવઠાના મારથી જગતનો તાત આજે મુશ્કેલીમાં મુકાયો છે.

### શ્રીમદ ભાગવત સપ્તાહ કથામાં ચોરીની ઘટના

## કથામાં ભીડનો લાભ લઈ તસ્કર ગેંગ સક્રિય થઈ

। (એજન્સી) જામનગર, તા.૧ ।

જામનગરના શરૂ સેક્શન રોડ પર આવેલા પટેલ વાડી વિસ્તારમાં આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ કથામાં ચોરીની ઘટના સામે આવી છે. મહાપ્રસાદ વિતરણ દરમિયાન ભારે ભીડનો લાભ લઈને અજાણ્યા તસ્કરોએ ૬ મહિલાઓના ગળામાંથી ૪.૪૫ લાખ રૂપિયાની ૬ સોનાની ચેઈનની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. મળતી માહિતી અનુસાર, આ બનાવ ૨૯મી ઓક્ટોબરના રોજ શ્રીમદ ભાગવત કથાના સ્થળે મહાપ્રસાદના આયોજન દરમિયાન બન્યો હતો. કથામાં આવેલા મોટી સંખ્યામાં નગરજનો પ્રસાદી લઈ રહ્યા હતા. આ દરમિયાન ભારે ભીડ હોવાથી તસ્કર ગેંગ સક્રિય થઈ હતી અને છ મહિલાઓના ગળામાંથી સોનાની ચેઈન સેરવીને ફરાર થઈ ગયા હતા. એકસાથે આટલી ૬ મહિલાઓના ગળામાંથી સોનાના ચેઈન સેરવી લેવાયાની ઘટનાને લઈને કથા સ્થળે ભારે દોડધામ મચી ગઈ હતી અને ભક્તોમાં ડર ફેલાયો હતો. આ ઘટના અંગે ભોગ બનેલી મહિલાઓએ સિટી બી. ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. મહિલાઓની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. હાલ પોલીસે કથા સ્થળે લગાવાયેલા જુદા જુદા સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરી રહી છે, જેથી તસ્કર ગેંગની ઓળખ થઈ શકે અને તેમને ઝડપી શકાય. નોંધનીય છે કે, ધાર્મિક કાર્યક્રમની પવિત્રતા વચ્ચે બનેલી ચોરીની આ ઘટનાએ શહેરની સુરક્ષા વ્યવસ્થા પર પણ સવાલો ઊભા કર્યા છે.

### નવરંગપુરા પોલીસે ગાર્ડની કરી અટકાયત

## અમદાવાદમાં સિક્યુરિટી ગાર્ડ દ્વારા ફાયરિંગ કરાયું

**આ સમગ્ર ઘટનાક્રમ વિસ્તારમાં સનસનાટી ફેલાવી દીધી છે અને ફરજ પર હથિયારની સુરક્ષા અને ઉપયોગ પર ગંભીર સવાલો ઊભા થયા છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।



અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં એક ગંભીર અને ચોંકાવનારી ઘટના બની છે, જેના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. પ્રાથમિક માહિતી મુજબ, આ ઘટનામાં એક સિક્યુરિટી ગાર્ડની ભૂલથી તેની પાસે રહેલી બંદૂકમાંથી ફાયરિંગ થયું હતું. આકસ્મિક રીતે થયેલા આ ફાયરિંગને કારણે ફરજ પર હાજર અન્ય એક સિક્યુરિટી ગાર્ડને ગોળી વાગી હતી. આ સમગ્ર ઘટનાક્રમ વિસ્તારમાં સનસનાટી ફેલાવી દીધી છે અને ફરજ પર હથિયારની સુરક્ષા અને ઉપયોગ પર ગંભીર સવાલો ઊભા થયા છે. સિક્યુરિટી ગાર્ડની બેદરકારી અથવા ભૂલને કારણે થયેલા ફાયરિંગમાં જે અન્ય સિક્યુરિટી ગાર્ડને ગોળી વાગી છે, તેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ગોળી વાગવાથી તે ઘાયલ થયો છે, અને તેની હાલત અંગે વધુ માહિતી રાહત કાર્ય બાદ જ જાણી શકાશે. આ ઘટના સિક્યુરિટી ગાર્ડ દ્વારા હથિયાર રાખવા અને તેની સલામતીના નિયમોના ઉલ્લંઘન તરફ સ્પષ્ટ ઈશારો કરે છે. આકસ્મિક ફાયરિંગના કારણે એક વ્યક્તિ ઘાયલ થતાં હવે પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ઘટનાની જાણ થતાં જ નવરંગપુરા પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે ફાયરિંગ કરનાર સિક્યુરિટી ગાર્ડની અટકાયત કરી છે અને તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે અટકાયત કરેલા ગાર્ડની પૂછપરછ શરૂ કરી છે, જેમાં ફાયરિંગ કઈ રીતે થયું, તે પાછળનો હેતુ શું હતો (જો હોય તો), અને હથિયાર ચલાવવામાં તેણે શું બેદરકારી દાખવી, તે અંગે વિગતો મેળવવામાં આવી રહી છે. CCTV ફૂટેજ પોલીસની તપાસમાં મહત્વપૂર્ણ પુરાવા બની રહેશે. ઘટનાની જાણ થતાં જ નવરંગપુરા પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે ફાયરિંગ કરનાર સિક્યુરિટી ગાર્ડની અટકાયત કરી છે અને તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે અટકાયત કરેલા ગાર્ડની પૂછપરછ શરૂ કરી છે, જેમાં ફાયરિંગ કઈ રીતે થયું, તે પાછળનો હેતુ શું હતો (જો હોય તો), અને હથિયાર ચલાવવામાં તેણે શું બેદરકારી દાખવી, તે અંગે વિગતો મેળવવામાં આવી રહી છે. CCTV ફૂટેજ પોલીસની તપાસમાં મહત્વપૂર્ણ પુરાવા બની રહેશે.

## ગિરનાર દુર્ઘટના : પર્વત પરથી નીચે પટકાતા યુવકનું મોત

। (એજન્સી) ગિરનાર, તા.૧ ।

ગુજરાતના પવિત્ર યાત્રાધામ ગિરનાર પર્વત પર આજે એક ગમખ્વાર દુર્ઘટના સર્જાઈ છે. પરંપરાગત પગથિયાંને બદલે પથ્થર પરથી ચઢાણ કરી રહેલો યુવક અચાનક નીચે પટકાયો હતો. આશરે ૨૫૦૦ પગથિયાંની ઊંચાઈએથી નીચે પટકાતા યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ, આ યુવક ગિરનાર પર્વત પર ચઢાણ કરી રહ્યો હતો ત્યારે આ દુઃખદ દુર્ઘટના બની હતી. મૃતક યુવક સીડીના પગથિયાનો ઉપયોગ કરવાને બદલે પર્વતના ખરબચડા પથ્થર પરથી ચઢાણ કરી રહ્યો હતો. આ જોખમી પ્રયાસ દરમિયાન, તે અંદાજે ૨૫૦૦ પગથિયાની ઊંચાઈએથી નીચે પટકાયો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો કે યુવકના માથામાં ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને વહીવટી ટીમ તાત્કાલિક ગિરનાર પર્વત પર પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી તેને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. રિપોર્ટ આવ્યા બાદ પોલીસ આ મામલે આગળની વધુ કાર્યવાહી હાથ ધરશે.

**વિશેષ** ૩૧ ઓક્ટોબરથી ૧૩ નવેમ્બર સુધી યોજાનારી આ રાષ્ટ્રીય સ્તરીય સ્પર્ધામાં દેશભરના ૪૬૦૦થી વધુ શૂટરો ભાગ લેશે

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદ ખાતે ૩૪મી જી.વી. માવલંકર શૂટીંગ ચેમ્પિયનશિપ (પિસ્ટલ ઇવેન્ટ્સ)નું ઉદ્ઘાટન કર્યું






। (માહિતી) અમદાવાદ ।

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદ મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનિંગ એસોસિએશન (રાઈફલ ક્લબ) ખાતે ૩૪મી જી.વી. માવલંકર શૂટિંગ ચેમ્પિયનશિપ (પિસ્ટલ ઈવેન્ટ્સ)નું ઉદ્ઘાટન કર્યું હતું. ૩૧ ઓક્ટોબરથી ૧૩ નવેમ્બર સુધી યોજાનારી આ રાષ્ટ્રીય સ્તરીય સ્પર્ધામાં દેશભરના ૪૬૦૦થી વધુ શૂટરો ભાગ લેવાના છે. જેમાં જમ્મુ-કાશ્મીરથી લઈને અંડમાન-નિકોબાર સુધી અને ગુજરાતથી લઈ મણિપુર સુધીના ખેલાડીઓનો સમાવેશ થાય છે. આ ચેમ્પિયનશિપનું ઉદ્ઘાટન કરતા પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સૌપ્રથમ દેશભરમાંથી પધારેલા તમામ સ્પર્ધકોનું સ્વાગત કરી આવકાર્યા હતા અને અભિનંદન આપ્યા હતા. શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદ મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનિંગ એસોસિએશનની પ્રશંસા કરતા કહ્યું હતું કે, સમગ્ર વર્ષ દરમિયાન અહીં ખેલાડીઓને યોગ્ય ટ્રેનિંગ અપાય છે. શૂટિંગના ખેલાડીઓને તૈયાર કરવામાં આ એસોસિએશન મહત્વનું યોગદાન આપે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આજે ગુજરાત ખેલકૂદ ક્ષેત્રે દેશભરના ખેલાડીઓના સપના સાકાર કરવા સજ્જ થઈ રહ્યું છે, કેન્દ્ર સરકારના સહયોગથી ગુજરાતમાં સ્પોર્ટ્સ ક્ષેત્રે અનેક સુવિધાઓનું નિર્માણ થયું છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં ફક્ત ૨૮ મહિનામાં જ વર્લ્ડ ક્લાસ લેવલનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું નિર્માણ થયું છે. શ્રી હર્ષ સંઘવીએ વધુ ઉમેરતાં કહ્યું કે, અમદાવાદના આંગણે આયોજિત સ્પર્ધામાં દેશભરમાંથી ૪૬૦૦થી વધુ શૂટરો ભાગ લઈ રહ્યા છે તે આપણા માટે ગૌરવપૂર્ણ બાબત છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધામાં ૧૦ મીટર, ૨૫ મીટર અને ૫૦ મીટર પિસ્ટલ ઈવેન્ટ્સનો સમાવેશ કરાયો છે જે ઓલિમ્પિક રમતોમાંની એક છે. આ સ્પર્ધાની શરૂઆત નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (NRAI) દ્વારા ૧૯૯૧માં કરવામાં આવી હતી, શ્રી જી.વી. માવલંકર, લોકસભાના પ્રથમ અધ્યક્ષ અને NRAIના પ્રથમ પ્રમુખ હતા તેમની સ્મૃતિમાં કરાઈ હતી. અમદાવાદ ૧૦મી વાર આ ચેમ્પિયનશિપની યજમાની કરી રહ્યું છે.આ પ્રસંગે ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના સિનિયર ઉપપ્રમુખ શ્રી અજયભાઈ પટેલ, શહેર ભાજપ અધ્યક્ષ શ્રી પ્રેરક શાહ, ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ જૈન, ગુજરાત સ્ટેટ રાઈફલ એસોસિએશનના આયોજક સચિવ શ્રી અતુલ બારોટ, શ્રી જયેશ મોદી, શ્રી ગગન નારંગ અને શ્રી ઋષિરાજ બારોટ જેવા ખેલાડીઓ અને મોટી સંખ્યામાં શૂટરો તથા રાઈફલ એસોસિએશન સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## ઐતિહાસિક કિલ્લાઓ પર નમો ટુરિસ્ટ સેન્ટર બનાવ્યા તો તોડી નાખીશું



। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) પ્રમુખ રાજ ઠાકરેએ ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેને ખુલ્લી ધમકી આપી છે. તેમણે કહ્યું કે, ઐતિહાસિક કિલ્લાઓ પર નમો ટુરિસ્ટ સેન્ટર બનાવ્યા તો તેને તોડી નાખીશું. એવા અહેવાલ હતા કે, રાજ્ય સરકારે આવા સેન્ટર માટે ૨૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ ઉપરાંત ઠાકરેએ ચૂંટણીમાં EVMના ઉપયોગ પર પણ સવાલ ઉઠાવ્યા છે. મીડિયા અહેવાલ પ્રમાણે ઠાકરેએ મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમમાં મનસે કાર્યકર્તાઓને કહ્યું કે, કેટલાક અખબારોમાં એવા અહેવાલ છપાયા છે કે રાજ્ય સરકાર આપણા છત્રપતિ શિવાજી મહારાજના કિલ્લાઓ પર નમો ટુરિસ્ટ સેન્ટર બનાવવાની યોજના બનાવી રહી છે. આ શહેરી વિકાસ વિભાગ હેઠળ થઈ રહ્યું છે, જેનું નેતૃત્વ એકનાથ શિંદે કરી રહ્યા છે. તેમને એક નમો ટુરિસ્ટ સેન્ટર બનાવવા દો અમે તેને તોડી નાખીશું. આ સામાન્ય સ્થળ નથી. આ સ્થળ મહારાષ્ટ્ર માટે પવિત્ર છે. અહેવાલ પ્રમાણે શિંદે માટે તેમણે કહ્યું કે, માત્ર મુખ્યમંત્રી બની રહેવા માટે કેટલી ચાપલૂસીની જરૂર છે? કદાચ વડાપ્રધાનને પણ અંદાજો નહીં હોય કે અહીં કેટલી ખુશામત ચાલી રહી છે. શિવસેના (UBT) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે, NCP (SP) પ્રમુખ શરદ પવાર અને MNS અધ્યક્ષ રાજ ઠાકરે સહિત મહાવિકાસ આઘાડીના શીર્ષ નેતાઓ મતદાર યાદીઓમાં કથિત ગેરરીતિઓ સામે મુંબઈમાં ૧ નવેમ્બરના રોજ યોજાનાર વિપક્ષના વિરોધ માર્ચનું નેતૃત્વ કરશે. ગુરુવારે ઉદ્ધવ ઠાકરે, રાજ ઠાકરે અને પવારે અહીં એક બેઠક કરી હતી.

## અદાલતનું માન છે કે નહીં? તમામ મુખ્ય સચિવ હાજર થાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

સુપ્રીમ કોર્ટે આજે રખડતાં શ્વાન મુદ્દે સુનાવણી કરતાં ફરી એકવાર રાજ્યોની ઝાટકણી કાઢી છે. સોલિસીટર જનરલ તુષાર મહેતાની રાજ્યોના મુખ્ય સચિવોને આ કેસમાં વર્ચ્યુઅલી હાજરી આપવાની દલીલ પર સુપ્રીમ કોર્ટ ગુસ્સે થઈ હતી અને તેણે ૩ નવેમ્બરના રોજ શારીરિક રૂપે હાજરી આપવાનો સ્પષ્ટ આદેશ જાળવી રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટની બેન્ચના જસ્ટિસ વિક્રમ નાથ અને સંદિપ મહેતાએ વર્ચ્યુઅલી હાજરીની અરજી ફગાવતાં કહ્યું હતું કે, કોર્ટના આદેશોનું કોઈ માન નથી, રાજ્યના મુખ્ય સચિવોએ શારીરિક હાજરી જ આપવી પડશે. ઉલ્લેખનીય છે, આ નિર્દેશ અગાઉ ૨૨ ઓગસ્ટે સુપ્રીમ કોર્ટે આપેલા સોગંદનામું રજૂ કરવાના આદેશનું અનુપાલન કરવામાં નિષ્ફળ રહેલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે છે. તેઓએ એનિમલ બર્થ કંટ્રોલ નિયમ હેઠળ વિસ્તૃત માપદંડોની માગણી કરતુ સોગંદનામું રજૂ કર્યું ન હતું. અગાઉ આ કેસમાં બિહાર સરકારે પણ તેમના મુખ્ય સચિવને હાજરી આપવામાંથી મુક્તિ આપવા માગ કરી હતી. રાજ્યમાં ૬ અને ૧૧ નવેમ્બરે ચૂંટણી હોવાથી બિહારે આ રાહત માગી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે તેની પણ અરજી ફગાવતાં કહ્યું કે, ત્યાં ચૂંટણી પંચ છે, તે કામગીરી સંભાળી લેશે, તમે ચિંતા ન કરશો. મુખ્ય સચિવને આવવા દો. દેશભરમાં રખડતાં શ્વાન મામલે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકાર દ્વારા સોગંદનામું દાખલ ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે ૨૭ ઓક્ટોબરના રોજ નારાજગી વ્યક્ત કરી હતી.સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આદેશ આપ્યા બાદ પણ શ્વાન કરડી જવાની અનેક ઘટનાઓ બની રહી છે, વિદેશમાં પણ દેશની છબિ ખરાબ થઈ રહી છે. તેમ છતાં રાજ્યોએ અનુપાલનનું સોગંદનામું રજૂ કર્યુ નથી. કોર્ટે રાજ્યોના મુખ્ય સચિવને આ અંગે જાણ કરી ત્રણ નવેમ્બર સુધી જવાબ આપવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટે ઓગસ્ટમાં દેશભરના રખડતાં શ્વાનને પકડી, તેમનું ખસીકરણ કરી છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો. તેના અનુપાલન માટે રાજ્ય અને કેન્દ્રશાસિત સરકારને સોગંદનામું રજૂ કરવા કહ્યું હતું.

### Moodys એ આપી ખતરનાક વોર્નિંગ

# અમેરિકાના ૨ શહેરોથી સૌથી પહેલા થશે મંદીની શરૂઆત

### ન્યુ યોર્ક અને કેલિફોર્નિયા સ્થિર યુએસ અર્થતંત્ર અને સંપૂર્ણ વિકસિત મંદી વચ્ચે અંતિમ રેખા હોઈ શકે છે





। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।

મૂડીઝ એનાલિટિક્સે (Moody's Analytics) યુએસ મંદી અંગે એક મહત્વપૂર્ણ ચેતવણી જારી કરી છે. મુખ્ય અર્થશાસ્ત્રી માર્ક ઝાંડીએ જણાવ્યું છે કે યુએસ મંદીમાં પ્રવેશ કરશે કે નહીં તે નક્કી કરવામાં ન્યૂ યોર્ક અને કેલિફોર્નિયા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફે (Trump Tariff) વૈશ્વિક વેપાર યુદ્ધને વેગ આપ્યો છે. જ્યારે ટ્રમ્પ દેશની આવક વધારવા માટે તેનો ઉપયોગ એક સાધન તરીકે કરતા દેખાયા હતા, ત્યારે તેમની પ્રતિકૂળ અસરો પણ પડી છે. ઘણા અર્થશાસ્ત્રીઓએ લાંબા સમયથી ચેતવણી આપી છે કે યુએસ મંદીની આરે છે. હવે, મૂડીઝે એક મહત્વપૂર્ણ ચેતવણી જારી કરી છે. મૂડીઝ એનાલિટિક્સે જણાવ્યું છે કે ફક્ત બે રાજ્યો જ નક્કી કરી શકે છે કે યુએસ મંદીમાં પ્રવેશ કરશે કે નહીં. મૂડીઝ એનાલિટિક્સ મુખ્ય અર્થશાસ્ત્રી માર્ક ઝાંડીના જણાવ્યા અનુસાર, ન્યુ યોર્ક અને કેલિફોર્નિયા સ્થિર યુએસ અર્થતંત્ર અને સંપૂર્ણ વિકસિત મંદી વચ્ચે અંતિમ રેખા હોઈ શકે છે. નોંધનીય છે કે ઝાંડી પોતે મહિનાઓથી ચેતવણી આપી રહ્યા છે કે યુએસ મંદી તરફ આગળ વધી રહ્યું છે. તેમનું કહેવું છે કે દેશની બે સૌથી મોટી જાહેર અર્થવ્યવસ્થાઓનું નાણાકીય સ્વાસ્થ્ય ગેમ-ચેન્જર બની શકે છે.

માર્ક ઝાંડીએ આર્થિક અવરોધોનો ઉલ્લેખ કરતા કહ્યું કે ન્યુ યોર્ક અને કેલિફોર્નિયા બંને હાલમાં તેનાથી સંઘર્ષ કરી રહ્યા છે. તેમનો વિકાસ નોંધપાત્ર અવરોધોનો સામનો કરી રહ્યો છે, પરંતુ તેઓ કેટલાક મજબૂત અવરોધોનો પણ સામનો કરી રહ્યા છે. ઝાંડીના નવા વિશ્લેષણ મુજબ, બંને પાણી પાછળ ચાલતા હોય તેવું લાગે છે, જ્યારે અન્ય રાજ્યો પહેલાથી જ સ્થાનિક મંદીમાં પ્રવેશી ચૂક્યા છે. તેમણે મુખ્ય ચિંતાઓ દર્શાવતા કહ્યું કે બંને રાજ્યો વૈશ્વિકરણ અને મુક્ત વેપાર પર ખૂબ આધાર રાખે છે. જો કે, તેઓ વધતા ટેરિફ અને કડક ઈમિગ્રેશન નીતિઓ, તેમજ ડિગ્લોબલાઈઝેશનના વ્યાપક વલણ સહિત માળખાકીય પડકારોનો સામનો કરી રહ્યા છે. બિઝનેસ ઈનસાઈડર સાથેની એક મુલાકાતમાં, ઝાંડીએ જણાવ્યું હતું કે જ્યારે બંને રાજ્યો ટ્રમ્પના ઊંચા ટેરિફ અને અત્યંત પ્રતિબંધિત ઈમિગ્રેશન નીતિ દ્વારા ઉભા થયેલા પડકારોનો સામનો કરી રહ્યા છે, ત્યારે તેઓ AI રોકાણમાં વધારો અને વધતા શેરબજારોથી પણ લાભ મેળવી રહ્યા છે, જે ઉચ્ચ આવક ધરાવતા પરિવારોમાં ગ્રાહક ખર્ચને વધારી રહ્યા છે. ઝાન્ડીના મતે, કેલિફોર્નિયાનું ટેક સેક્ટર, જે છટણી માટે સંવેદનશીલ છે, તે નોકરી બજાર માટે સંભવિત જોખમ ઊભું કરે છે. જો કે, તેમનું કહેવું છે કે આરોગ્યસંભાળ અને શિક્ષણ જેવા અન્ય ક્ષેત્રો આ ખામીને અમુક અંશે પૂરી કરી રહ્યા છે. મૂડીઝના અર્થશાસ્ત્રીઓએ ઓગસ્ટમાં જણાવ્યું હતું કે યુએસ મંદીની અણી પર હતું, અને સપ્ટેમ્બર સુધીમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હતી. હવે, બધાની નજર ન્યૂ યોર્ક અને કેલિફોર્નિયા પર છે. માર્ક ઝાન્ડી કહે છે કે જેમ ઓહિયો જાય છે, તેમ રાષ્ટ્ર પણ જાય છે. આ કહેવત હવે લાગુ ન પડે, પરંતુ આજના અર્થતંત્રમાં વાસ્તવિક ખેલાડીઓ કદાચ હાંસિયામાં છે. એ નોંધવું યોગ્ય છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પના ટેરિફ યુદ્ધની વ્યાપક અસર પડી છે. સપ્ટેમ્બરમાં છૂટક ફુગાવો ઊંચો રહ્યો, જે કેટલીક યુએસ આયાતોના ભાવમાં વધારાને કારણે હતો. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ લેબર દ્વારા જારી કરાયેલા તાજેતરના ફુગાવાના ડેટા અનુસાર, સપ્ટેમ્બરમાં ગ્રાહક ભાવમાં એક વર્ષ અગાઉની સરખામણીમાં ૩%નો વધારો થયો હતો, જે અપેક્ષા કરતાં ઓછો હતો, પરંતુ પાછલા ઓગસ્ટમાં ૨.૯%ના વધારા કરતાં વધુ હતો. માર્ક ઝાન્ડી કહે છે કે જેમ ઓહિયો જાય છે, તેમ રાષ્ટ્ર પણ જાય છે. આ કહેવત હવે લાગુ ન પડે, પરંતુ આજના અર્થતંત્રમાં વાસ્તવિક ખેલાડીઓ કદાચ હાંસિયામાં છે. એ નોંધવું યોગ્ય છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પના ટેરિફ યુદ્ધની વ્યાપક અસર પડી છે. સપ્ટેમ્બરમાં છૂટક ફુગાવો ઊંચો રહ્યો, જે કેટલીક યુએસ આયાતોના ભાવમાં વધારાને કારણે હતો. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ લેબર દ્વારા જારી કરાયેલા તાજેતરના ફુગાવાના ડેટા અનુસાર, સપ્ટેમ્બરમાં ગ્રાહક ભાવમાં એક વર્ષ અગાઉની સરખામણીમાં ૩%નો વધારો થયો હતો, જે અપેક્ષા કરતાં ઓછો હતો, પરંતુ પાછલા ઓગસ્ટમાં ૨.૯%ના વધારા કરતાં વધુ હતો. માર્ક ઝાન્ડી કહે છે કે જેમ ઓહિયો જાય છે, તેમ રાષ્ટ્ર પણ જાય છે. આ કહેવત હવે લાગુ ન પડે, પરંતુ આજના અર્થતંત્રમાં વાસ્તવિક ખેલાડીઓ કદાચ હાંસિયામાં છે. એ નોંધવું યોગ્ય છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પના ટેરિફ યુદ્ધની વ્યાપક અસર પડી છે. સપ્ટેમ્બરમાં છૂટક ફુગાવો ઊંચો રહ્યો, જે કેટલીક યુએસ આયાતોના ભાવમાં વધારાને કારણે હતો. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ લેબર દ્વારા જારી કરાયેલા તાજેતરના ફુગાવાના ડેટા અનુસાર, સપ્ટેમ્બરમાં ગ્રાહક ભાવમાં એક વર્ષ અગાઉની સરખામણીમાં ૩%નો વધારો થયો હતો, જે અપેક્ષા કરતાં ઓછો હતો, પરંતુ પાછલા ઓગસ્ટમાં ૨.૯%ના વધારા કરતાં વધુ હતો.

### પ્રથમ તબક્કાના મતદાનના ૬ દિવસ પહેલા હત્યા

## મોકામામાં જનસુરાજ પાર્ટીના સમર્થક દુલારચંદ યાદવની હત્યાથી ખળભળાટ

। (એજન્સી) પટના, તા.૧ ।

પ્રથમ તબક્કાના મતદાનના ૬ દિવસ પહેલાં, મોકામામાં જનસુરાજ પાર્ટીના સમર્થક દુલારચંદ યાદવની હત્યાથી રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. હત્યાના આરોપો મોકામાના બાહુબલી ધારાસભ્ય અનંત સિંહના સમર્થકો પર લાગ્યા છે. દુલારચંદ યાદવ મોકામાથી જનસુરાજ પાર્ટીના ઉમેદવાર પીયૂષ પ્રિયદર્શી ઉર્ફે લલ્લુ મુખિયા માટે પ્રચાર કરી રહ્યા હતા અને અનંત સિંહ વિરુદ્ધ નિવેદનબાજી કરતા હતા. લાલુ યાદવના નિકટના રહેલા દુલારચંદનો રાજકીય પ્રભાવ તેમના ગુનાહિત ઈતિહાસને કારણે પણ હતો, જેમની ટાલ વિસ્તારમાં મજબૂત પકડ હતી. ૨૦૧૯માં પટના પોલીસે તેમની કુખ્યાત બદમાશ તરીકે ધરપકડ કરી હતી. દુલારચંદ યાદવની હત્યા તેમના જન્મસ્થળ તારતર ગામમાં થઈ, જોકે તેઓ હાલમાં બાઢમાં રહેતા હતા. પટના જિલ્લાના ઘોષબરી અને બાઢ પોલીસ સ્ટેશનોમાં તેમની સામે અનેક કેસ નોંધાયેલા હતા અને તેમને પહેલવાનીનો પણ શોખ હતો. યાદવ એક સમયે ટાલ વિસ્તારના સૌથી ચર્ચિત વ્યક્તિ હતા અને ૮૦-૯૦ના દાયકામાં તેમનું નામ વિસ્તારના પ્રભાવશાળી લોકોમાં ગણાતું હતું. ૯૦ના દાયકામાં તેઓ લાલુ પ્રસાદ યાદવના સંપર્કમાં આવ્યા અને મોકામા વિધાનસભાની ચૂંટણી લડ્યા, પરંતુ હારી ગયા. તેઓ ઘણા પક્ષો અને નેતાઓ સાથે સક્રિય રહ્યા હતા. તેમના બાહુબલી અનંત સિંહ સાથે પહેલા સારા સંબંધો હતા. જોકે, આ જ વર્ષે તેઓ અનંત સિંહને છોડીને પીયૂષ પ્રિયદર્શીની સાથે જતા રહ્યા હતા અને લાંબા સમયથી સોશિયલ મીડિયા પર અનંત સિંહ વિરુદ્ધ બોલતા હતા, જેના કારણે બંને વચ્ચે તણાવ વધ્યો હતો. દુલારચંદ યાદવ (જે ધાનુક સમાજના લલ્લુ મુખિયા ઉર્ફે પીયૂષ પ્રિયદર્શી માટે પ્રચાર કરી રહ્યા હતા) પર ગુરુવારે મોકામામાં લાકડીઓ/ડંડાઓથી હુમલો થયો અને ત્યારબાદ તેમને ગોળી મારવામાં આવી.

### અનામતમાં વૃદ્ધિ, મહિલાઓને દર મહિને રૂ.૨૫૦૦

# બિહાર માટે એનડીએનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરાયો

### ૧૨૫ યુનિટ મફત વીજળી, રૂ. ૫ લાખ સુધીની મફત તબીબી સારવાર, ૫ મિલિયન નવા પાકા મકાનોની જાહેરાત

। (એજન્સી) પટના, તા.૧ ।

બિહાર વિધાનસભા ચૂંટણીનો પ્રચાર તેજ થઈ ગયો છે. આ ધમાલ વચ્ચે NDA શુક્રવારે (૩૧ ઓક્ટોબર) પોતાનો મેનિફેસ્ટો બહાર પાડી રહ્યું છે. મેનિફેસ્ટો જાહેર કરવાના કાર્યક્રમમાં ગઠબંધનના તમામ વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. દ્ગઢછ મેનિફેસ્ટોમાં રૂ. ૫૦ લાખ કરોડના રોકાણ આકર્ષવાનો ઉદ્દેશ છે. તેમાં "ગરીબો માટે પંચામૃત ગેરંટી" ની પણ જાહેરાત કરવામાં આવી છે, જેમાં ૧૨૫ યુનિટ મફત વીજળી, રૂ. ૫ લાખ સુધીની મફત તબીબી સારવાર, ૫ મિલિયન નવા પાકા મકાનો અને સામાજિક સુરક્ષા પેન્શનનો સમાવેશ થાય છે. શિક્ષણ ક્ષેત્રે, કિન્ડરગાર્ટનથી અનુસ્નાતક સ્તર સુધી મફત ગુણવત્તાયુક્ત શિક્ષણ, મધ્યાહન ભોજન સાથે પૌષ્ટિક નાસ્તો અને શાળાઓમાં આધુનિક સ્કિલ લૅબનું વચન આપવામાં આવ્યું છે. કૃષિને પ્રોત્સાહન આપવા માટે, "મેડ ઈન બિહાર ફોર ધ વર્લ્ડ" પહેલ કૃષિ નિકાસને બમણી કરવા, પાંચ મેગા ફૂડ પાર્ક સ્થાપિત કરવા, ૨૦૩૦ સુધીમાં કઠોળ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા અને બિહારને મખાણા, માછલી અને અન્ય ઉત્પાદનો માટે વૈશ્વિક નિકાસ કેન્દ્ર તરીકે વિકસાવવાનું વચન આપે છે. ૧ કરોડથી વધુ સરકારી નોકરીઓ અને રોજગારની તકો પૂરી પાડશે, કૌશલ્ય આધારિત રોજગાર પૂરો પાડવા માટે કૌશલ્ય વસ્તી ગણતરી હાથ ધરાશે અને દરેક જિલ્લામાં મેગા સ્કિલિંગ સેન્ટરના રૂપે સ્થાપિત કરશે. મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના હેઠળ મહિલાઓને ૨ લાખ રૂપિયા સુધીની સહાય પૂરી પાડશે. ૧ કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવશે અને 'મિશન કરોડપતિ' દ્વારા ગણતરીની મહિલા ઉદ્યોગસાહસિકોને કરોડપતિ બનાવવા માટે કામ કરશે. અતિ પછાત વર્ગોના વિવિધ વ્યાવસાયિક જૂથોને ૧૦ લાખની સહાય પૂરી પાડવામાં આવશે. જેમાં તાંતી, તતમા, નિષાદ, મલ્લાહ, કેવટ, ગંગોટા, બિંદ, નોનિયા, તેલી, તમોલી, સુથાર, ધાનુક, કુંભાર, વાળંદ, કારીગર, થાથેરા, માલી, ચંદ્રવંશી, હલવાઈ, કાનુ, ડાંગી, તુર્હા, અમત, કેવર્ત, રાજવંશી અને ગડેરિયાનો સમાવેશ થાય છે. અતિ પછાત વર્ગોમાં વિવિધ જાતિઓની સામાજિક અને આર્થિક સ્થિતિનું મૂલ્યાંકન કરવા અને તેમના સશક્તિકરણ માટે યોગ્ય પગલાં લેવાની ભલામણ કરવા માટે નિવૃત્ત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના પણ કરવામાં આવશે. કરપૂરી ઠાકુર કિસાન સન્માન નિધિ શરૂ કરશે, જે ખેડૂતોને દર વર્ષે રૂ. ૩,૦૦૦, કુલ રૂ. ૯,૦૦૦ પ્રદાન કરશે, કૃષિ-માળખાકીય સુવિધાઓમાં રૂ. ૧ લાખ કરોડનું રોકાણ કરશે અને પંચાયત સ્તરે તમામ મુખ્ય પાક (ડાંગર, ઘઉં, કઠોળ અને મકાઈ) MSP પર ખરીદશે.જુબ્બા સાહની મત્સ્યઉદ્યોગ સહાય યોજના શરૂ કરવામાં આવશે, જેમાં દરેક મત્સ્યઉદ્યોગ ખેડૂતને રૂ. ૪૫૦૦ આપવામાં આવશે, જે કુલ રૂ. ૯૦૦૦ થશે.

## ડોનાલ્ડ ટ્રમ્પના ન્યુક્લિયર ટેસ્ટના આદેશ બાદ રશિયાનું અલ્ટિમેટમ

। (એજન્સી) મોસ્કો, તા.૧ ।

અમેરિકા અને રશિયા વચ્ચેનો તણાવ સતત વધી રહ્યો છે. તાજેતરમાં ડોનાલ્ડ ટ્રમ્પે સંરક્ષણ મંત્રાલયને પરમાણુ હથિયારોના પરીક્ષણનો આદેશ આપ્યો હતો, જેના પગલે રશિયાએ પ્રતિક્રિયા આપી છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે સ્પષ્ટ કર્યું કે રશિયા અમેરિકાના પગલાંના આધારે જ પોતાનો આગળનો નિર્ણય લેશે. પેસ્કોવે વધુમાં જણાવ્યું કે, ટ્રમ્પે પોતાના નિવેદનમાં કથિત રીતે કેટલાક દેશો પરમાણુ હથિયારોનું પરીક્ષણ કરી રહ્યા હોવાનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ હાલમાં તેમને કોઈ પરીક્ષણની જાણ નથી. તેમણે સ્પષ્ટતા કરી કે જો આનો અર્થ બ્યુરવેસ્ટિનક (Burevestnik)ના પરીક્ષણ સાથે હોય તો પણ તે કોઈપણ રીતે પરમાણુ પરીક્ષણ નથી. રશિયાએ સ્પષ્ટતા કરી કે, દરેક દેશ પોતપોતાની સંરક્ષણ પ્રણાલીઓ વિકસાવી રહ્યા છે, પણ આ પરમાણુ પરીક્ષણ નથી. ભલે અમેરિકા એક સાર્વભૌમ દેશ છે અને તેને પોતાના નિર્ણયો લેવાનો પૂરો અધિકાર છે, છતાં પણ હું રાષ્ટ્રપતિ પુતિનનું નિવેદન યાદ કરાવવા માંગીશ. આ નિવેદન ઘણી વખત પુનરાવર્તિત થયું છે કે જો અમેરિકા પરમાણુ પરીક્ષણ પરનો પ્રતિબંધ હટાવશે, તો રશિયા પરિસ્થિતિ અનુસાર કાર્યવાહી કરશે.

### ફાયદો ભારતને થતો હોવાનું દર્શાવવામાં આવ્યું

# H1B વિઝાના દુરુપયોગની જાહેરાતમાં અમેરિકાએ ભારતને હાઈલાઈટ કર્યું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।

ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનના લેબર ડિપાર્ટમેન્ટે સોશિયલ મીડિયા પર નવી જાહેરાત જાહેર કરી છે, જેમાં કંપનીઓ પર H-1B વિઝા પ્રોગ્રામનો દુરુપયોગ કરવાનો અને યુવા અમેરિકન કર્મચારીઓની જગ્યાએ વિદેશી કર્મચારીઓને મૂકવાનો આરોપ છે. આ વિઝા સિસ્ટમનો સીધો મોટો ફાયદો ભારતને થતો હોવાનું દર્શાવવામાં આવ્યું છે. ડિપાર્ટમેન્ટે સોશિયલ મીડિયા પોસ્ટમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, H-1B વિઝાના વ્યાપક દુરુપયોગને કારણે તેમની નોકરીઓ વિદેશી કામદારોને મળતા, યુવા અમેરિકનો પાસેથી તેમનું અમેરિકન ડ્રીમ છીનવાઈ ગયું છે. પોસ્ટમાં આગળ કહેવામાં આવ્યું છે કે, અમેરિકન પ્રમુખ ટ્રમ્પ અને સેક્રેટરી લોરી શાવેઝ-ડેરેમરની આગેવાની હેઠળ, અમે કંપનીઓને તેમના ખોટા કાર્યો માટે જવાબદાર ઠેરવી રહ્યા છીએ અને અમેરિકન લોકો માટે અમેરિકન ડ્રીમ પાછું લાવી રહ્યા છીએ. લેબર ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રોજેક્ટ ફાયરવોલ નામની પહેલના લોન્ચ સાથે આ ઝુંબેશની શરૂઆત થઈ છે. આ પ્રોગ્રામ સપ્ટેમ્બર ૨૦૨૫માં H-1B વિઝા કમ્પ્લાયન્સનું ઓડિટ કરવા માટે શરૂ કરવામાં આવ્યો હતો, જેનો મુખ્ય હેતુ કંપનીઓને ટેક અને એન્જિનિયરિંગની નોકરીઓમાં અમેરિકન કામદારોની જગ્યાએ ઓછા પગારવાળા વિદેશી પ્રોફેશનલ્સને રાખતા અટકાવવાનો છે. સોશિયલ મીડિયા પોસ્ટ સાથેનો ૫૧-સેકન્ડનો વીડિયો ૧૯૫૦ના દાયકાના અમેરિકન ડ્રીમના ફૂટેજ દર્શાવે છે, જેમાં ઉપનગરીય ઘરો, ફેક્ટરી ફ્લોર અને ખુશહાલ પરિવારો બતાવવામાં આવ્યા છે. આ દ્રશ્યોની સરખામણી આજના કડક આંકડાઓ સાથે કરવામાં આવી છે. વળી, આ વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે 72% H-1B વિઝાની મંજૂરી ભારતીયોને મળે છે અને યુ.એસ.માં હાયરિંગને પ્રાથમિકતા આપવા માટે તે ટ્રમ્પ અને લેબર સેક્રેટરી લોરી શાવેઝ-ડેરેમરને શ્રેય આપે છે. આ અંગે નેરેટર કહે છે કે, ઘણી પેઢીઓથી, અમે અમેરિકનોને કહ્યું છે કે જો તેઓ પૂરતી મહેનત કરશે, તો તેઓ અમેરિકન ડ્રીમ હાંસલ કરી શકે છે. પરંતુ ઘણા યુવા અમેરિકનો પાસેથી આ સપનું છીનવાઈ ગયું છે, તેમની નોકરીઓ વિદેશી કામદારોએ લઈ લીધી, કારણ કે નેતાઓ અને અધિકારીઓએ કંપનીઓને H-1B વિઝાનો દુરુપયોગ કરવા દીધો. પરંતુ હવે ટ્રમ્પ યુવા અમેરિકનો માટે એક નવી તક આપી રહ્યા છે. અમેરિકન પ્રશાસન દ્વારા રજૂ કરાયેલી આ નવી જાહેરાત સૂચવે છે કે ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળમાં તેમના અમેરિકા ફર્સ્ટ જોબ્સ એજન્ડાને ફરીથી શરૂ કરાશે, જે સ્થાનિક હાયરિંગ, વિઝા ઓડિટ અને શ્રમ બજાર રાષ્ટ્રવાદ (લેબર માર્કેટ નેશનાલિઝમ) પર પુનઃધ્યાન કેન્દ્રિત કરશે.

# રવિવારે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ફાઈનલ જંગ

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

આશરે એક મહિના સુધી ચાલેલા રોમાંચક મુકાબલા અને કેટલાક ચોંકાવનારા પરિણામ બાદ આખરે આઈસીસી મહિલા વિશ્વકપ ૨૦૨૫ની ફાઈનલિસ્ટનો નિર્ણય થઈ ગયો છે. રવિવાર ૨ નવેમ્બરે નવી મુંબઈના ડીવાઈ પાટિલ સ્ટેડિયમમાં રમાનાર ફાઈનલમાં ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ટાઈટલ માટે જંગ થશે. ટીમ ઈન્ડિયાએ બીજી સેમીફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ઐતિહાસિક અને વર્લ્ડ રેકોર્ડ જીત સાથે ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે. આ સાથે તે નક્કી થઈ ગયું કે ૨૫ વર્ષ બાદ મહિલા ક્રિકેટને નવો ચેમ્પિયન મળશે. વર્લ્ડ કપ ૩૦ સપ્ટેમ્બરના રોજ ગુવાહાટીમાં ભારત અને શ્રીલંકા વચ્ચેની મેચથી શરૂ થયો હતો. ટૂર્નામેન્ટની બીજી સેમિફાઈનલ ૩૦ ઓક્ટોબરના રોજ ડીવાય પાટિલ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા ૩૩૮ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જોકે, જેમીમાહ રોડ્રિગ્સની રેકોર્ડબ્રેક સદી અને કેપ્ટન હરમનપ્રીત કૌરની યાદગાર ઈનિંગ્સના કારણે, ટીમ ઈન્ડિયા પાંચ વિકેટથી મેચ જીતીને ફાઈનલમાં પહોંચી ગઈ હતી. ટીમ ઈન્ડિયા રવિવારે દક્ષિણ આફ્રિકાનો સામનો કરશે, જેણે પ્રથમ સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવ્યું હતું. ટીમ ઈન્ડિયા ત્રીજીવાર વિશ્વકપની ફાઈનલમાં પહોંચી છે. આ પહેલા ભારત ૨૦૦૫ અને ૨૦૧૭મા ફાઈનલમાં પહોંચ્યું હતું. આ બંને વખતે ટીમ ઈન્ડિયાએ હારનો સામનો કરવો પડ્યો હતો. ૨૦૦૫મા ભારતને ઓસ્ટ્રેલિયાએ તો ૨૦૧૭મા ઈંગ્લેન્ડે હરાવ્યું હતું. તો સાઉથ આફ્રિકાની ટીમ પ્રથમવાર મહિલા વિશ્વકપના ફાઈનલમાં પહોંચી છે. આ પહેલા ૨૦૧૭ અને ૨૦૨૨ના વિશ્વકપની સેમીફાઈનલમાં આફ્રિકાએ હારનો સામનો કરવો પડ્યો હતો. આ વર્ષની ફાઈનલ એટલા માટે પણ ખાસ છે કારણ કે મહિલા ક્રિકેટને એક નવો ચેમ્પિયન મળવાનો છે. ૨૫ વર્ષની લાંબી રાહ જોયા પછી, મહિલા વર્લ્ડ કપ ફાઈનલમાં એક નવો ચેમ્પિયન નક્કી થશે. પાછલો વર્લ્ડ કપ ૨૦૦૦ માં હતો, જ્યારે ન્યૂઝીલેન્ડે ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને પ્રથમ અને એકમાત્ર વખત ટાઈટલ જીત્યું હતું. તે પહેલાં, અને ત્યારથી, ફક્ત ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ જ બધા ટાઈટલ જીતી શક્યા છે. આમ, વિશ્વ ક્રિકેટને તેની ચોથી ચેમ્પિયન ટીમ મળવાની છે. ભારત અને આફ્રિકા વચ્ચે સીનિયર ક્રિકેટમાં આ માત્ર બીજી ફાઈનલ છે. પાછલી ફાઈનલ ભારત અને આફ્રિકા વચ્ચે ૨૦૨૪મા પુરૂષ ટી૨૦ વિશ્વકપ દરમિયાન રમાઈ હતી. જ્યાં ભારતે ટાઈટલ જીત્યું હતું. જ્યાં સુધી મહિલા ક્રિકેટની વાત છે તો અન્ડર-૧૯ ટી૨૦ વિશ્વકપમાં ભારત અને આફ્રિકા વચ્ચે આ વર્ષે ટક્કર થઈ હતી, જેમાં ભારતે જીત મેળવી હતી. તેવામાં આશરે દોઢ વર્ષમાં ભારત-આફ્રિકા વચ્ચે આ ત્રીજી ફાઈનલ રમાશે. જ્યાં સુધી આ વિશ્વકપનો સવાલ છે તો લીગ રાઉન્ડમાં બંને ટીમ આમને-સામને હતી, જ્યાં આફ્રિકાએ રોમાંચક જીત મેળવી હતી.

## તંત્રી લેખ...

# ભારતના કારણે જ તમને પગાર મળી રહ્યો છે

ભારતના પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કર ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટરો પર બરાબરના ભડક્યા છે. ઈંગ્લેન્ડના વર્તમાન અને પૂર્વ ક્રિકેટરોને એ વાતથી વાંધો છે કે, ભારત ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની પોતાની તમામ મેચ એક જ વેન્યૂ દુબઈમાં રમી રહી છે. ભારતીય ટીમ પર આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે, તેને ICC ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટ દરમિયાન બિનજરૂરી રીતે ફાયદો પહોંચાડવામાં આવી રહ્યો છે. સુનીલ ગાવસ્કરના મતે જે લોકો ભારત વિશે ફરિયાદ કરતા રહે છે તેમણે ટુર્નામેન્ટમાં પોતાના દેશની સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, કારણ કે ભારતના કારણે જ તમને પગાર મળી રહ્યો છે. સુનીલ ગાવસ્કર ઈંગ્લેન્ડના વર્તમાન અને પૂર્વ ક્રિકેટરો જેમ કે નાસીર હુસૈન, માઈકલ એથર્ટન વગેરે પર બરાબરના ભડક્યા છે. સુનીલ ગાવસ્કરે કહ્યું કે, જે ક્રિકેટ પંડિતો ભારત વિશે ફરિયાદ કરતા રહે છે તેમણે ટુર્નામેન્ટમાં પોતાના દેશની પ્રગતિ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, કારણ કે ભારતીય ક્રિકેટ તેમને પગાર પણ આપી રહ્યું છે. એક પોડકાસ્ટ પર વાત કરતા નાસીર હુસૈન અને માઈકલ આથર્ટને કહ્યું હતું કે, ICC ચેમ્પિયન્સ ટ્રોફી ટુર્નામેન્ટમાં ભારતનો વધુ ફાયદો છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમી રહેલા દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન રાસી વૈન ડેર ડુસેને પણ કહ્યું હતું કે, ભારતને અન્ય સાત ટીમોથી વિપરીત મુસાફરી કરવાની કે હોટલ બદલવાની જરૂર ન પડી, જે પોતાની કેટલીક મેચ પાકિસ્તાનમાં રમી રહી હતી અને રોહિત શર્મા એન્ડ કંપની પર આનો ફાયદો ઉઠાવવાનું દબાણ હશે. હવે સુનીલ ગાવસ્કરે કહ્યું કે, આ અંગે ટિપ્પણી કરવી પણ યોગ્ય નથી. આનાથી કોઈ ફાયદો નહીં થાય, કારણ કે પિચ ભારતના નિયંત્રણમાં નથી અને રમતમાં મુસાફરી સામાન્ય છે. સુનીલ ગાવસ્કરે કહ્યું કે, હકીકતમાં આવું નથી. ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર્સ હંમેશા રડતા રહે છે. તેઓ સમજી નથી શકતા કે, ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારત ક્યાં ઊભુ છે. ક્વોલિટી, પગાર, ટેલેન્ટ અને સૌથી જરૂરી વાત રેવેન્યૂ ઉત્પન્ન કરવામાં. ટીવી રાઈટ્સ અને મીડિયા રેવેન્યૂ દ્વારા વર્લ્ડ ક્રિકેટ-માં ભારતનું યોગદાન મોટો રોલ નિભાવે છે. તેમણે એ સમજવાની જરૂરી છે કે, તેમનો પગાર પણ તેમાંથી જ આવે છે જે ભારત ક્રિકેટની દુનિયામાં લાવે છે.

# તંદુરસ્ત અને સ્વસ્થ ભારત તરફ: સામૂહિક કાર્યવાહીના માધ્યમથી મેદસ્વીપણા સામે લડવું

### "આપણી ખોરાકની ટેવોમાં નાના ફેરફારો કરીને આપણે આપણા ભવિષ્યને મજબૂત, તંદુરસ્ત અને રોગમુક્ત બનાવી શકીએ છીએ.": પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

મેદસ્વીપણું એ ભારતમાં જાહેર આરોગ્ય સામેનો મોટો પડકાર બની ગયો છે. જે તમામ વયજૂથના લોકોને અસર કરે છે અને ડાયાબિટીસ, હૃદયરોગ અને હાયપરટેન્શન જેવા બિનચેપી રોગો (NCD)નું જોખમ વધારે છે. બિનઆરોગ્યપ્રદ આહાર, બેઠાડુ જીવનશૈલી અને પર્યાવરણીય પરિબળોથી પ્રેરિત, મેદસ્વીપણું ચિંતાજનક દરે વધી રહ્યું છે. જે શહેરી અને ગ્રામીણ એમ બંને વસ્તીને અસર કરે છે. પ્રોસેસ્ડ ફૂડ તરફના બદલાવ, શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો અને જીવનશૈલીમાં ફેરફારોએ આ વધતા જતા સંકટમાં વધુ યોગદાન આપ્યું છે. આ મુદ્દાની તાકીદને સમજીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં 'મન કી બાત' સંબોધનમાં સ્થૂળતા ઘટાડવા માટે રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અને સામૂહિક કામગીરી માટે ભાર મૂક્યો હતો. ખાસ કરીને ખાદ્યતેલના ઓછા વપરાશ મારફતે. તેમણે જાગૃતિ ચળવળનું નેતૃત્વ કરવા માટે ભારતભરના અગ્રણી વ્યક્તિઓને નામાંકિત કર્યા. સામૂહિક કાર્યવાહી માટેની આ હાકલ વ્યક્તિગત અને સામુદાયિક એમ બંને સ્તરે મેદસ્વીપણાને પહોંચી વળવાનાં મહત્ત્વ પર ભાર મૂકે છે. જે ફિટ અને તંદુરસ્ત ભારતની જરૂરિયાતને વધારે મજબૂત કરે છે. ભારત સરકારે તંદુરસ્ત જીવનશૈલી, શ્રેષ્ઠ પોષણ અને શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ, એનપી-એનસીડી, પોષણ અભિયાન, ઈટ રાઈટ ઈન્ડિયા અને ખેલો ઈન્ડિયા સહિત કેટલીક પહેલો શરૂ કરી છે. આ કાર્યક્રમોનો ઉદ્દેશ લાંબા ગાળાના વર્તણૂકીય પરિવર્તનને પ્રોત્સાહિત કરવાનો છે. જે તમામ માટે તંદુરસ્ત ભવિષ્યને સુનિશ્ચિત કરે છે. જેમ જેમ ભારત અમૃત કાલ તરફ આગળ વધી રહ્યું છે, તેમ તેમ નીતિગત સુધારાઓ, સામુદાયિક જોડાણ અને નિયમનકારી પગલાંઓ દ્વારા સ્થૂળતાને પહોંચી વળવા માટે એક સંપૂર્ણ સરકારી અને સમગ્ર સમાજનો અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે. જાહેર આરોગ્ય તંત્રને મજબૂત બનાવવું, કાયમી આહારની ટેવોને પ્રોત્સાહન આપવું અને જાગૃતિમાં વધારો કરવો એ આ વલણને ઉલટાવી દેવા અને મેદસ્વીપણાને લગતા આરોગ્ય જોખમોથી ભાવિ પેઢીઓને રક્ષણ આપવા માટેની ચાવીરૂપ બાબત છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના જણાવ્યા અનુસાર મેદસ્વી પણાને અસામાન્ય અથવા વધુ પડતી ચરબીનો સંચય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જે આરોગ્ય માટે જોખમ રજૂ કરે છે. સ્થૂળતાને વર્ગીકૃત કરવા માટે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતું મેટ્રિક બોડી માસ ઈન્ડેક્સ (BMI) છે. જ્યાં ૨૫ કે તેથી વધુના બીએમઆઈને વધુ વજનવાળા ગણવામાં આવે છે અને ૩૦ કે તેથી વધુના બીએમઆઈને મેદસ્વી તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. ભારતમાં, જો કોઈ વ્યક્તિનો બોડી માસ ઈન્ડેક્સ (BMI) ૨૩.૦ થી ૨૪.૯ કિગ્રા/મીટરની વચ્ચે હોય, તો તેને વધુ વજનવાળા અને જો તેનો BMI 25 $kg/m^2$ અથવા તેથી વધુ હોય તો તે મેદસ્વી ગણાય છે. જ્યારે કોઈ વ્યક્તિનો BMI ૩૫ કે તેથી વધુ હોય ત્યારે મોર્બિડ મેદસ્વિતા આવે છે. બોડી માસ ઈન્ડેક્સ (BMI) જે અગાઉ ક્વેટલેટ ઈન્ડેક્સ તરીકે ઓળખાતો હતો. તે પુખ્ત વયના લોકોનું વજન તંદુરસ્ત છે કે કેમ તે ચકાસવાનો એક સરળ માર્ગ છે. તે વ્યક્તિના વજનને કિલોગ્રામમાં તેની ઊંચાઈથી મીટર વર્ગ ($kg/m^2$)માં વિભાજિત કરીને ગણવામાં આવે છે. બીએમઆઈ શોધવા માટે વ્યક્તિનું વજન (કિગ્રા) લો અને તેને તેની ઊંચાઈ (મી)ના વર્ગ વડે વિભાજિત કરો. વિશ્વભરમાં પુખ્ત વયના લોકો અને બાળકો બંનેમાં વધુ વજન અને મેદસ્વીપણાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ૧૯૯૦ અને ૨૦૨૨ની વચ્ચે સ્થૂળતા ધરાવતા બાળકો અને કિશોરો (૫-૧૯ વર્ષની વયના) ની ટકાવારી ચાર ગણી વધીને ૨% થી ૮% થઈ ગઈ છે.

**વશિષ્ઠ ઋષિ એ ઘણા બધા ગ્રંથોની રચના કરી છે, તેમાં વસિષ્ઠ સ્મૃતિ નામનો ગ્રંથ ઉત્તમ કહેવાય છે, અને તેના ૨૧ અધ્યાય બતાવાયા છે**

# પ્રભુ શ્રીરામ નાં જન્મ માટે જવાબદાર એવા વશિષ્ઠ ઋષિ કે જે જન્મથી જ વિશિષ્ટ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**વેદ વેદાંતમાં પારંગત, તત્વજ્ઞાન તપસ્વી પ્રખર ધનુર વિદ્યાના જાણકાર, ઉત્સાહી, કર્મકાંડી, અને ઉત્તમ વક્તા, અને ઉત્તમ લેખક, એવાં ઋષિ વશિષ્ઠ નો આશ્રમ હિમાલયના એક શિખર પર હતો, અને તેથી એ શિખર હજી પણ વશિષ્ઠ શિખર તરીકે ઓળખાય છે, વશિષ્ઠ ઋષિના લગ્ન કદર્મ ઋષિની પુત્રી અરુંધતી સાથે થયા હતા, વશિષ્ઠ ઋષિ એ ઘણા બધા ગ્રંથોની રચના કરી છે, તેમાં વસિષ્ઠ સ્મૃતિ નામનો ગ્રંથ ઉત્તમ કહેવાય છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શિવરાત્રી જતાં ઉનાળો શરૂ થયો અને દિવસ મોટો થતાં આપણે ત્યાં હોળી પછી હરિ કથાની સપ્તાહનું આયોજન કરવામાં આવે છે. તો આ શાસ્ત્રોની રચના કરનાર ઋષિઓ વિષે હવે ચરિત્રની ઓળખમાં જોઈશું. સતયુગ ત્રેતા, દ્વાપર અને કળિયુગ એમ દરેક યુગમાં જે તે સમયનાં માનવીની માનસિકતા જુદી જુદી આપણને જોવા મળે, પરંતુ કાળ પ્રમાણે તે હોય. એટલે કે સતયુગમાં સત્ય નિષ્ઠ અને નીતિ પ્રમાણિકતા વાળા માનવીઓની સંખ્યા વધુ હોવી ઘટે. ત્રેતાયુગમાં તપસ્વી ઓની સંખ્યા વધુ હોય, કારણ કે સત્વ ગુણની પ્રધાનતા વિશે ત્યારનાં માનવી જાગૃત હશે, દ્વાપરમાં મિશ્ર પ્રતિભા સંપન્ન લોકો રહ્યા હોઈ શકે, એટલે કે સત્વ રજો બંને ગુણની યુતિ વાળા માનવી. જ્યારે કળિયુગમાં સત્વગુણ ગણ્યાગાંઠ્યામાં જોવાં મળે! આનાં પરથી એમ કહી શકાય કે યુગનું નામકરણ તે સમયના માનવીય ગુણો પર આધારિત હતું! આજે સમાજમાં સત્વ કે સત્ય ને નામે દેખાડો વધુ થાય છે! પરંતુ સત્વ ગુણ કેળવવો અશક્ય કે અઘરું નથી. આપણા વૈદિક શાસ્ત્રો અનુસાર જીવન જીવાય તો જીવનને પૂર્ણતા સુધી લઈ જઈ શકાય, અને છેક સુધી સ્થિર માનસ ધરાવીને જીવી શકાય, માટે સદગુરુ આવું ચિંતન કરાવી રહ્યા છે. આપણા વૈદિક શાસ્ત્રોની રચના ઘણાં બધાં મહાન ઋષિઓ એ કરી છે, ઋષિ પરંપરા એ ભારતીય સંસ્કૃતિનું આભૂષણ છે. ઋષિ અને સન્યાસીમાં બહુ અંતર છે, ઋષિ સામાન્ય માનવીની જેમ જ સંસારી હોવા છતાં લોકકલ્યાણ માટે ઉપવનમાં રહી તપ કરીને બ્રહ્મ વિદ્યા તેમજ બીજી જીવન જીવવા જરુરી વિદ્યા પ્રાપ્ત કરતાં હતાં, અને પછી આ વિદ્યા સમાજના જુદા જુદા વર્ગ અને કુળ અનુસાર તેમના બાળકને આ વિદ્યાની શિક્ષા આપી તેમને ગુણવાન તેમજ વિદ્યાવાન બનાવતા. ત્રેતાયુગમાં તો કેટલા બધા ઋષિ થઈ ગયા આજે આપણે ભગવાન શ્રી રામના જન્મના મુખ્ય સૂત્રધાર એવા ગુરુ વશિષ્ટ પર ચિંતનમાં વાત કરીશું. આમ તો તેના નામ એટલે કે વશિષ્ઠ જ તેનામાં વિશિષ્ટ ગુણ હોવાની આપણને પ્રતીતિ થાય છે,



જે આપણે આગળ જોઈશું. સર્વપ્રથમ તો રાજા દશરથનાં કુલગુરુ,અને ભગવાન શ્રી રામના ગુરુ તરીકે આપણે સૌ વશિષ્ઠ ઋષિને ઓળખીયે છીએ. વશિષ્ઠ બ્રહ્માના દસ માનસ પુત્ર માના એક છે, અને ભગવાન મનુ પણ આ વાત સાથે સંમત છે. પરંતુ સવાયંભુવ મન્વંતરમાં તેમના જન્મનો ઉલ્લેખ જોવા મળે છે. વશિષ્ઠ ઋષિ વરુણદેવ તથા મિત્રા ના સંતાન તરીકે વર્ણવાયા છે. પરંતુ એકવાર દેવોના એક સમારંભમાં વરુણદેવ અને મિત્રા પહોંચ્યાં, ત્યાં આગળ ઉર્વશી નામની અપ્સરાને જોઈ ને વરુણ દેવ મોહગ્રસ્ત થયાં, અને તેમનું તેજ સ્ખલિત થયું, અને આ તેજ અડધું કુંભમાં પડયું, અને અડધું વસુ એટલે કે પાણીમાંથી પડ્યું. આ પાણીમાંથી એમનો ઉદ્ભવ થયો હોવાથી એનું નામ વશિષ્ઠ અને કુંભમાંથી જેનો ઉદ્ભવ થયો તેનું નામ અગસ્ત્ય એટલે કે કુંભજ ઋષિ. વશિષ્ઠ ઉદ્ભવ પામી તરત જ ઉપવનમાં તપ માટે જતાં રહ્યાં હતાં. વેદ વેદાંતમાં પારંગત, તત્વજ્ઞાન તપસ્વી પ્રખર ધનુર વિદ્યાના જાણકાર, ઉત્સાહી, કર્મકાંડી, અને ઉત્તમ વક્તા, અને ઉત્તમ લેખક, એવાં ઋષિ વશિષ્ઠ નો આશ્રમ હિમાલયના એક શિખર પર હતો, અને તેથી એ શિખર હજી પણ વશિષ્ઠ શિખર તરીકે ઓળખાય છે. વશિષ્ઠ ઋષિના લગ્ન કદર્મ ઋષિની પુત્રી અરુંધતી સાથે થયા હતા, અને વશિષ્ઠ ઋષિને ઉર્જા નામની બીજી પત્ની પણ હતી. વશિષ્ઠ ઋષિ એ પોતાની પત્ની અરુંધતી ને કેળવણી આપી જ્ઞાની બનાવી હતી, અને ત્યારબાદ અરુંધતી એ વેદ પર ભાષ્ય લખ્યું હતું. અરુંધતી શક્તિ જેવા સો પુત્રોની માતાનો ઉલ્લેખ બતાવાયો છે. પણ વશિષ્ઠ ઋષિના દસ પુત્રો બતાવ્યા છે. આ ઉપરાંત કામધેનું ગાયની પુત્રી નંદિની પણ વશિષ્ઠ ઋષિના આશ્રમનું એક નજરાણું હતી, જે અતીથિનો એની ઈચ્છા અનુસાર સત્કાર કરવા માટે જાણીતી હતી. વિશ્વામિત્ર પણ નંદિનીને જોઈને તેને મેળવવા માટે લાલાયિત થયા હતાં, પરંતુ બ્રહ્મદેવ જેવા ઋષિનું બ્રહ્મજ્ઞાન જોઈ અને તેમણે પોતાનું ક્ષાત્રત્વ ત્યજી દીધું હતું, અને ત્યારબાદ તેમણે પણ ઋષિની જેમ તપસ્યા શરૂ કરી હતી, અને ઈતિહાસ જણાવે છે તેમ ઋષિ વિશ્વામિત્ર પણ પ્રખર પ્રજ્ઞાવાન અને ગાયત્રી મંત્રના પ્રણેતા બન્યા. નંદીની નામની ગાય વશિષ્ઠ ઋષિને દીલિપ નામના રાજા એ આપી હતી. વશિષ્ઠ ઋષિ એ ઘણા બધા ગ્રંથોની રચના કરી છે, તેમાં વસિષ્ઠ સ્મૃતિ નામનો ગ્રંથ ઉત્તમ કહેવાય છે, અને તેના ૨૧ અધ્યાય બતાવાયા છે. આ ઉપરાંત વસિષ્ઠ નામનો ઋગ્વેદમાં પણ એક અધ્યાય છે. આમ એમણે જીવન પર્યંત વિશિષ્ઠ કાર્ય કરી પોતાના નામને સિધ્ધ કર્યું. ભગવાન શ્રી રામના જન્મ માટેના તે મુખ્ય સૂત્રધાર હતાં, કારણકે પાછલી અવસ્થા સુધી જ્યારે ત્રણ ત્રણ રાણી હોવા છતાં પુત્ર પ્રાપ્તિ ન થઈ, ત્યારે રાજા દશરથ અત્યંત પીડા અનુભવી હતાં, અને તેમણે પોતાના ગુરુ એવા વશિષ્ઠ ઋષિ ને પોતાને મનની વાત કહી. ગુરુ વશિષ્ટ બ્રહ્મ વેત્તા હતાં, અને તેમણે શાસ્ત્ર અનુસાર પુત્રકામેષ્ટિ યજ્ઞ દ્વારા પુત્ર પ્રાપ્તિ થઈ શકે છે, એવું વિધાન રાજાને કહ્યું, અને એ માટે પુત્ર કામેષ્ઠિ યજ્ઞ કરનાર શૃંગી ઋષિનું સૂચન પણ કર્યું. રાજા દશરથ એ આ વાત તરત સ્વીકારી લીધી, અને પુત્રકામેષ્ટિ યજ્ઞ કર્યો. યજ્ઞનાં અંતે અગ્નિ દેવ પ્રસન્ન થયાં અને પ્રસાદનો ચરુ પ્રાપ્ત થયો, આ પ્રસાદના વિભાજનથી પ્રભુ શ્રી રામનો જન્મ છે, એ વાત આપણે સૌ જાણીએ છીએ. ગુરૂ વશિષ્ઠ દશરથનાં કુલગુરુ હતાં, આ ઉપરાંત એક સાચા અને સારા સલાહકાર પણ હતાં. તેઓ રામાયણ અનુસાર અયોધ્યામાં તેમજ ઉપવનમાં રહેતા હતાં, અને સમયે-સમયે રાજ્ય તેમજ રાજાની સુખાકારી માટે સૂચનો કરતા હતાં. રાજા પ્રજા બન્ને અંદરોઅંદર એકબીજાના સાથ-સહકારથી સુખી રહે છે, એ વાત પણ તેમણે રાજાને સમજાવી હતી. આમ વશિષ્ઠ ઋષિ ત્રેતા યુગ પહેલા પણ હતાં, અને ત્રેતા યુગમાં પ્રભુ શ્રીરામ ના જન્મ તેમજ તેમને બ્રહ્મ વિદ્યા અને ધનુર્વિદ્યા શીખવવા માટેના શ્રેષ્ઠ ગુરુ પણ હતાં. વિધાતાના ખેલને ત્યારે પણ કોઈ સમજી શક્યું નહીં, અને આજે પણ સમજી શકાતાં નથી. જેના ઘર ધન-ધાન્યથી ભરેલા છે, એમને સંતાન નથી હોતાં,જ્યારે ઝૂંપડામાં વસનારાઓ ના ઘરે સંતાનોની લાઈન હશે. એટલે કે મહેલમાં રહેતાં દશરથને સંતાન ન હોવાની ગ્લાનિ હતી, અને આવી ગ્લાનિ યોગ્ય ઠેકાણે રજુ થઈ તો પ્રભુ શ્રીરામ જેવા પુત્ર પ્રાપ્ત થાય. તો શ્રવણના અંધ મા બાપ નો શ્રાપ પણ માત્ર દશરથના મૃત્યુ માટે નહોતો, ભગવાન શ્રી રામના જન્મ માટે પણ કારણભૂત બન્યો. એટલે કે તેમને પુત્ર થાય તો તેના વિયોગમાં તેનું મૃત્યુ બતાવ્યું, એટલે ક્યારેય કોઈનો શ્રાપ પણ આ રીતે શુભ મંગલ કરનારો હોય છે. વિધિ-વિધાન કે વિધાતાના લેખ ભારતીય સંસ્કૃતિની અદકેરી વાત છે, બીજી કોઈ સંસ્કૃતિ કે ધર્મમાં વિધાતાને એટલી સ્ટ્રોંગ રીતે માનવામાં આવતી નથી. આપણા લેખમાં વિધાતાએ શું લખ્યું હશે! તેની ખબર નથી. પરંતુ હિન્દુસ્તાની ધરતી પર જન્મ આપ્યો છે, એટલે કંઈક તો સારું લખ્યું જ હશે, અને કદાચ આપ ણે જ આ સંસ્કૃતિનું જતન કરી શકીએ, એવું પણ લેખમાં લખ્યું હોય શકે! તો આપણે સૌ એવી સંસ્કૃતિનાં વશંજ છીએ, કે જ્યાં પાણી માંથી પણ પુત્ર પ્રાપ્ત થાય, અને અગ્નિ પણ પ્રસન્ન થઈ પુત્ર માટે વરદાન (પ્રસાદ) આપી શકે છે. હવે તો આ સંસ્કૃતિની મહત્તાને સમજો!! આપણે સૌ વશિષ્ઠ ઋષિ જેમ યુગો યુગો સુધી આ સંસ્કૃતિ માટે કંઈક કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

**વાર્તા નાની છે પણ તેનો પાઠ એટલો મોટો છે કે તે આપણને પરમપિતા ભગવાનને ઓળખવા માટે મજબૂર કરે છે**

# જો સંકલ્પ સારો અને મજબુત હોય તો એવું કશું જ નથી જે પ્રાપ્ત ન થઈ શકે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**મન ચંગા તો ગંગા કથરોટમાં ગંગા, હમણાં તમે જોયું કે સાઈઠ સિત્તેર કરોડ ભારતીયોએ મહા કુંભમાં પવિત્ર સ્નાન કરી શુદ્ધ થવા પ્રયત્ન કર્યો, પરંતુ જો મન શુદ્ધ ન બન્યું તો? કાયા ભલે નિર્મળ ન હોય તો ચાલશે પણ મન ને શુદ્ધ નિર્મળ કરો, ભલે હજારો માનવ જીવન હોય.. ચિંતકોએ મન વિશે ઘણું લખ્યું છે, મન ને નાથે તે નાથ બીજ બધા અનાથ.**

વિદ્યાર્થી ભાઈ બહેનો માટે અત્યારે પરિક્ષાનો સમય શરૂ થયો છે લગભગ માર્ચ એપ્રિલ અને મે ના પ્રથમ સપ્તાહ સુધી પરીક્ષાઓ ચાલશે પછી પરિણામ પ્રાપ્ત જેવી તૈયારીઓ કરી હશે તેવું જ પરિણામ મળશે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી જોઈએ તો દુનિયામાં માણસ એક માત્ર એવું પ્રાણી છે જે પડવું હોય તો પ્રાણીઓ કરતાં પણ નીચે પડી શકે છે. અને જો તે ચડવા માંગે છે, તો તે દેવતાઓ થી પણ ઉપર જઈ શકે છે. મન ચંગા તો ગંગા કથરોટમાં ગંગા, હમણાં તમે જોયું કે સાઈઠ સિત્તેર કરોડ ભારતીયોએ મહા કુંભમાં પવિત્ર સ્નાન કરી શુદ્ધ થવા પ્રયત્ન કર્યો. પરંતુ જો મન શુદ્ધ ન બન્યું તો ? કાયા ભલે નિર્મળ ન હોય તો ચાલશે પણ મન ને શુદ્ધ નિર્મળ કરો, ભલે હજારો માનવ જીવન હોય.. ચિંતકોએ મન વિશે ઘણું લખ્યું છે, મન ને નાથે તે નાથ બીજ બધા અનાથ.વાર્તા નાની છે પણ તેનો પાઠ એટલો મોટો છે કે તે આપણને પરમપિતા ભગવાનને ઓળખવા માટે મજબૂર કરે છે. વાર્તા ખૂબ જ રસપ્રદ અને રમુજી છે. એક શેઠજી હતા.તેમનો વેપાર દેશ-વિદેશમાં ફેલાયેલો હતો. એક સમયે શહેરમાં મેળો ભરાયો, શેઠજી પણ મેળામાં દર્શન કરવા નીકળ્યા ગયા. મેળામાં તેમને એક માણસ મળ્યો. તેણે પોતાની પાસે રહેલી બોટલ અને તેમાં રહેલ જીન વેચવાનું કહ્યું. શેઠજીએ પૂછ્યું, તમે જે વેચો છો તેની કિંમત અને તેની વિશેષતા શું છે તે કહો. તે વ્યક્તિએ જવાબ આપ્યો, તમે તેને જે પણ કામ કહો,તે આંખના પલકારામાં તરત જ તમારા માટે કરી દેશે, પછી ભલે તે દેશનું હોય કે પરદેશનું,હું તો કહું છું કે દુનિયા માં એવું કોઈ કામ નથી જે તે ન કરી શકે. શેઠજી બહુ ખુશ થયા. તેમને દેશ- વિદેશમાં કામ કરી શકે તેવા કામ દાર વ્યક્તિની જરૂર હતી. આ જીન તમને એક કલાકનું કામ એક મિનિટમાં અને એક દિવસનું કામ એક કલાકમાં આપશે. શેઠજી આશ્ચર્યચકિત થઈ ગયા. તે એક



આશ્ચર્યજનક બાબત છે. મારે આવા જ માણસની જરૂર છે.શેઠજીએ તે વ્યક્તિને પૂછ્યું કે તમે તેને કયા ભાવે વેચી શકો છો. વ્યક્તિએ કહ્યું, હું તેને માત્ર એક હજારમાં વેચી શકું છું. હા, હું તમને એક વાત કહેવાનું ભૂલી ગયો અને તે એ છેકે જીનને કામ સોંપવું પડશે.તે કામ વગર બેસી શકતો નથી.તેણે કામ સતત કહેતા રહેવું પડશે.જો તમે તેને કામ નહીં સોંપો, તો તે તમને ખાઈ જશે. શેઠજીએ એ સાંભળીને વિચાર કર્યો અને પાછળથી કહ્યું કે એવું હોય તો હું જીન મુક્ત રાખું તો એ મને ખાઈ જશે ને? મારો વ્યવસાય દેશ અને વિદેશમાં છે. એટલું કામ છેકે જીનનું આખું જીવન લાગી જશે.મારું કામ અહીં ક્યારેય પૂરું થતું નથી. શેઠજીએ પેલા માણસને કહ્યું કે તમે ચિંતા ન કરો, હું કામથી મુક્ત નહીં થઈશ. શેઠજીએ જીન લઈને ઘરે આવવું જોઈએ. ઘરની સાફ- સફાઈ અને અન્ય નાના-મોટા કામો કરાવો અને બાદમાં દેશ- વિદેશમાં ચાલતા ધંધાના મોટા કામો કરાવો. શેઠજીનું બધું કામ ઝડપથી પૂરું કરીને જીન શેઠજી પાસે આવીને ઊભો રહ્યો. શેઠજીએ વિચાર્યું કે હવે શું કામ કહું? તે વિચારમાં મગ્ન હતો કે જો હું જીનને કામ નહીં કહું તો તે મને ખાઈ જશે. જીન પણ શેઠજી પાસે આવ્યો અને તેમને કહ્યું કે કામ કહો નહીં તો મરવા તૈયાર થઈ જાઓ. શેઠજી ગભરાઈ ગયા.વીજળીની ઝડપે દોડતો તે તેના ગુરુના આશ્રમમાં પહોંચ્યો જે શહેરની બહાર હતો.ત્યાં સત્સંગ ચાલતો હતો. શેઠજીએ મહાત્માજીના ચરણોમાં પ્રણામ કર્યા અને તેમને તેમની મુશ્કેલીમાંથી બચાવવા પ્રાર્થના કરવા લાગ્યા. શેઠજીએ જીન વિશેની આખી વાર્તા મહાત્માજીને સંભળાવી. મહાત્માજીએ શેઠજીને કહ્યું કે ચિંતા ન કરો,મારી પાસે તેનો ઉપાય છે. શેઠજીના જીવનમાં પુનઃજીવ આવ્યો. મહાત્માજીએ ઉપાય સમજાવતા શેઠજીને કહ્યું કે તમે જીન પાસે વિશ્વનો સૌથી મોટો વાંસ મંગાવી લો અને તેને તમારા ઘરના આંગણાની સામે અથવા નજીકમાં દાટી દેવાનું કહો.અને પછી જો જીન પાસે બીજું કોઈ કામ ન હોય ત્યારે એક કામ કરો, જીનને કહેવાનું કે જ્યાં સુધી હું તને બોલાવું નહીં ત્યાં સુધી આ વાંસ ઉપર ચડઉતર એટલે કે આરોહણ અને અવરોહ ની પ્રક્રિયા ચાલુ રાખે. શેઠજી ખૂબ જ ખુશ થયા અને જીનને કહ્યું કે કામ ક્યારેય પૂરું થતું નથી. મેં મહાત્માજીને વંદન કર્યા અને તેમને કહ્યું કે તમે મારી સમસ્યાનું નિરાકરણ પળવારમાં કરી દીધું. શેઠજીએ ઋષિ મહાત્માએ જે કહ્યું હતું તે કર્યું. વિશ્વનો સૌથી મોટો વાંસ મંગાવ્યો અને તેને તેમના આંગણામાં રોપાવેલો અને જીનને કહ્યું કે આ વાંસ ઉપર ચડઉતર કર. મિત્રો,આ વાર્તા જીન અને વાંસની નથી પરંતુ તે આપણા બધાના જીવન સાથે જોડાયેલી છે.આ વાર્તા ખૂબ જ રમુજી છે. તેનો હેતુ આના કરતાં સો ગણો વધુ આનંદનો છે. અહીં વાંસ એટલે તમારી દ્રષ્ટિ અને જીન એટલે તમારું મન. આપણું મન જનીન જેવું છે. તેને દરેક વખતે કામ જણાવવું પડે છે. જો તમે મને તમારું કામ નહિ કહો તો તમારું મન તમને અનુસરશે. તે તમને ખાઈ પણ જશે.એક ગુજરાતી કહેવત છે કે કામ વગરનું મન એ શેતાનનું કારખાનું છે. ફિલોસોફરોએ બીજી વાત પણ કહી છે કે આ વાંસ આપણો પરિપ્રેક્ષ્ય છે. ઉપર વાંસ લેતી વખતે એટલે કે દરેક શ્વાસ લેતી વખતે તેને સોહમના જાપ સાથે જોડો. ઊંઘમાં શ્વાસ લેતી વખતે અને શ્વાસ છોડતી વખતે તેને અહમના અજપ જાપ સાથે જોડો. એટલે કે ધ્યાન કરો.જો તમારા સંકલ્પો મજબુત હશે તો જીવનમાં કંઈ પણ પ્રાપ્ત કરવું હવે અશક્ય નથી માત્ર મહાન સંકલ્પો જ મહાન લક્ષ્યોની સિદ્ધિ તરફ દોરી જાય છે.ઠરાવમાંમહાન શક્તિ છે. સંકલ્પના બળ પર જ વાંદરાઓ સમુદ્ર પર સેતુ સ્થાપિત કરી શક્યા અને નિશ્ચય ના બળ પર જ પાંડવોએ મહા ભારતનું યુદ્ધ જીત્યું. જો સંકલ્પ સારો અને મજબુત હોય તો એવું કશું જ નથી જે પ્રાપ્ત ન થઈ શકે. જેટલી વાર આપણા નિર્ણયો બદલાતા રહે છે,તેટલી જ આપણી સફળતા પર અસર થશે. આ ધરતી પર મહાપુરુષો દ્વારા જે પણ સર્જન થયું છે તે સાનુકૂળ સંજોગોને કારણે નહીં પરંતુ માત્ર નિશ્ચયની શક્તિને કારણે થયું છે. નિશ્ચય સાથે મજબૂત બનો, કોઈ પણ કાર્ય અશક્ય નથી. ભગવાનનું સ્મરણ શ્વાસ અને ઉચ્છવાસને જોડે છે પછી જીવન અર્થની દિશામાં આગળ વધશે. મન શુદ્ધ થશે અને મન મુક્ત થશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે એક સરસ દૃષ્ટાંત થકી ચિંતન મનન કરવા પ્રયત્ન કર્યો.. પરીક્ષા લક્ષી તૈયારીઓમાં મનની એકાગ્રતા જળવાય તેવા પ્રયત્ન કરો તેવી સોનેરી સલાહ સાથે wish you all the best.

# બોબી દેઓલના મોમાં છાપેલા કાટલા જેવા ડાયલોગ નોતા મુકવા એટલે મૌન બતાવ્યો

## બોબી વિલનની ભૂમિકામાં હતો, તેનું પાત્ર ન તો બોલી શકતું હતું કે ન તો સાંભળી શકતું હતું



રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ' બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. આમાં બોબી દેઓલે નકારાત્મક ભૂમિકા ભજવી હતી. આ પાત્ર બહેરું અને મૂંગું હતું. જેના પર હવે દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાએ પોતાનું મૌન તોડ્યું છે. તેણે કહ્યું કે તેણે બોબીને એવો રોલ આપ્યો છે કે તેને એ જ જૂના સંવાદો બોલવા ન પડે.ફિલ્મ 'એનિમલ' વર્ષ ૨૦૨૩ માં સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. તેમાં રણબીર કપૂર, રશ્મિકા મંદાના અને બોબી દેઓલ મુખ્ય ભૂમિકામાં હતા. બોબી વિલનની ભૂમિકામાં હતો. તેનું પાત્ર ન તો બોલી શકતું હતું કે ન તો સાંભળી શકતું હતું. હવે ફિલ્મના દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાએ આ અંગે પોતાનું મૌન તોડ્યું છે અને તેની પાછળનું કારણ પણ જાહેર કર્યું છે. તેમને કહ્યું હતું કે પુનરાવર્તિત પેટર્નને અનુસરવાને બદલે, તેણે બોબીના પાત્ર માટે એક અલગ રસ્તો શોધવાનું નક્કી કર્યું. 'એનિમલ' માં, બોબી વાર્તામાં ખૂબ પાછળથી દેખાય છે. પહેલા ભાગમાં રણબીરનો ડરામણો દેખાવ અને અનિલ કપૂર દ્વારા ભજવવામાં આવેલ પપ્પાનું પાત્ર બતાવવામાં આવ્યું છે આ ફિલ્મમાં ભાવનાત્મક અને પારિવારિક નાટકનો સમાવેશ થાય છે, તેથી બોબીના પાત્ર માટે સંવાદો ઘટાડવાનો સંદીપનો નિર્ણય એક મોટું અને નવું પગલું સાબિત થયું. તેમણે કહ્યું, 'આપણે ફિલ્મોમાં આવા ઘણા સંવાદો જોયા હોવાથી, મને લાગ્યું કે તેમને મૂંગા અને બહેરા વ્યક્તિ તરીકે દર્શાવવું રસપ્રદ રહેશે.' જે પાત્ર બોલી કે સાંભળી શકતું નથી તેને લડતા જોવાનો વિચાર મારા માટે ખૂબ જ રોમાંચક હતો.'એનિમલ'માં વિલન બન્યા પછી, બોબી દેઓલની કારકિર્દીમાં એક નવો તબક્કો શરૂ થયો.

# સ્ટાઈલિસ્ટને દિવસના ૨ લાખ આપી દેવા એ નરી મૂર્ખામી : જોન અબ્રાહમ



છેલ્લાં કેટલાંક વખતથી ફિલ્મ સ્ટાર્સના ઓન્ટ્રાજ પાછળના મહાકાય ખર્ચની ચર્ચાઓ ચાલે છે, કેટલાંક લોકો તેને યોગ્ય ગણાવે છે, તો કોઈ તેને ઈન્ડસ્ટ્રી માટે નુકસાનકારક માને છે. તાજેતરમાં જોન અબ્રાહમે પણ આ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તેણે કહ્યું કે ઓન્ટ્રાજના ખર્ચને કારણે ઈન્ડસ્ટ્રીને ભોગવવું પડે છે. તેણે કહ્યું કે એક સ્ટાઈલિસ્ટને દિવસના બે લાખ આપવા એ ગાંડપણ છે. તેણે કલાકારોને આ વાત પર મનોમંથન કરવા કહ્યું. જોને કહ્યું, "તેનાથી હિન્દી સિનેમાનું નુકસાન થઈ રહ્યું છે. હાલ આપણે ફિલ્મના મોટા બજેટ વિશે જો સ્પષ્ટતા ન આપી શકીએ તો આપણે લોકોને ફિલ્મમાં કામ કરવા માટે પેમેન્ટ ન આપી શકીએ. આપણે જે મોટી ફી ચૂકવીએ છીએ અને તેની સાથે આપણે ફિલ્મના ઓન્ટ્રાજનો ખર્ચો ફિલ્મ પર ન નાખી શકીએ. આ મૂર્ખામી છે. ખબર નહીં કલાકારોની આ વિચારધારા છે કે પછી તેમના એજન્ટ તેમને આ રીતે વિચારવા મજબુર કરે છે. હું સમજું છું કે તમને એક ફુગ્ગાની અંદર પુરી દેવાય છે પણ તમે એટલા મૂર્ખ તો ન જ બની શકો. તમારે દુનિયાની વાસ્તવિકતા જોવી જોઈએ. ''જોને કહ્યું કે બધાની પહેલાં તો કલાકારોએ પોતાની ફી ઘટાડવાની જરૂર છે અને ડિરેક્ટર પાસેથી સાંભળવાની તૈયારી રાખવી જોઈએ કે તેઓ જે ફી માગે છે, તેઓ તેને લાયક નથી. જોન્હે કહ્યું, "શરૂઆત એ રીતે કરવી જોઈએ કે પહેલાં તો તમારા પોતાના ખર્ચની રકમ ઘટાડો. જ્યારે તમને ડિરેક્ટર કહે કે તમારું એટલું બધું મુલ્ય નથી, તો તમારે એ વાતને ધ્યાન પર લેવી જોઈએ. આપણે હજુ સુધી એ વાત સમજતાં નથી. આપણે આપણી જાતની બીજા કલાકારો સાથે સરખામણી કરવા માંડીએ છીએ અને આપણે આપણી ફી જગજાહેર કરવી હોય છે એ સૌથી ખરાબ બાબત છે.'' જોને આગળ કહ્યું, "કલાકારોએ સમજવું પડશે કે આપણે ઊંડાં અંધારા કૂવામાં ધકેલાઈ રહ્યાં છીએ. કલાકારોએ તો ફિલ્મનો આધાર બનીને કામ કરવું જોઈએ. કલાકારોએ એવું કહેવું જોઈએ કે ફિલ્મને ફાયદો થશે તો મારો પણ ફાયદો થશે કારણ કે આપણે આપણા લાખો કમાઈ લીધા છે. તમે સીસ્ટમને કેટલી હદ સુધી ચૂસી લેશો કે એ સુકાઈ જાય?''

# મોનાલિસાએ પહેલા જ સ્ટેજ પરફોર્મન્સમાં કહ્યું, આઈ લવ યુ

## મહાશિવરાત્રીના અવસર પર, મોનાલિસાને નેપાળમાં આયોજિત એક કાર્યક્રમમાં મહેમાન તરીકે આમંત્રણ અપાયુ હતું



મોનાલિસા મહાશિવરાત્રી નિમિત્તે આયોજિત એક કાર્યક્રમ માટે નેપાળ પહોંચી હતી. અહીં તેમણે પહેલી વાર નૃત્ય પ્રદર્શન આપ્યું હતું.મહાકુંભ મેળાની વાયરલ ગર્લ મોનાલિસાએ ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. એક સાદી છોકરીમાંથી, મોનાલિસા હવે સોશિયલ મીડિયા પ્રભાવક બની ગઈ છે અને એક લોકપ્રિય વ્યક્તિત્વ તરીકે ઉભરી આવી છે. તેમની લોકપ્રિયતાએ ઘણા લોકોને આશ્ચર્યચકિત અને પ્રેરણા આપી છે. મોનાલિસાને અચાનક મળેલી ખ્યાતિએ તેને ફિલ્મની ઓફર મેળવવામાં પણ મદદ કરી. પોતાની ફિલ્મ માટે સમાચારમાં રહેવા ઉપરાંત, મોનાલિસાએ આ મહિનાની શરૂઆતમાં કેરળમાં એક કાર્યક્રમમાં આમંત્રણ મળ્યા પછી પણ ધ્યાન ખેંચ્યું હતું.હવે ફરી એકવાર તે પોતાના દેખાવને કારણે લોકોમાં ચર્ચામાં છે. મહાશિવરાત્રીના અવસર પર, મોનાલિસા ભોંસલેને નેપાળમાં આયોજિક્ત એક કાર્યક્રમમાં મહેમાન તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં, મોનાલિસાએ મોટી સંખ્યામાં આવેલા લોકો સાથે વાત કરી. તેમણે ત્યાં હાજર દર્શકો સમક્ષ પોતાના ડાન્સ મૂવ્સ પણ બતાવ્યા. આ વીડિયોને તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરતા, તેણે કેપ્શનમાં લખ્યું, "મેરી મૌલાપુર નેપાળ મહાશિવરાત્રી મહોત્સવ લાઈવ સ્ટેજ પર્ફોર્મન્સ ૨૦૨૫. મોનાલિસા ભોંસલે ૦૮.આ દરમિયાન દિગ્દર્શક સનોજ મિશ્રા પણ તેમની સાથે હતા. મોનાલિસા સાથે ફિલ્મ સાઈન કરનાર સનોજે પોતાના પાત્ર વિશે વિગતવાર વાત કરી. તેણીએ જણાવ્યું, "મોનાલિસા એક નીચલા મધ્યમ વર્ગના પરિવારમાંથી આવે છે. તે એક વિચરતી સ્ત્રી છે અને તેનો પરિવાર પોતાની રોજિંદી જરૂરિયાતો પૂરી કરવા માટે માળા વેચીને ગુજરાન ચલાવે છે. તેનું પાત્ર મણિપુરના એક નિવૃત્ત સૈન્ય જવાનની પુત્રી છે જે સેનામાં જોડાવા માંગે છે. તે તેનું સ્વપ્ન છે. તેના સ્વપ્નને પૂર્ણ કરવા માટે તેને કેવા પ્રકારની સમસ્યાઓમાંથી પસાર થવું પડે છે, તેને કેવા સંઘર્ષોનો સામનો કરવો પડે છે અને તે તેના સ્વપ્નને કેવી રીતે પૂર્ણ કરવામાં સક્ષમ છે તે ફિલ્મ વિશે છે. મહાકુંભ વાયરલ ગર્લ મોનાલિસાએ સોશિયલ મીડિયા પર એક નવો વિડીયો શેર કર્યો છે. આ વિડીયોમાં તે તેના ફોલોઅર્સને 'જીવનનો એક મહત્વપૂર્ણ પાઠ' આપે છે. મહાકુંભ વાયરલ ગર્લ મોનાલિસા ભોંસલે સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે. આ વર્ષે જ્યારથી ઈન્ટરનેટ પર લોકોએ તેને શોધી કાઢી છે, ત્યારથી તે જે કંઈ પણ શેર કરે છે અથવા કરે છે તે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ જાય છે. તેના ફોટાથી લઈને તેના જાહેર દેખાવ સુધી, મોનાલિસા તેના ઈન્સ્ટાગ્રામ પેજ પર બધું જ શેર કરી રહી છે. તેણે ફિલ્મોનો ભાગ બનવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. એવું લાગે છે કે મોનાલિસા "અભિનેત્રી" બનવા માટે તેના મૂળભૂત પાઠ શરૂ કરી રહી છે. નેપાળમાં, તેણીએ મહાશિવરાત્રી ઉજવણી દરમિયાન લાઈવ પ્રેક્ષકો માટે નૃત્ય કર્યું. આજે, તેણીએ એક વિડિઓ શેર કર્યો જેમાં તે કિશોર કુમારના ગીત 'દુનિયા મેં રહેના હૈ તો' પર લિપ-સિંકિંગ અને નૃત્ય કરી રહી છે. વિડિઓમાં, તે એક પુરુષ અને બે અન્ય યુવતીઓ સાથે છે. મહાકુંભ વાયરલ ગર્લ સ્ટેપ્સ પર એક્સપ્રેશન, લિપ સિંક અને ડાન્સ આપવા માટે ખૂબ જ પ્રયાસ કરી રહી છે. પરંતુ તે ચોક્કસપણે "પ્રક્રિયા"નો આનંદ માણી રહી હોય તેવું લાગે છે કે તે સોશિયલ મીડિયા પર વારંવાર આવા વીડિયો શેર કરતી રહેશે જેથી તેના ફોલોઅર્સને તેના રોજિંદા જીવન વિશે અપડેટ રાખી શકાય.

# હેરાફેરી ફિલ્મ અભિનેત્રી તબુને ઘરે પરત ફરવા જેવો અનુભવ

## ૨૦૦૦માં આવેલી એ ફિલ્મમાં અનુરાધા નામની છોકરીનો રોલ કર્યો હતો અને તે સુનિલ શેટ્ટીની પ્રેમિકા હતી



તબુ 'હેરાફેરી'માં પ્રિયદર્શન સાથે કામ કરી ચૂકી છે અને હવે ફરી વખત તે 'ભૂતબંગલા'માં એક મહત્વનો રોલ કરી રહી છે. પ્રિયદર્શનની આ ફિલ્મમાં અક્ષય કુમાર લીડ રોલમાં છે. તાજેતરમાં તબુએ 'હેરાફેરી'ના વર્ષો પછી ફરી આ જોડી સાથે કામ કરવાના અનુભવો વિશે વાત કરી હતી. તબુએ ૨૦૦૦માં આવેલી એ ફિલ્મમાં અનુરાધા નામની છોકરીનો રોલ કર્યો હતો અને તે સુનિલ શેટ્ટીની પ્રેમિકા હતી. પોતાના અનુભવો અંગે તબુએ કહ્યું કે તેને આ જોડી સાથે કામ કરીને ઘેર પાછી આવી હોય એવું લાગે છે. તાજેતરના ઈન્ટરવ્યુમાં તબુએ કહ્યું, "હું બહ જ ઉત્સુક છું કારણ કે એક્તા કપૂર સાથે 'ક્રૂ'માં કામ કર્યા પછી હવે, ૨૦૦૦ પછી હું અક્ષય કુમાર અને પ્રિયદર્શન સાથે કામ કરી રહી છું. આ બહુ વિચિત્ર છે કારણ કે મને જાણે ઘેર પાછી જતી હોય એવું લાગે છે. મેં ઘણા વર્ષોથી અક્ષય કુમાર અને પ્રિયદર્શન સાથે કામ કર્યુ નથી. આ પાછલા વર્ષોમાં હું અક્ષયને તો મળી પણ નથી, છતાં તેની સાથે કામ કરવામાં હું બહુ સહજ હોઉં છું. મને બિલકુલ એવું નથી થતું કે હે ભગવાન, કશુંક નવું શરૂ કરવાનું છે કારણ કે આ લોકોને હું ઘણા સમયથી ઓળખું છું. હું એ જોવા ઉત્સુક છું કે એમની સાથે આટલા વર્ષો પછી કામ કરવાનું કેવું લાગે છે. મને તો ઘર જેવો જ અનુભવ થાય છે.''તબુએ ગયા મહિને જાહેર કર્યુ હતું કે તે 'ભૂત બંગલામાં' કામ કરી રહી છે. તેણે ભૂત બંગલા લખેલાં ક્લેપબોર્ડની તસવીર શેર કરી હતી. તેણે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને લખ્યું હતું કે 'અમે અહીં બંધ છીએ.' તબ્બુ, અક્ષય કુમાર અને પરેશ રાવલ સાથે આ ફિલ્મમાં વામિકા ગબ્બી, રાજપાલ યાદવ અને ગોવર્ધન અસરાની પણ મહત્વના રોલમાં જોવા મળશે.



હેલી બેરી પોતાના જીવનમાં ત્રણ વખત ડિવોર્સનું દુઃખ વેઠી ચૂકી છે, એક્ટ્રેસના બે બાળકો છે

# લવ લાઈફ અંગે ટ્રોલ્સ પાછળ, અભિનેત્રીએ કહી આપવીતી

હોલિવૂડ એક્ટ્રેસ હેલી બેરીએ પોતાની લવ લાઈફની ટીકા કરનારને આકરો જવાબ આપ્યો છે. તાજેતરમાં જ એક્ટ્રેસ 'ધ ડ્રૂ બેરીમોર શો' માં પહોંચી હતી. જ્યાં તેણે ટ્રોલિંગ પર વાત કરી. હેલી બેરીને એ કહીને ટ્રોલ કરવામાં આવે છે કે તે કોઈ પાર્ટનર રાખી શકતી નથી પરંતુ ઓસ્કાર વિનર એક્ટ્રેસે હવે સ્પષ્ટ કરી દીધું છે કે ખોટા માણસની સાથે રહેવા કરતાં સિંગલ રહેવું સારું હોય છે.હેલીએ કહ્યું, 'મે લોકોને કહેતાં સાંભળ્યાં છે કે ઓહ હેલી બેરી માં કંઈક તો ગડબડ છે કે તે કોઈ પુરુષને પોતાની પાસે રાખી શકતી નથી. કોણે કહ્યું હું કોઈ પુરુષને પોતાની પાસે રાખી શકતી નથી. હું કોઈ ખોટા વ્યક્તિ સાથે રહેવા માગતી નથી. હું પાગલ નથી. આપણે સૌ ભૂલો કરીએ છીએ અને અમારી પાસે હક છે એ બોલવાનો કે અરે મારાથી ભૂલ થઈ ગઈ. ચાલો બીજી વખત શરૂ કરીએ છીએ. અમારી પાસે તે કરવાનો અધિકાર છે.હેલી બેરી પોતાના જીવનમાં ત્રણ વખત ડિવોર્સનું દુઃખ વેઠી ચૂકી છે. એક્ટ્રેસના બે બાળકો છે. એક પુત્રી નાહલા, જેનો જન્મ એક્સ હસબન્ડ ગેબ્રિયલ ઓબરીથી થયો હતો



### ત્રણ વખત છુટાછેડાની પીડા સહન કરી

અને એક પુત્ર માસિયો જેનો જન્મ તેના એક્સ હસબન્ડ ઓલિવિએર માર્ટિનેજથી થયો. શો પર હેલી બેરીએ જે વાત કહી તેનાથી ઈન્ટરનેટ પર તેની મહિલા ચાહકો ખૂબ ખુશ થઈ ગઈ છે. ઘણા ચાહકોએ હેલીની વાત પર સહમતિ પણ વ્યક્ત કરી છે. યુઝર્સે એ સવાલ પણ ઉઠાવ્યો કે કોઈ પુરુષને પોતાની પાર્ટનરને યોગ્ય રીતે ના રાખી શકવાનો સવાલ કેમ કરતાં નથી. વર્ષ ૨૦૨૦થી હેલી બેરી મ્યૂઝિશિયન વેન હન્ટે ડેટ કરી રહી છે.

## માનો રોલ ઓફર થયો હતો

## બાગબાન ફિલ્મે દુનિયાભરમાં ૪૧ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો

# બાગબાન માટે પહેલી પસંદ અભિનેત્રી તબ્બુ હતી

અહી એક એવી હીરોઈન વિશે વાત થઈ રહી છે જે બોલીવુડ એક્ટ્રેસની સિલ્વર સ્ક્રીન પર અજય દેવગન સાથે જોડી હિટ રહી છે. તેણે પોતાના કરિયરમાં કેટલીય સફળ ફિલ્મો આપી છે. ૩૨ વર્ષની ઉંમરે એક્ટ્રેસને માનો રોલ ઓફર થયો હતો. પણ તેણે ઘસીને ના પાડી દીધી. તે છે તબ્બુ.તબ્બુ બોલીવુડની સફળ હીરોઈનોમાંથી એક છે. છેલ્લા ૩૦ વર્ષોથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ છે. તેણે પોતાના કરિયરમાં લગભગ તમામ હીરો સાથે કામ કર્યું છે. ખાસ કરીને અજય દેવગન સાથે તેની જોડી હિટ રહી છે. તેણે અજય દેવગન સાથે કેટલીય હિટ અને બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે, જેમાં દ્રશ્યમ, દ્રશ્યમ ૨, હકીકત, ગોલમાલ અગેન, દે દે પ્યાર દે અને અન્ય ફિલ્મો સામેલ છે.વર્ષ ૨૦૦૩માં અમિતાભ બચ્ચનની ફિલ્મ બાગબાન રિલીઝ થઈ હતી. તેમાં બિગ બી સાથે હેમા માલિનીએ જોડી બનાવી હતી. આમ તો ફિલ્મની પહેલી ચોઈસ તબ્બુ હતી. તેને હેમા માલિનીનો રોલ ઓફર થયો હતો. ડાયરેક્ટર રવિ ચોપડાની પત્ની રેણુ ચોપડાએ જણાવ્યું કે, બાગબાન ફિલ્મ તબ્બુને મળી




હતી.હાલમાં જ પિંકવિલાને આપેલા ઈન્ટરવ્યૂમાં રેણુ ચોપડાએ ખુલાસો કર્યો કે, બાગબાન ફિલ્મમાં અમિતાભ બચ્ચનની પત્નીનું પાત્ર નિભાવવા માટે પહેલી પસંદ તબ્બુ હતી, પણ તે સિલ્વર સ્ક્રીન પર ચાર મોટા છોકરાઓની મા બનવા નહોતી માગતી. રેણુએ જણાવ્યું કે, "અમે તબ્બુને કાસ્ટ કરવાનું વિચાર્યુ અને તે ફિલ્મની સ્ક્રિપ્ટ સાંભળ્યા બાદ રડી પડી અને તેને સ્ક્રિપ્ટ ખૂબ જ પસંદ આવી છે. મને લાગ્યું કે, તે આ ફિલ્મ માટે જરૂરથી હા પાડશે. મારી સાથે કોઈ બેઠું હતું અને તેણે કહ્યું કે, જ્યારે તબ્બુ ફિલ્મની સ્ક્રિપ્ટ સાંભળીને રડે છે, તો તે ક્યારેય તે ફિલ્મ કરતી નથીતેણે કહ્યું કે, "મેં તબ્બુને પૂછ્યું કે આપ ફિલ્મ નહીં કરો? તો તેણે કહ્યું કે, તેને કહાની તો ખૂબ પસંદ આવી છે, પણ ચાર બાળકોની માતાનું પાત્ર નહીં ભજવું. મારુ આખું કરિયર હજુ મારી સામે છે. રવિજી મને માફ કરી દો.'' વર્ષ ૨૦૦૩માં ફિલ્મ જ્યારે રિલીઝ થઈ, ત્યારે તબ્બુની ઉંમર લગભગ ૩૨ હતી અને તે સમયે અમિતાભ બચ્ચન ૬૧ વર્ષના હતા. રેણુ ચોપડાએ ઈન્ટરવ્યૂ દરમ્યાન એવું પણ કહ્યું કે, રિલીઝ બાદ બાગબાનને શરૂઆતી ચાર દિવસ સુધી દર્શકો મળ્યા નહીં. પણ પાંચમા દિવસે એટલે કે મંગળવારે ફિલ્મને રફતાર પકડી અને બોક્સ ઓફિસ પર મોટી સફળતા મળી. આ ફિલ્મમાં સલમાન ખાને કેમિયો કર્યો હતો.એક રિપોર્ટ અનુસાર, બાગબાન ફિલ્મે દુનિયાભરમાં ૪૧ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. બોક્સ ઓફિસ પર મૂવી મોટી હિટ સાબિત થઈ હતી. તેમાં મહિમા ચૌધરી, અમન વર્મા, સમીર સોની અને સાહિત ચઢ્ઢા જેવા સ્ટાર મહત્વના પાત્રોમાં હતા.

## ઇમ્તિઆઝ અલીની સિરીઝનું કામ શરૂ

# એક્ટિંગ હવે પૈસાવાળાનો ધંધો, કળા રહી નથી રહી: અવિનાશ

## અવિનાશ તિવારીએ ફિલ્મોમાં શરૂઆત તો જોરદાર કરી હતી, તેણે ઇમ્તિઆઝની 'લૈલા મજનુ' જેવી ફિલ્મો સાથે કેરિરની શરૂઆત કરી હતી



અવિનાશ તિવારીએ ફિલ્મોમાં શરૂઆત તો જોરદાર કરી હતી, તેણે ઈમ્તિઆઝ અલીની 'લૈલા મજનુ' જેવી ફિલ્મો સાથે કેરિરની શરૂઆત કરી હતી. પછીથી એ ઓટીટી માટેનો સફળ કલકાર બની ગયો. તાજેતરમાં જ તેની બીજી એક ફિલ્મ ઓટીટી પર રિલીઝ થઈ છે, 'ધ મહેતા બોય્ઝ' જે બોમન ઈરાની દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ પહેલાં તેણે 'સિકંદર કા મુકદ્દર'માં પણ જોરદાર અભિનય કર્યો હતો. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે ફિલ્મોની દુનિયા અને અભિનય અંગે વાત કરી હતી. અવિનાશ તિવારીએ કહ્યું, "પાંચ દિવસ તમને સારું લાગે છે અને પછીના દસ દિવસ તમને એવું લાગે કે આવું તે કંઈ જીવન હોય. ફરી પાંચ દિવસ એવા જાય કે તમને લાગે, વાહ આને જીવન કહેવાય. મારું જીવન હંમેશા આવું જ રહ્યું છે.''છેલ્લાં દસ વર્ષમાં ઘણી મહેનતથી અવિનાશ તિવારીએ પોતાનું એક સ્થાન બનાવ્યું છે. ત્યારે પોતાના કામમાં આવેલાં પડકારો વિશે અવિનાશ કહે છે, "એક્ટિંગ સિવાય આ કામમાં જે પણ જોડાયેલું છે એ બધું જ મારા માટે ચૅલેન્જિંગ છે. તમારે એક મહિનામાં દસ ઈવેન્ટમાં હાજર રહેવાનું હોય તો એમાં ક્યા કપડાં પહેરવા એ જ મારા માટે માથાનો દુઃખાવો છે. તેના માટે તમે એક ટીમ રાખો અને એ તમારા આસપાસના માહોલમાં વહી જાય અને તમારા માટે તમારી ઓળખ જાળવી રાખવાનું મુશ્કેલ બની જાય. તમારે તમારી ખરી ઓળખ જાળવી રાખવું



એ બધો પૈસાનો ખેલ બની ગયો છે. બધું જ પૈસાથી ચાલે છે, એક્ટિંગ હવે એક અમીર માણસનો બિઝનેસ બની ગયો છે. આ હવે માત્ર એક કળા અને કૌશલ્ય નથી રહી, એક બિઝનેસ બની ગઈ છે. આ બધું મારા માટે ચૅલેન્જિંગ છે.''ધ મહેતા બોય્ઝ પછી હવે અવિનાશ તિવારી અદિતિ રાવ હૈદરી સાથે ઈમ્તિઆઝ અલીની સિરીઝમાં કામ કરી રહ્યો છે. જેમાં તેની સાથે અર્જૂન રામપાલ અને અહેસાસ ચન્ના જેવા કલાકારો પણ છે. ૨૫ ફેબ્રુઆરીથી આ સિરીઝનું શૂટ શરૂ થઈ ચૂક્યું છે. આ સિરીઝની વાર્તા અંગે હજુ ખાસ માહિતી નથી પરંતુ આ એક ઈમોશનલ એક્સ્ટ્રા મેરીટલ અફેરની સ્ટોરી હશે. જેનું નામ 'ઓ સાથી રે' આપવામાં આવ્યું છે અને આ સિરીઝ નેટફ્લિક્સ પર આવશે. તેમાં જુના જમાનાના લોકોની મોડર્ન સ્ટોરી છે. આ ફિલ્મ વિશે ઈમ્તાઆઝ અલીએ કહ્યું, "આ ફિલ્મની વાર્તાએ દરેક પડાવ પર મને આશ્ચર્ય પમાડ્યું છે. સ્ટોરી આજની હોવા છતાં તેની લાગણીઓ અનંત છે. નેટફ્લિક્સે આ કાલપ્રિક વાર્તાને સ્વરુપ આપવાનું શક્ય બનાવ્યું છે.''

પોષણ ઉત્સવ ૨૦૨૪ અંતર્ગત

# ગુજરાત વિધાનસભા નાયબ દંડક વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને વઘઇ ખાતે સુરત ઝોન કક્ષાનો કાર્યક્રમ યોજાયો : બાળકો પોષિત બનશે તો દેશ પણ સ્વસ્થ બનશે

## વિજયભાઇ પટેલ - ટી.એચ.આર. અને અન્નમાંથી બનતી પૌષ્ટિક વાનગીઓની સ્પર્ધા યોજાઇ



। (માહિતી) ડાંગ, તા.૧ ।

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરી, સુરત ઝોન તેમજ ડાંગ જિલ્લા પંચાયત આહવાનાં સંયુકત ઉપક્રમે આજરોજ ગુજરાત વિધાનસભા નાયબ દંડકશ્રી વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કૃષિ મહાવિદ્યાલયના ઓડિટોરિયમ હોલ ખાતે સુરત ઝોન કક્ષાનો ''પોષણ ઉત્સવ-૨૦૨૪'' નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આઈસીડીએસ અને આંગણવાડી કાર્યકર બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વઘઈ ખાતે યોજાયેલ પોષણ ઉત્સવ-૨૦૨૪ માં સુરત, વલસાડ, નવસારી, ભરૂચ, તાપી, નર્મદા અને ડાંગ જિલ્લાની બહેનોએ કાર્યક્રમ સ્થળે વાનગી સ્ટોલ ઉભા કરીને વિવિધ વાનગી પ્રદર્શિત કરી હતી. જેનું નિરિક્ષકો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ પ્રંસગે શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતુ કે, મહિલા અને બાળ વિકાસ વિભાગ મહિલાઓ અને બાળકોના પોષણ તથા આરોગ્ય માટે સતત પ્રયત્નશીલ છે. બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતા સુપોષિત બને તે માટે તેઓના રોજિંદા આહારમાં પૌષ્ટિક આહારનો ઉપયોગ કરવામાં આવે અને તેમાંથી જરૂરી કેલેરી, પ્રોટીન અને પોષકતત્વો મળી રહે તે માટે ટેક હોમ રાશન,





માતૃશક્તિ, બાલશક્તિ અને પૂર્ણાશક્તિમાં દર મહિને આપવામાં આવે છે. મિલેટસ ધાન્યો જેવા કે બાજરી, જુવાર, નાગલી, કોદરી, બંટીનો પણ આહારમાં નિયમિત ઉપયોગ કરવા ઉપસ્થિત મહિલાઓ-કિશોરીઓને જણાવ્યું હતું. બાળકો અને સગર્ભા બહેનો યોગ્ય પ્રમાણમાં પોષણયુક્ત ખોરાક આરોગે, વિવિધ દેશી વાનગીઓ ઓછી ખર્ચાળ વસ્તુઓમાંથી બનાવી બાળકોને આરોગ્યપ્રદ ખોરાક પૂરો પાડે અને ઘર આંગણે, આંગણવાડીમાં મળતું ટેક હોમ રાસન, મિલેટસ તેમજ સરગવા જેવા પૌષ્ટિક ખોરાક નિયમિત રીતે આહારમાં ઉપયોગ કરે જેથી માતા પોષિત થશે તો બાળકો પણ પોષિત બની સ્વસ્થ રહેશે તેમ પણ તેઓએ ઉમેર્યુ હતું. આજે T.H.R માંથી બનાલેવ વાનગી અને શ્રી અન્ન માંથી બનાવેલ વાનગીઓને એક થી ત્રણ નંબર પસંદગી કરીને આપવામાં આવ્યાં છે. જે આગળ રાજ્ય કક્ષાએ ભાગ લઈ વિજેતા બને તેવી શુભેચ્છાઓ પણ શ્રી વિજયભાઈ પટેલે આપી હતી. આ પ્રંસગે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન તેમજ જિલ્લા પંચાયત મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન શ્રીમતી સારૂબેન વળવીએ પણ કાર્યક્રમ અનુરૂપ ઉદબોધન કરી આંગણવાડી બહેનોને પ્રોત્સાહિત કરી હતી. આ પ્રસંગે વઘઈ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિત, શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી બીબીબેન ચૌધરી, આઈસીડીએસ પ્રોગ્રામ ઓફીસર શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ સહિત વિભાગના સંબંધિત અધિકારીશ્રીઓ, આંગણવાડી કાર્યકર બહેનો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા. -

# નડિયાદ રેલવેની પશ્ચિમ બાજુની કોરોનાકાળથી બંધ ટિકિટબારી પુનઃ કાર્યાન્વિત કરવામાં આવી



। નડિયાદ, તા.૧ ।

કોરોના દરમ્યાન નડિયાદ રેલવેની પશ્ચિમ બાજુની ટિકિટ બારી બંધ કરવામાં આવી હતી. જે પુનઃ શરૂ કરવામાં આવી છે. ખેડા ડીઆરયુસીસી સભ્ય શ્રી મિતલભાઈ વ્યાસ દ્વારા ખેડાના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ તથા વડોદરા મંડળની બેઠકમા આ મુદ્દે વિસ્તૃત ચર્ચા અને પરામર્શ કર્યા બાદ ઝડપથી તેને શરૂ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

જેના પગલે પંદર દિવસમાં જ તેનું અમલીકરણ કરવામાં આવ્યું છે અને તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તે ટિકિટ બારી શરૂ કરવામાં આવી હતી. જેના દ્વારા પશ્ચિમ વિસ્તારમાં રહેતા નાગરિકો, પાસ ધારકોને તેનો વિશેષ લાભ મળશે. નડિયાદ પશ્ચિમ વિસ્તારના નાગરિકો માટે છેલ્લા ઘણા સમયથી પડતર પ્રશ્ને સુખદ નિરાકરણ આવતા આ વિસ્તારની જનતામાં આનંદ સાથે રાહતની લાગણી વ્યાપી છે.

# ઉચ્છલ તાલુકાના ભડભુંજા આશ્રમશાળા ખાતે આયુષ મેળો યોજાયો :૧૫૮૦ જેટલા નાગરિકોએ આયુષ મેળાનો લાભ લીધો

## જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવા સહિત ધારાસભ્યશ્રી ડો. જયરામભાઇ ગામીતની ઉપસ્થિતીમાં આયુષ મેળાને ખુલ્લો જાહેર કરાયો

। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

ભડભુંજા આશ્રમશાળા ખાતેના આયુષ મેળામાં મોટી સંખ્યામાં લોકોએ પ્રદશર્નીને નિહાળી આયુર્વેદ વિશે જાણકારી મેળવી, સારવાર અને ઉપચારનો લાભ લીધો પપપપપ.. ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ તથા આયુષ કચેરી ગાંધીનગર આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત તાપી દ્વારા ઉચ્છલ તાલુકાના આશ્રમશાળા ભડભુંજા ખાતે આયુષ મેળો યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવા અને મુખ્ય અતિથિ તરીકે ડો. જયરામભાઈ ગામીત ઉપસ્થિત રહી આયુષ મેળાને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી ડૉ. જયરામભાઈ ગામીતે જણાવ્યું હતું કે, આયુર્વેદનુ મહત્વ કોરોના કાળમાં સમગ્ર વિશ્વનાં લોકો સમજ્યા છે.

આયુર્વેદની તમામ દવાઓ વનસ્પતિ અને ફાળફાળાદીમાં થી મળી રહે છે. ત્યારે તેને જીવનનો એક ભાગ બનાવવાથી અનેક રોગથી બચી શકાય છે. બિમારીથી કેમ બચી શકાય તે જીવનશૈલી આયુર્વેદ જણાવે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, લોકોની જીંદગી અમુલ્ય છે તે માટે સરકાર આયુષ મેળાના માધ્યમથી આયુર્વેદને ઘર-ઘર સુધી પ્રચાર-પ્રસાર થાય તે સક્રીય રીતે કામગીરી કરી રહી છે. તેમણે લોકોને પણ આવા આયોજનોનો લાભ લેવા અપીલ કરી પ્રદર્શનમાં દર્શાવેલ માહિતીને દરેક નાગરિકને જાણવા અને આયુર્વેદ સારવાર લેવા આપીલ કરી હતી. આ સાથે મહાનુભાવોના હસ્તે આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત તાપી દ્વારા ખાસ તૈયાર કરવામાં આવેલ પોષણ કીટ બાળકોને વિતરણ કરવામાં આવી હતી.

ઉપરાંત મહાનુભાવોએ પોતાના હાથે બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવ્યા હતા. આઈસીડીએસ વિભાગ દ્વારા પોષ્ટિક આહારનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.આયુર્વેદ વિભાગના વિવિધ માહિતી સ્પ્રદ સ્ટોલો લગાવવામાં આવ્યા હતા જેની મહાનુભાવોએ મુલાકાત લઈ વિગતે માર્ગદર્શન મેળવ્યું હતું, આ આયુષ મેળામાં આયુર્વેદના નિષ્ણાંત વૈદ્યો દ્વારા લાભાર્થીઓને પ્રકૃતિ પરિક્ષણ કરી સારવાર આપવામાં આવી હતી, જૂના સાંધા અને સ્નાયુના રોગોમાં તુરંત



લાભકારક પંચકર્મ, અગ્નિકર્મ અનેઘાંટી કર્મનું માર્ગદર્શન,ચામડી તથા કાન, નાક, ગળાના રોગો, સિકલસેલમાં હોમિયોપેથીક સારવાર, બી.પી. ડાયાબીટીસ, થાઈરોઈડ, ઓબેસીટી–સ્થુળતા જેવા લાઈફ સ્ટાઈલને લગતા રોગો તેમજ માનીસીક રોગો માટે યોગ નિષ્ણાંત દ્વારા યોગ માર્ગદર્શન, વૃધ્ધાવસ્થાજન્ય રોગોની વિશેષ સારવાર, રસોડાના ઔષધો તથા ઘરગથ્થુ ઉપચાર, લીલી વનસ્પતિઓ વિશે નિષ્ણાંત તબીબો દ્વારા માર્ગદર્શન, આયુષની જીવન પધ્ધતિ અપનાવવા બાબતે દિનચર્યા-ઋતુચર્યા વગેરેનું ચાર્ટ પ્રદર્શન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નોધનિય છે કે, ઉચ્છલ તાલુકાના ભડ્ભુંજા ખાતે આયોજીત આ આયુષ મેળામાં કૂલ- ૧૫૮૦ નાગરિકોઓ વિવિધ સારવાર અને ઉપચારનો લાભ લીધો હતો.

જેમાં આયુર્વેદ ઓપીડીના કુલ ૨૮૫ લાભાર્થીઓ, હોમિયોપેથી નિદાન સારવારમાં ૧૨૨, અગ્નિકર્મ-ઘંટીયંત્ર કર્મમાં-૫૨, સુવર્ણપ્રાશનમાં-૧૪૨, અમૃત પાનક-૩૭૫ લાભાર્થીઓ તથા ઔષધિય પ્રદર્શનના ૪૨૨ લાભાર્થીઓ અને સ્વસ્થવૃત શિબિરના ૧૮૨ લાભાર્થીઓ મળી કૂલ ૧૫૮૦ જાહેરજનતાએ આયુષ મેળાનો લાભ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી વૈદ્ય જયશ્રી ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આયુષમેળામાં જિલ્લા પંચાયત સભ્યશ્રી કુસુમબેન વસાવા, ઉચ્છલ તાલુકા પંચાયત પ્રમુખશ્રી મંજુલાબેન પાડવી, તાલુકા પંચાયત સભ્યશ્રી યાકુબ ગામીત સહિત અન્ય મહાનુભાવો, આયુર્વેદીક ડોકટરોની ટીમ, મેડીકલ સ્ટાફ, આંગણવાડીની બહેનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો અને આગણવાડીનાં ભૂલકાઓ,આશ્રમ શાળા ભડભુંજાના શિક્ષકો, બાળકો ઉપસ્થિત રહી આયુષ મેળાનો લાભ લીધો હતો.

# કપરાડા તાલુકામાં આઈસીડીએસ દ્વારા પૂર્ણા ૨.૦ અંતર્ગત કિશોરી મેળો યોજાયો

। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

ગુજરાત સરકારના મજબુત નેતૃત્વ હેઠળ મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તક આઈસીડીએસ ખાતે ચાલતી યોજના પૂર્ણા ૨.૦ અંતર્ગત તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ કપરાડા ખાતે ''કિશોરી મેળો પૂર્ણાની વાત વાલી સાથે''ની ઉજવણી કરવામાં આવી હતી. બાળ વિકાસ યોજના અધિકારીશ્રી કપરાડા ૨ હસુમતીબેન દીવા દ્વારા પૂર્ણા યોજના ૨.૦ અંતર્ગત કિશોરી મેળાના આયોજન વિશે માહિતગાર કરી હાજર તમામને કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ કરી કાર્યક્રમને ખુલ્લો મૂકાયો હતો. અતિથિ વિશેષ તરીકે તાલુકા પંચાયત કપરાડાના પ્રમુખ હીરાબેન માહલા, જિલ્લા પ્રોગ્રામ ઓફિસર મહિલા અને બાળ અધિકારીશ્રી શ્વેતાબેન દેસાઈ, જિલ્લા પંચાયત સભ્ય ધાયત્રીબેન, કપરાડા ગામના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા. કિશોરી મેળામાં કિશોરીઓને આત્મનિર્ભર બનવા, સારું સ્વાસ્થ્ય જાળવવા, શિક્ષિત થવા અને ત્યારબાદ જ પુખ્તવયે લગ્ન કરવા, ફાસ્ટફુડ અને ઠંડા પીણાનો ઉપયોગ ન કરવા ખાસ અપીલ કરવામાં આવી. પૂર્ણા યોજનાના મુખ્ય હેતુઓ જેવા કે, કુપોષણનું નિવારણ, એનિમિયાનું પ્રમાણ ઘટાડવું, જીવન જરૂરી આવડત કેળવવી, કિશોરીનો શાળા પુનઃપ્રવેશ વિશે વિસ્તૃતમાં માહિતી આપી. આ સાથે સ્વઓળખ, નિર્ણય લેવાની ક્ષમતા,



જાહેર સેવાની ઓળખ, જીવન કૌશલ્ય વર્ધન, આરોગ્ય-પોષણ, માતા મૃત્યુદર, બાળ મૃત્યુદર, નાની ઉંમરે સગર્ભાવસ્થાના કારણે સર્જાતી શારિરીક, માનસિક અને આર્થિક મુશ્કેલીઓ, જાતિય શિક્ષણ, કિશોરાવસ્થા દરમિયાન પોષણની જરૂરિયાત અને તેની સામે ખોરાકની અયોગ્ય આદતો વગેરે વિશે કિશોરીઓ અને વાલીગણ સાથે દ્વિ-તરફી સંવાદ કરી ચર્ચા કરવામાં આવી હતી.. તેમજ આઈસીડીએસ અંતર્ગત કિશોરીઓને મળતા ટેક હોમ રાશન, આઈએફએ ટેબ્લેટ વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી. કિશોરીઓ માટે રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કિશોરીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામ વિતરણ તથા સ્પર્ધામાં ભાગ લીધેલ કિશોરીઓ સહિત કિશોરી મેળામાં હાજર રહેલ તમામ કિશોરીઓને મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહક ઈનામ વિતરણ કરવામાં આવેલ હતા. આ ઉપરાંત તમામ કિશોરીઓના વજન-ઉંચાઇ અને એચબીની તપાસ કરવામાં આવેલ હતી.

# આગની દુર્ઘટનામાં નુકસાનગ્રસ્ત શિવશક્તિ માર્કેટની મુલાકાત લેતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી



। સુરત, તા.૧ ।

સુરત શહેરના રિંગરોડ સ્થિત શિવશક્તિ માર્કેટમાં લાગેલી વિકરાળ આગ પર ફાયરબ્રિગેડના જવાનોએ કલાકોની જહેમત બાદ કાબુ મેળવ્યો હતો. આજે સાંજે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ શિવશક્તિ માર્કેટની મુલાકાત લઈને અસરગ્રસ્ત વેપારીઓને મળ્યા હતા, આ તકે તેમણે વેપારીઓને સાંત્વના આપી ફરીથી પગભર થવા માટે સરકાર દ્વારા શક્ય તમામ મદદ કરવાની હૈયાધારણા આપી હતી. ગૃહ રાજ્યમંત્રીશ્રીએ 'નુકસાન થયું છે, પણ હિંમત ન હારવા'નો વેપારીઓને અનુરોધ કરી કહ્યું કે, સકારાત્મક વિચારો સાથે મુશ્કેલીઓનો સામનો કરી આગળ વધવાનું છે. સરકાર વેપારીઓની પડખે હોવાનું જણાવી આ મુશ્કેલ સમયમાં સમગ્ર તંત્ર, ફોસ્ટા અને સુરત મહાનગરપાલિકા નુકસાનીનો સર્વે, ઈન્સ્યોરન્સ ક્લેઈમ, બળેલા માલસામાનને ખસેડવા સહિતની અન્ય જરૂરી વ્યવસ્થા માટે સહયોગી બનશે એવું મંત્રીશ્રીએ આશ્વાસન આપ્યું હતું. તેમણે પોલીસ અને ફાયરના જવાનો દ્વારા કરવામાં આવેલી અગ્નિશમનની કામગીરીને બિરદાવી હતી

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમને મિત્રો સહકાર આપશે જેથી તમને ખૂબ ખુશી મળશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે. તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે. તમારે એ સમજવું જોઈએ કે આ માત્ર સમયનો વેડફાટ છે. આનાથી તમને કોઈ લાભ થવાનો નથી. તમારી ટેવ બદલવી એમાં જ સાર છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારે શાંતિથી બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. પ્રિયપાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલી સર્જાશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે કઈ પણ કરો તેમ થોડી ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. પરિવારમાં નવા સભ્યના આગમનના સમાચાર તમને મુગ્ધ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે.

**મકર (ખ,જ) :**

આજે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારૂં અવિચારી વર્તન તમારા મિત્ર માટે કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે તે આજે તેમના પ્રેમી ને યાદ કરી શકે છે. તમે રાત્રે પ્રેમી સાથે કલાકો સુધી ફોન પર વાત કરી શકો છો. આ રાશિ ના લોકો ને આજ ના દિવસે પોતાના માટે ખુબ સમય મળશે?

## વડોદરાના રાવપુરા પોલીસની હદમાંથી દોઢ મહિનામાં ૧૫ ટુ વ્હીલર વાહનોની ચોરી

**। (એજન્સી) વડોદરા, તા.૧ ।**

વડોદરા શહેરના રાવપુરા પોલીસ મથક હદ વિસ્તારમાંથી છેલ્લા દોઢ મહિનામાં લાખો રૂપિયાની કિંમતના ૧૫ ટુ વ્હીલર વાહનોની ચોરીના બનાવ પોલીસ ચોપડે નોંધાયા છે. નવરાત્રી પર્વ દરમિયાન નવલખી અને લક્ષ્મીવિલાસ પેલેસ ખાતે ગરબા રમવા અથવા જોવા માટે પહોંચેલા ૪ લોકોના ટુ વ્હીલર વાહનોની ચોરી થઈ હતી. લાલ કોર્ટ સામેના પાર્કિંગમાંથી શોપિંગ કરવા ગયેલા વૃદ્ધ દંપતીનું મોપેડ ચોરી થયું હતું. ખાસ કરીને તસ્કરોએ સયાજી હોસ્પિટલને સોફ્ટ ટાર્ગેટ બનાવ્યું હોવાની વિગતો સપાટી પર આવી છે. સયાજી હોસ્પિટલમાં પાર્કિંગ સહિતના અલગ અલગ સ્થળોએથી ૩ તબીબ, ૩ સયાજી હોસ્પિટલના કર્મચારી, અને ૪ દર્દીના સગા સંબંધીના ટુ વ્હીલર વાહનોની ચોરી થઈ હતી. તસ્કરો જાણે પોલીસને પડકાર ફેંકતા હોય તેમ સયાજી હોસ્પિટલમાં પોલીસ ચોકી પાસેથી પણ ટુ વ્હીલરની ઉઠાંતરી કરી હતી. ઉપરોક્ત બનાવો સંદર્ભે પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ચોરીના ગુનાઓ નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## આપઘાતનો પ્રયાસ કરનાર કુંદનલાલ કચ્છવાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું

**। (એજન્સી) બનાસકાંઠા, તા.૧ ।**

બનાસકાંઠાના માલગઢ ગામના પૂર્વ સરપંચ અને ડીસાના જાણીતા બટાકાના વેપારી કુંદનલાલ કચ્છવાના આત્મહત્યાના પ્રયાસના મામલે આખરે દુઃખદ સમાચાર સામે આવ્યા છે. લમણે ગોળી મારીને આપઘાતનો પ્રયાસ કરનાર કુંદનલાલ કચ્છવાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે, જેને પગલે સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ગઈકાલે ગોળી વાગ્યા બાદ કુંદનલાલ સારવાર હેઠળ હતા, પરંતુ આજે તેમનું મોત થતાં મામલો વધુ ગંભીર બન્યો છે. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મૃતક વેપારીના કોલ્ડ સ્ટોરેજ પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. જોકે, મૃતક કુંદનલાલ કચ્છવા પાસેથી એક સ્યુસાઇડ નોટ (ચિઠ્ઠી) મળી આવી છે, જેના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પૂર્વ સરપંચ કુંદનલાલ કચ્છવા પાસેથી મળેલી ચિઠ્ઠીમાં આત્મહત્યા કરવા પાછળનું ગંભીર કારણ સામે આવ્યું છે. ચિઠ્ઠીમાં ઉલ્લેખ છે કે મૃતક દ્વારા ઉમિયાજી કોલ્ડ સ્ટોરેજ પર દાવો દાખલ કરવામાં આવ્યો હતો, જેના પગલે તેમને ધમકીઓ અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.આ ચિઠ્ઠીમાં કેટલાક ચોક્કસ વ્યક્તિઓના નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં ડો. સુરેશ લચ્છાજી માળી, દેવીન સુરેશ માળી, ઉર્મિલા દેવીન, અને સરિતાના નામો સામેલ છે.




૧ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ મળેલી આ તસવીરમાં, છત્તીસગઢના નવા રાયપુર અટલ નગરમાં બ્રહ્મા કુમારીઓના આધ્યાત્મિક શિક્ષણ અને ધ્યાન માટે 'શાંતિ શિખર' કેન્દ્રના ઉદ્ઘાટન દરમિયાન છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ, ડાબેથી બીજા અને અન્ય લોકો સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી.

### આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ટકરાયા પછી વાવાઝોડું મોન્થા હવે નબળું પડ્યું

## વાવાઝોડા મોન્થાને કારણે પ. બંગાળ, બિહાર, યુપીમાં ભારે વરસાદની આગાહી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।**

આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ટકરાયા પછી વાવાઝોડું મોન્થા હવે નબળું પડ્યું છે, પરંતુ તેનાથી સર્જાયેલા લો પ્રેશરને કારણે શનિવાર સુધી પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તરપ્રદેશના કેટલાંક જિલ્લાઓમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. છત્તીસગઢ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, ઝારખંડમાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ હતી. હવામાન વિભાગે જણાવ્યું હતું કે દક્ષિણ છત્તીસગઢ પર સ્થિત વેધર સિસ્ટમ ઉત્તર તરફ પૂર્વ મધ્યપ્રદેશ તરફ આગળ વધવાની અને વધુ નબળી પડવાની સંભાવના છે. તેનાથી ૧ ઓક્ટોબરના રોજ બિહાર અને ઝારખંડમાં અને પશ્ચિમ બંગાળ અને સિક્કિમના કેટલાંક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની ધારણા છે.વાવાઝોડુ મોન્થાએ મંગળવારે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે લેન્ડફોલ કર્યો હતો. રાજ્યના મુખ્યપ્રધાન ચંદ્રબાબુ નાયડુએ જણાવ્યું હતું કે જો આપણે બીજા બે દિવસ આ જ રીતે કામ ચાલુ રાખીશું, તો આપણે લોકોને ઘણી રાહત આપી શકીશું. ચક્રવાતી તોફાનને કારણે બે લોકોના મોત થયા છે. વાવાઝોડાને કારણે આંધ્રપ્રદેશમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. તેની અસર પડોશી ઓડિશામાં પણ અનુભવાઈ હતી, જ્યાં ઓછામાં ઓછા ૧૫ જિલ્લાઓમાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું.

## ચાર ભારતીય કંપનીઓને રેર અર્થ મેગ્નેટ આયાત કરવા ચીનની મંજૂરી

**। (એજન્સી) બેઈજિંગ, તા.૧ ।**

ભારત અને ચીન વચ્ચે સરહદી વિવાદને લઈને લાંબા સમય સુધી તણાવ રહ્યા બાદ હવે સંબંધોમાં સુધારો થયો છે. સંબંધોમાં સુધારાના ફળ સ્વરૂપે ચીને ભારતને રેર અર્થ મેગ્નેટ્સને લઈને ખુશખબર આપ્યા છે. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, કેટલીક ભારતીય કંપનીઓને ચીનમાંથી રેર અર્થ મેગ્નેટ્સની આયાત કરવા લાઈસન્સ મળ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે, અમેરિકા અને ચીન વચ્ચેની વેપાર સંધી અમારા પરિપ્રેક્ષ્યમાં કેવી રીતે કામ કરશે તે હવે જોવું રહેશે. રેર એર્થ મેગ્નેટ્સ આયાત કરવાની મંજૂરી મળવાથી ભારતીય ઓટો ઉત્પાદકો અને ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરર્સને મોટી રાહત મળશે. ભારતના કેટલાક સ્થાનિક ઉદ્યોગોમાં પણ રેર અર્થ મેગ્નેટ્સનો ઉપયોગ થાય છે. છ મહિના અગાઉ અમેરિકા સાથે ટ્રેડ વોરને પગલે ચીને આકરું વલણ અપનાવતાં રેર અર્થ ખનીજો સહિતના કાચા માલના વેપાર ઉપર રોક લગાવી દીધી હતી.એક ઓટોમોટિવ કંપનીના સીનિયર એક્ઝિક્યુટિવના મતે ચીનના વાણિજ્ય મંત્રાલયે જે ઉશિન લિમિટેડ, ડી ડાયમંડ ઈલેક્ટ્રિક ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને જર્મન ઓટોમોટિવ કમ્પોનન્ટ મેકર કોન્ટિનેન્ટલ એજી તથા જાપાનની હિટાચી એસ્ટેમોના ભારતીય એકમોને રેર અર્થ મેગ્નેટ્સ એક્સપોર્ટની અરજીને મંજૂરી આપી છે.

### ૫,૫૨૦ બોટલો સાથે પંજાબના બે શખસની ધરપકડ

## સોલા હાઈકોર્ટ પોલીસે દારૂની દાણચોરીની એક મોટી કાર્યવાહીનો પર્દાફાશ કર્યો

**। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।**

અમદાવાદમાં સોલા હાઈકોર્ટ પોલીસે દારૂની દાણચોરીની એક મોટી કાર્યવાહીનો પર્દાફાશ કર્યો છે. જેમાં હોસ્પિટલની દવાની બોટલોની આડમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયર મળીને કુલ ૫,૫૨૦ બોટલના જથ્થા સાથે પોલીસે પંજાબના બે શખસની ધરપકડ કરી છે. પોલીસે કુલ રૂ.૫૦.૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, સોલા હાઈકોર્ટ પોલીસ સર્વેલન્સની ટીમે બાતમીના આધારે ગુરુવારે (૩૦ ઓક્ટોબર) મોડી રાત્રે એસ.જી. હાઈવે ગોતા બ્રિજ પાસે શંકાસ્પદ ટ્રકને અટકાવ્યો હતો. જેમાં તપાસ કરતાં ટ્રકમાં હોસ્પિટલની દવાની બોટલ તરીકે લેબલવાળા બોક્સ મળી આવ્યા હતા, જેમાં વિવિધ બ્રાન્ડના ૫,૫૨૦ બોટલ અને દારૂના ટીન મળી આવ્યા હતા. પોલીસે વ્હિસ્કી દારૂ અને બીયરની ૫,૫૨૦ બોટલ, રૂ.૨૦ લાખની કિંમતનો ટ્રક, બે મોબાઈલ ફોન અને ગેરકાયદે માલ માટે કવરમાં ઉપયોગમાં લેવામાં આવતી લગભગ ૫૯,૯૦૪ ખાલી દવાની બોટલો જપ્ત કરી હતી.

આરોપીના નામ

- યાદવિંદરસિંહ અનુપસિંહ ભુલ્લર (ઉં.વ.૩૬, ડ્રાઈવર, રહે. અમૃતસર, પંજાબ)
- તરલોચનસિંહ ગજનસિંહ સંધુ (ઉં.વ.૪૦, ડ્રાઈવર, રહે. અમૃતસર, પંજાબ)

દવાના બોક્સમાં દારુની દાણચોરી મામલે ગુજરાત દારૂબંધી કાયદાની કલમો હેઠળ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'આરોપીઓ બચવા માટે હોસ્પિટલ સપ્લાય કન્સાઈનમેન્ટનો ઉપયોગ કરીને રાજ્યની બહારથી ગુજરાતમાં દારૂની દાણચોરી કરી રહ્યા હતા. હોસ્પિટલના દવાના પેકેજોમાં દારૂ છુપાવવાની મોડસ ઓપરેન્ડી એક સંગઠિત નેટવર્કનું અનુમાન છે.

સપ્લાય રૂટ અને આ કામગીરીમાં સામેલ અન્ય લોકોને શોધવા માટે વધુ તપાસ ચાલી રહી છે.'

## યુક્રેનના ઉર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર રશિયાનો વધુ એક ભીષણ હુમલો

### ઝેલેન્સ્કીએ કહ્યું કે, રશિયાએ આ હુમલામાં ૬૫૦થી વધુ ડ્રોન અને અનેક પ્રકારની ૫૦થી વધુ મિસાઈલો છોડી

**। (એજન્સી) જેરૂસાલેમ, તા.૧ ।**

યુક્રેનના ઉર્જા માળખા પર રશિયા સતત મોટા પ્રમાણમાં હુમલા કરી રહ્યું છે. ત્યારે રશિયાના વધુ એક હુમલા બાદ ગુરુવારે (૩૦ ઓક્ટોબર) યુક્રેનના તમામ વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ. યુક્રેનમાં અંધારપટ છવાતા યુક્રેનના વડાપ્રધાને મોસ્કોની આ રણનીતિને સુનિયોજિત ઉર્જા આતંક ગણાવી. અધિકારીઓના અનુસાર, આ હુમલામાં ઓછામાં ઓછા ૨ લોકોના મોત થયા અને ૧૭ લોકો ઘાયલ થયા છે, જેમાં ૨ થી ૧૬ વર્ષના બાળકો પણ સામેલ છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદીમીર ઝેલેન્સ્કીએ કહ્યું કે, રશિયાએ આ હુમલામાં ૬૫૦થી વધુ ડ્રોન અને અનેક પ્રકારની ૫૦થી વધુ મિસાઈલો છોડી હતી. રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિને બુધવારે દાવો કર્યો હતો કે, રશિયાના સૈનિકોએ યુક્રેનના બે ખાસ શહેરોમાં યુક્રેનના સૈનિકોને ઘેરી લીધા છે અને તેને સરેન્ડર કરવા માટે ડીલ કરવાની ઓફર આપી. જોકે, યુક્રેનના મિલિટ્રી અધિકારીઓએ આ દાવાને ફગાવ્યો છે. બીજી તરફ હાલમાં જ રશિયાએ પાણીની અંદર પરમાણુ સબમરીન ડ્રોનનું પરીક્ષણ કર્યું છે, જેણે સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું છે. રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિને આ અંગે જાહેરાત કરી હતી. પુતિનની જાહેરાતથી અમેરિકા અને યુરોપિયન યુનિયનમાં હડકંપ મચ્યો છે. પરિણામે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાત્કાલિક પરમાણુ પરીક્ષણનો આદેશ આપ્યો છે. પોસાઇડન(Poseidon)નામનાઆડ્રોનનીક્ષમતાઓવિશે હજુ સુધી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. પુતિને જણાવ્યું હતું કે પરમાણુ-સક્ષમ ઓટોમેટિક સબમરીન ડ્રોન પોસાઇડનનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. તે રશિયાની સૌથી શક્તિશાળી સર્મત(Sarmat) મિસાઈલ કરતાં વધુ શક્તિશાળી છે. પોસાઇડન ડ્રોનનું પરીક્ષણ સબમરીનમાંથી કરવામાં આવ્યું હતું. આ ડ્રોન એક પરમાણુ પાવર પ્લાન્ટથી સજ્જ છે જે મોટી સબમરીનના રિએક્ટર કરતાં ૧૦૦ ગણું નાનું છે. પુતિને એમ પણ કહ્યું હતું કે સર્મત મિસાઈલ ટૂંક સમયમાં રશિયાની સેનામાં સામેલ કરવામાં આવશે.

### ઓક્ટોબરમાં જ 3.30 ઈંચ વરસાદ

## ગુજરાતમાં કમોસમી વરસાદે છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।**

અરબી સમુદ્રમાં સર્જાયેલા ડિપ્રેશનના કારણે ગુજરાતમાં કમોસમી વરસાદનો દોર ચાલુ રહેતા ખેડૂતો માટે 'પડતા પર પાટુ' જેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં ઓક્ટોબર મહિનામાં નોંધાયેલા વરસાદે છેલ્લા એક દાયકાનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ગુજરાતમાં આ વર્ષે ઓક્ટોબર મહિનામાં જ સરેરાશ ૩.૩૦ ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જે છેલ્લા ૧૦ વર્ષમાં ઓક્ટોબરમાં નોંધાયેલો સૌથી વધુ વરસાદ છે. આ પહેલા ૨૦૧૬, ૨૦૨૨ અને ૨૦૨૪ના વર્ષમાં પણ ઓક્ટોબરમાં વધુ વરસાદ પડ્યો હતો, પરંતુ આ વર્ષે તેની તીવ્રતા સૌથી વધારે રહી છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં સરેરાશ ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો.ગુરુવારે રાજ્યના કુલ ૧૮૮ તાલુકાઓમાં માવઠું પડ્યું હતું.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

ટેન્ડર નંબર - **DRM-SnT-ADI-Sig 09** ને આમંત્રણ આપવાની સૂચના (ફરીથી આમંત્રણ) ૨૦૨૫-૨૬
સિગ્નલિંગ મટિરિયલ, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગનો ભાગ પુરવઠો

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી કાર્ય કરતા **DRM/S** અને **T** ટેન્ડર નંબર **DRM-SnT-ADI-Sig 09** (ફરીથી આમંત્રણ) ના ૨૦૨૫-૨૬ ના અંતિમ તારીખ ૨૪.૧૧.૨૦૨૫, ૧૫:૦૦ વાગ્યે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ/સુધારેલી બિડ સબમિટ કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે.

| |
|---|
| કામનું નામઃ અમદાવાદ ડિવિઝનની હાલની જૂની ફાયર એલાર્મ સિસ્ટમના વિસ્તરણના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ (ફરીથી આમંત્રણ). |
| કામનો અંદાજિત ખર્ચઃ ૨,૧૪,૮૯,૫૩૮.૨૦/- (રૂ. બે કરોડ) ચૌદ લાખ ઓગણસી હજાર પાંચસો આડત્રીસ રૂપિયા અને વીસ પૈસા માત્ર) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટઃ ₹૨,૫૭,૫૦૦/- (રૂ. બે લાખ સત્તાવન હજાર પાંચસો માત્ર) |
| બંધ થવાની તારીખ અને સમયઃ ૨૪.૧૧.૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક પછી નહીં |
| ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ૨૪.૧૧.૨૦૨૫ ના રોજ ૧૫:૩૦ વાગ્યે ખુલશે. |
| ઈ-ટેન્ડરિંગની વેબસાઈટઃ **www.ireps.gov.in** ADI 192 |

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# વિશેષ


### કિડનીની પથરી તૂટી પરંતુ ચીરો એક પણ નહીં :- "ઝીરો સ્કાર"

# સિવિલ હોસ્પિટલમાં ૧૧ મહિનામાં ૭૦૦ દર્દીઓના કિડનીમાં પથરીની ઓપરેશન વગર લીથોટ્રીપ્સીથી પેઇનલેસ સારવાર










**। (માહિતી) ગાંધીનગર ।**

અમદાવાદની સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગે ૧૧ મહિનામાં ૭ ૦૦ દર્દીઓની કિડનીની પથરી લીથોટ્રીપ્સીથી દૂર કરવાનો માઈલસ્ટોન હાંસલ કર્યો છે. આધુનિક ટેકનોલોજી અને સિવિલના યુરોલોજી વિભાગના ડોક્ટરોની અનુભવી ટીમના સંયુક્ત પ્રયત્નોથી માત્ર ૧૧ મહિનામાં ૭૦૦થી વધુ દર્દીઓની કિડની પથરી ની તકલીફ સફળતાપૂર્વક દૂર કરવામાં આવી છે — તે પણ શસ્ત્રક્રિયા વગર, દુખાવા વગર અને ઝીરો સ્કાર સાથે! સિવિલ હોસ્પિટલ ના યુરોલોજી વિભાગ ના વડા ડો. શ્રેણિક શાહે વધુ વિગતો આપતા જણાવ્યુ હતુ કે લિથોટ્રિપ્સી એ એક અદ્યતન શરીર ઉપર વાઢકાપ કર્યા સિવાયની સારવાર પદ્ધતિ છે, જેમાં કિડની કે મૂત્રમાર્ગની પથરીઓને હાઈ એનર્જી સાઉન્ડ વેવ્સ દ્વારા તોડી દેવામાં આવે છે. આ પ્રક્રિયા દરમિયાન કોઈ ચીરો પડતો નથી, તેથી દર્દીઓને હોસ્પિટલમાં લાંબો સમય રોકાવું પડતું નથી અને તેઓ ઝડપી સ્વસ્થતા અનુભવે છે..સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગ દ્વારા છેલ્લા ૧૧ મહીના માં લિથોટ્રિપ્સીથી ઓપરેશન વગર ૭૦૦ દર્દીઓની કિડની તેમજ પેશાબની નળીમાં રહેલી પથરી દૂર કરવામાં આવી છે. તમામ દર્દીઓ પીડારહિત સામાન્ય જીવનશૈલીમાં પાછા ફર્યા છે. ડૉક્ટર શ્રેણિક શાહે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે આ ૭૦૦ દર્દીઓમાંથી ૮૨ % દર્દીઓમાં પ્રથમ પ્રયાસે જ સંપૂર્ણપણે પથરી દૂર થઇ હતી જ્યારે ૧૫.૨૫ % કિસ્સામાં બે વાર લીથોટ્રીપ્સી કરી પથરી દૂર કરવામાં આવી હતી. જેમાં ૩ વર્ષથી લઇ ૮૧ વર્ષ સુધીના દર્દીઓની પથરીની તકલીફ દૂર કરાઇ. આ ૭૦૦ દર્દીઓમાં ૪૯૭ પુરુષ દર્દી તેમજ ૨૦૩ સ્ત્રી દર્દીનો સમાવેશ થાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, ૧૮૫ દર્દીઓમાં ૧૦ મ્મ (મિલીમીટર) સાઇઝની, ૩૨૩ દર્દીઓમાં પથરીની સાઇઝ ૧૦થી ૧૫ મ્મ તેમજ ૧૯૨ દર્દીઓ એવા હતા જેમની પથરીની સાઇઝ ૧૫ મ્મ કરતાં પણ વધારે હતી.

**ન્યૂઝ બ્રિફ**

## પત્ની અને પ્રેમિકાની હત્યા કરનાર હત્યારો ફૈઝલ પઠાણ ઝડપાયો

। (એજન્સી) નવસારી, તા.૧ ।

નવસારી જિલ્લામાં વર્ષોથી બંધ પડેલી એક રાઈસ મિલમાંથી મળી આવેલા બે મહિલાઓના મૃતદેહના મામલે પોલીસે મોટી સફળતા હાંસલ કરી છે. પોલીસે સંયુક્ત ઓપરેશન દ્વારા બંને હત્યાઓનો ભેદ ઉકેલી કાઢ્યો છે અને હત્યારા આરોપી ફૈઝલ પઠાણને ઝડપી પાડ્યો છે.નવસારી નજીક હાઈવે પર આવેલી અને લાંબા સમયથી બંધ પડેલી એક રાઈસ મિલમાંથી બે મહિલાઓના શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યા હતા. આ ઘટનાએ સમગ્ર જિલ્લામાં ચકચાર મચાવી દીધી હતી. પોલીસે ઝડપી પાડેલા હત્યારા આરોપીનું નામ ફૈઝલ પઠાણ છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી ફૈઝલ પઠાણે જે બે મહિલાઓની હત્યા કરી હતી, તેમાં તેની પત્ની અને તેની પ્રેમિકાનો સમાવેશ થાય છે. આરોપીએ બંધ પડેલી રાઈસ મિલમાં જ આ બેવડી હત્યાને અંજામ આપ્યો હતો.

## ખેડૂતોની સમસ્યાને લઈને કોંગ્રેસ ગામ ગજવશે

। (એજન્સી) અમદાવાદ,તા.૧ ।

ખેડૂતોની સમસ્યાને ઉજાગર કરવા માટે કોંગ્રેસ ખેડૂત આક્રોશ યાત્રા યોજશે. આગામી ૧ થી ૧૩ નવેમ્બર સુધી સમગ્ર રાજ્યમાં દેખાવો યોજાશે. ૧ થી ૫ નવેમ્બર સુધી કલેકટર મામલતદારોને આવેદનપત્ર આપવા ઉપરાંત પદયાત્રાઓ યોજાશે. ૬ નવેમ્બરે તમામ કલેક્ટર કચેરીનો ઘેરાવો કરાશે. સૌરાષ્ટ્રમાં ખેડૂત આક્રોશ યાત્રાનો પ્રારંભ ૬ નવેમ્બરે સોમનાથથી કરાશે. સૌરાષ્ટ્રના તમામ જિલ્લાને આવરી લેતી યાત્રાની ૬ થી ૧૩ નવેમ્બરથી સુધી ચાલશે. ૧૩ નવેમ્બરે યાત્રાનું સમાપન દ્વારકામાં કરાશે.વરસાદી પૂર અને માવઠાનો માર ખાઈને અધમુઆ થઈ ગયેલા રાજ્યના ખેડૂતોના દેવા માફ કરવા કોંગ્રેસે માંગ કરી છે. ખેડૂતોની સ્થિતિ અંગે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે, આજે ગુજરાતના ખેડૂતોની હાલત ખૂબ દયનીય છે.

## સતત વરસાદથી ખાંભાનો રાયડી ડેમ છલકાયો

। (એજન્સી) અમરેલી, તા.૧ ।

અમરેલી જિલ્લાના ખાંભા-ગીર વિસ્તારમાં છેલ્લા છ દિવસથી પડી રહેલા અનરાધાર કમોસમી વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદના પગલે સ્થાનિક નદીઓમાં ઘોડાપૂર આવ્યું છે અને જિલ્લાનો રાયડી ડેમ છલકાઈ ગયો છે. ખાંભા ગીરના ગામડાઓમાં અવિરત વરસાદના પરિણામે રાયડી ડેમ તેની સપાટી વટાવી ગયો છે. રાયડી ડેમ છલકાઈ જતાં ડેમનું પાણી છોડવા માટે બે દરવાજા બે-બે ફૂટ જેટલા ખોલવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા ડેમ નીચેના વિસ્તારના ગામોને તુરંત એલર્ટ કરવામાં આવ્યા છે. મોટા બારમણ, નાના બારમણ, ચોતરા, અને મીઠાપુર સહિતના ગામોને નદીના પટમાં કોઈ પણ પ્રકારની અવરજવર ન કરવા માટે સૂચના આપવામાં આવી છે.ખાંભા ઉપરાંત અમરેલીના અન્ય તાલુકાઓ પણ વરસાદની ઝપેટમાં છે.

# લોભામણી સ્કીમોથી ૯૮ લાખની ઠગાઈ કરનાર શાહ દંપતીની ઇકો સેલે ધરપકડ કરી, લોભામણી સ્કીમ્સ દ્વારા ઠગાઈની મોડસ ઓપરેન્ડી



। (પ્રતિનિધી) સુરત, તા.૧ ।

સુરત શહેરની આર્થિક ગુના નિવારણ શાખા એ રોકાણકારોને ઊંચા વળતરની લોભામણી સ્કીમોની લાલચ આપીને આશરે રૂપિયા ૯૮.૫૦ લાખની ઠગાઈ કરવાના ગુનામાં 'SHAH'S INVESTMENT' કંપનીના માલિક હાર્દિકકુમાર અશોકભાઈ શાહ અને તેમની પત્ની પૂજાબેન શાહની ધરપકડ કરી છે. કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગંભીર કેસમાં ઈકો સેલે વધુ તપાસ માટે દંપતીના રિમાન્ડ મેળવ્યા છે. આરોપી દંપતીએ તા. ૧૮/૧૧/૨૦૨૨ થી પૂર્વાયોજિત કાવતરું રચીને રોકાણકારોને આકર્ષવાનું શરૂ કર્યું હતું. તેઓ રોકાણ પર માત્ર ૪૨ દિવસમાં ૫%, ૬૫ દિવસમાં ૮% અને ૧૦૦ દિવસમાં ૧૨% જેવું અવાસ્તવિક વળતર આપવાની લાલચ આપતા હતા. રોકાણકારોનો વિશ્વાસ જીતવા માટે, આ દંપતીએ તેમની કંપની SEBI રજિસ્ટર્ડ ન હોવા છતાં પણ તેઓ SEBI માં રજિસ્ટર્ડ હોવાનું ખોટું જણાવીને લોકોને ગેરમાર્ગે દોર્યા હતા. નિતીન જાની (ખજૂરભાઈ) અને જાનકી બોડીવાલા સહિતના ગુજરાતી કલાકારોએ શાહ ઈન્વેસ્ટમેન્ટની જાહેરાતો પણ કરી હતી, જેના કારણે રોકાણકારોનો વિશ્વાસ વધ્યો હતો. શરૂઆતમાં, થોડા રોકાણકારોને વળતર ચૂકવીને દંપતીએ વધુ મોટા રોકાણો આકર્ષ્યા હતા. જોકે, ત્યારબાદ તેમણે ચૂકવણી બંધ કરી દીધી અને રોકાણકારોના પૈસા ડુબાડી દીધા. ફરિયાદી મિલન ભરતભાઈ ભાતિયાની ફરિયાદના આધારે આ દંપતી વિરુદ્ધ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં તા. ૧૯/૧૦/૨૦૨૫ ના રોજ ગુનો નોંધવામાં આવ્યો હતો. ફરિયાદની વિગતો મુજબ, ફરિયાદીના રૂપિયા ૩૦,૦૦,૦૦૦ અને અન્ય સાહેદોના રૂપિયા ૬૮,૫૦,૦૦૦ મળીને કુલ રૂપિયા ૯૮,૫૦,૦૦૦નું રોકાણ વળતર કે મુદ્દલ પરત કર્યા વિના ડુબાડી દેવાયું હતું. જ્યારે ફરિયાદીએ પોતાના રોકાયેલા રૂપિયાની ઉઘરાણી કરી, ત્યારે મુખ્ય આરોપી હાર્દિક શાહે ઉશ્કેરાઈ જઈને ખુલ્લેઆમ ધમકી આપી હતી. "તારે જે કરવું હોય તે કરી લે, તને કોઈ પૈસા પરત નહી મળે, વધુ કાયદેસર થવા જઈશ તો જાનથી હાથ ધોઈ બેસીસ."આરોપીએ ફરિયાદી સાથે ગાળાગાળી પણ કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ કેસના મુખ્ય આરોપીઓ અગાઉ સીઆઈડી ક્રાઈમ દ્વારા દાખલ કરવામાં આવેલા સમાન ગુનામાં લાજપોર જેલમાં હતા. આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા લાજપોર જેલમાંથી શાહ દંપતીનો કબજો મેળવીને તેમને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે દંપતીના તા. ૧/૧૧/૨૦૨૫ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. ECO Cell હાલમાં આ દંપતીના ગુનાની મોડસ ઓપરેન્ડી, અન્ય ભોગ બનનાર રોકાણકારો અને કાવતરાના ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

### વૈષ્ણોદેવીથી ગોતા બ્રિજ પહોંચતા ઝડપાયા

# ૬૦ હજાર દવાની બોટલો વચ્ચેથી ૫ હજાર બોટલ દારૂ-બીયર ભરેલી ટ્રક ઝડપાઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

શહેરના એસજી હાઈવે પર ગોતા બ્રિજ નજીક દારૂ ભરેલી ટ્રક સોલા પોલીસે ઝડપી લીધી છે. આરોપીઓ હરિયાણાથી આ ટ્રકમાં ૬૦ હજાર દવાની બોટલો વચ્ચે દારૂ બીયરની પાંચ હજારથી વધુ બોટલો ભરીને રાજકોટ તરફ જઈ રહ્યા હતા. સોલા પોલીસે બાતમી આધારે ટ્રક સાથે બે આરોપીને ઝડપી લઈ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આ જથ્થો હરિયાણાથી લઈ આવીને રાજકોટ પહોંચાડવાનો હોવાનું જણાયુ છે.વૈષ્ણોદેવી સર્કલથી સરખેજ તરફ દારૂ બીયરનો જથ્થો ભરીને એક ટ્રક પસાર થવાની છે તેવી પોલીસને બાતમી મળી હતી. સોલા પોલીસસ્ટેશનના ઈન્સપેક્ટર કે. એન. ભુકણ અને પીએસઆઈ એસ. જે. દેસાઈની ટીમે ગોતા બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં એક શંકાસ્પદ ટ્રક પસાર થતા પોલીસે તેને થોભાવી હતી. પોલીસે ટ્રકની તપાસ કરતા પહેલાં તો દવાની બોટલોના બોક્સ મળી આવ્યા હતા. જોકે, દવાની બોટલોના બોક્સની આડમાં દારૂ બીયરનો જથ્થો ભરેલા બોક્સ પણ મળી આવતા પોલીસની આંખો પહોળી થઈ ગઈ હતી. સોલા પોલીસે આરોપી સાદવીન્દરસિંઘ ભુલ્લર અને તરચોલનસિંઘ સંધુ (બંને રહે. પંજાબ)ની ધરપકડ કરી છે. પોલીસે ૩૦.૯૦ લાખની મતાના દારૂ-બીયરની ૫૫૨૦ બોટલ, ટ્રક અને ૬૦ હજાર દવાની બોટલો મળીને કુલ રૂ. ૫૦.૯૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### ગ્રામ્ય વિસ્તારમાં તસ્કરોનો તરખાટ યથાવત

# ડભોડાના બંધ મકાનનું તાળું તોડીને તસ્કરો ૧.૯૩ લાખની મત્તા ચોરી ગયા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

ગાંધીનગર શહેર નજીક આવેલા ડભોડામાં બંધ મકાનનું તાળું તોડીને તસ્કરો તેમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળીને ૧.૯૩ લાખ રૂપિયાની મત્તા ચોરીને ફરાર થઈ ગયા હતા. જે સંદર્ભે ડભોડા પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા તસ્કરોને પકડી પાડવા માટે દોડધામ શરૂ કરવામાં આવી છે.ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં ચોરીની ઘટનાઓ વધી રહી છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં ફરીવાર તસ્કર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે ત્યારે ડભોડા ગામની હુડકો વસાહતમાં બંધ મકાનનું તાળું તોડીને ચોરી કરવામાં આવી છે. જે સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અહીં રહેતા દમયંતીબેન રાહુલભાઈ પરમાર અમદાવાદ નરોડા ખાતે શ્યામ સત્વ સોસાયટીમાં ભાડે રહે છે અને બ્યુટી પાર્લરનો વ્યવસાય કરે છે. ગઈકાલે સવારના સમયે તેઓ ઘરે હાજર હતા તે સમયે તેમના દિયર શૈલેષકુમારે ફોન કરીને જાણ કરી હતી કે, તેમના ઘરની જાળી અને ઘર ખુલ્લી હાલતમાં છે. જેના પગલે તેઓ તુરંત જ ઘરે પહોંચ્યા હતા અને તપાસ કરતાં ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલી હાલતમાં હતો અને તિજોરી ખુલ્લી હતી અને સામાન અસ્તવ્યસ્ત હાલતમાં પડયો હતો. જેના પગલે તેમણે ઘરમાં તપાસ કરતા સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળીને ૧.૯૩ લાખ રૂપિયાની ચોરી થઈ હોવાનું જણાયું હતું. જેથી આ સંદર્ભે તેમણે ડભોડા પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ ઉપર આવી પહોંચી હતી અને ચોરીનો ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા તસ્કરોને પકડવા માટે દોડધામ શરૂ કરી હતી. જેના પગલે તેમણે ઘરમાં તપાસ કરતા સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળીને ૧.૯૩ લાખ રૂપિયાની ચોરી થઈ હોવાનું જણાયું હતું. જેથી આ સંદર્ભે તેમણે ડભોડા પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ ઉપર આવી પહોંચી હતી અને ચોરીનો ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા તસ્કરોને પકડવા માટે દોડધામ શરૂ કરી હતી.

## ગુજરાતની તમામ જિલ્લા અદાલતમાં A4 સાઈઝનો પેપર ફરજિયાત, ફોન્ટ અને માર્જિનનો પણ નિયમો બદલાયો

। અમદાવાદ, તા.૧ ।

ગુજરાત હાઈકોર્ટ દ્વારા એક પરિપત્ર જાહેર કરી હવેથી રાજયની તમામ જિલ્લા અદાલતો-કોર્ટોમાં તમામ પ્રકારની પિટિશન, એફિડેવીટ, એપ્લીકેશન, ઓર્ડર, જજમેન્ટ વગેરે એ-૪ સાઇઝના પેપર પર જ દાખલ કરવાના રહેશે. રાજયની તમામ જિલ્લા અદાલતો માટે લાગુ પાડવામાં આવેલ આ નિયમની અમલવારી પહેલી જાન્યુઆરી, ૨૦૨૬થી કરવી પડશે.પરિપત્રમાં ચોક્કસ એ-૪ સાઇઝના પેપરના ઉપયોગની સાથે સાથે તેની ક્વોલિટી, ગુજરાતી ફોન્ટ, અંગ્રેજી ફોન્ટ, લાઈન સ્પેસિંગ સહિતની બાબતોનો પણ ખાસ ઉલ્લેખ કરાયો છે. તેથી તેની આ નિયમાનુસાર અમલવારી કરવાની રહેશે. પેપરની વિગત જોઈએ તો, એ-૪ સાઇઝ (૨૯.૭ સે.મી ટ ૨૧ સે.મી), ક્વોલિટી ઓછામાં ઓછી ૧૫ જીએસએમ પ્રકારની હોવી જોઈશે, બંને બાજુ પ્રિન્ટીંગ શક્ય રહેશે, ગુજરાતી ફોન્ટ એલએમજી અરૂણ - ટેરાફોન્ટ અરૂણ (ફોન્ટ સાઈઝ ૧૬), લાઈન સ્પેસિંગ ૧.૫ (ક્વોટેશન અને ઈન્ડેન્ટ માટે), ઉપરાંત ડાબે-જમણે ચાર સે.મીનું અને ઉપર નીચે ૨ સે.મીનું માર્જિન રાખવાનું રહેશે. ગુજરાત રાજયની તમામ જિલ્લા અદાલતોમાં એ-૪ સાઇઝના પેપર સહિતની ઉપરોકત નિયમો અને નિર્દેશોની પહેલી જાન્યુઆરી, ૨૦૨૬થી અમલવારી કરવાની રહેશે.

### વીમાના નામે છેતરપિંડી કરવાની મોડ્સ ઓપરેન્ડી સામે આવી

# વીમાના નાણાં મેળવવા જતા સિનિયર સિટીઝનોએ ૬૬ લાખ રૂપિયા ગુમાવ્યા

**વીમા કંપનીઓ પાસેથી વિગતો મેળવીને ચોક્કસ ગેંગ દ્વારા ખાસ સિનિયર સીટીઝનને ટારગેટ કરાઇછે : ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ શરૂ**

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ઓનલાઈન છેતરપિંડી આચરતી ગેંગ દ્વારા હવે વીમા કંપનીના નામે કોલ કરીને ક્લેઈમના ઉંચા વળતર સાથે પરત અપાવવાનું કહીને સિનિયર સિટીઝનોને ટારગેટ કરવામાં આવતી હોવાની નવી મોડ્સ ઓપરન્ડી સામે આવી છે. અમદાવાદમાં રહેતા સિનિયર સિટીઝનના વીમા પોલીસીની વિગતો મોકલીને તેમને નાણાં અપાવવાનું કહીને ૬૬ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ સેલમાં નોંધવામાં આવી છે.શહેરના રાણીપમાં આવેલી આશાદીપ સોસાયટીમાં રહેતા ચંદુભાઈ પટેલને વર્ષ ૨૦૨૩માં કોલ આવ્યો હતો. જેમાં કોલરે બજાજ એલાયન્સ નામની કંપનીમાં વાત કરતો હોવાનું જણાવીને તેમને પોલીસી ઓફર કરી હતી. જે આકર્ષક લાગતા તેમણે અલગ અલગ પોલીસી લીધી હતી. આ માટે તેમણે બેંકમાંથી નાણાં કપાઈ તે માટે ઈસીએસ શરૂ કરાવ્યું હતું. આશરે એક વર્ષ પહેલા તેમને કોલ આવ્યો હતો કે તેમની પોલીસી વીસ વર્ષની છે. પંરતુ, પ્રી-મેચ્યોર કરાવશો તો ૪૪ લાખ રૂપિયા મળશે. આ માટે તેમણે અલગ અલગ સમયે કુલ ૩૬ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. જે પૈકીના નાણાં પ્રી-મેચ્યોર રકમ સાથે મળી જશે તેમ કહેવામાં આવ્યું હતું. પરંતુ, તેમને નાણાં પરત અપાયા નહોતા. અન્ય બનાવમાં સાબરમતીમાં આવેલી મહર્ષી દયાનંદ પાર્ક સોસાયટીમાં રહેતા ૭૯ વર્ષીય સીતારામભાઈ શર્માના પુત્રના વોટસએપ નંબર પર સ્ટેટ બેક ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજર નામે અનીલ ભારદ્વાજ નામના વ્યક્તિએ કોલ કર્યો હતો. તેણે વોટસએપ પર સીતારામભાઈની બેંક ડીટેઈલ અને રોકાણની વિગતો મોકલી હતી. જેમાં વીમાના નાણાં પણ હતા.

# વિસાવદરમાં હાર્યા એટલે ગુજરાતમાં મંત્રીમંડળ બદલી દીધું

। સુરેન્દ્રનગર, તા.૧ ।






સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના સુદામડા ગામે આમ આદમી પાર્ટી (AAP) દ્વારા એક વિશાળ ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાપંચાયતમાં ખેડૂતો અને 'આપ'ના સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા, જેણે સભાસ્થળને ભરચક બનાવી દીધું હતું. આ કાર્યક્રમમાં 'આપ'ના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે 'આપ'ના ગુજરાતના નેતાઓ, હોદ્દેદારો અને ધારાસભ્યો પણ મંચ પર હાજર રહ્યા હતા. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ખેડૂતોના મુદ્દે સરકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "આજના શાસનમાં બુટલેગરોને જલસા છે, તેમને તેમની વસ્તુઓના ભાવ વધારા માટે ક્યારેય આંદોલન કે ધરણાં કરવા પડતા નથી, જ્યારે ખેડૂતોને પોતાના હક્ક માટે સતત ધરણાં કરવા પડે છે." પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને રાજકોટથી રોડ માર્ગે આવવાનો અનુભવ જણાવતા ગુજરાતના રસ્તાઓની સ્થિતિ પર કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે, "રસ્તામાં ખાડા હોય છે, પણ અહીંયા તો ખાડામાં રસ્તા જોવાયા." 'આપ'ના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે તેમના સંબોધનની શરૂઆત ઉપસ્થિત સૌને નમસ્કાર કરીને કરી હતી. તેમણે જણાવ્યું કે આજે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ છે. સરદાર પટેલને ગુજરાત અને ભારતના 'શેર' કહેવાય છે, જેમણે હંમેશા ખેડૂતો માટે લડત આપી હતી. કેજરીવાલે આક્ષેપ કર્યો કે સરદારે ક્યારેય સ્વપ્નમાં પણ નહીં વિચાર્યું હોય કે ૧૦૦ વર્ષ પછી દેશમાં એવી સરકાર આવશે જે પોતાના હક્ક માટે લડતા ખેડૂતો પર જુલમ કરશે. આજે સરદારની આત્મા ગુજરાતને જોઈ રડતી હશે. તેમણે જેલમાં નાખવામાં આવેલા ૮૫ ખેડૂતોના પરિવારજનોને સમર્થન જાહેર કર્યું હતું. અરવિંદ કેજરીવાલે કહ્યું કે 'આપ' આ તમામ પરિવારની સાથે છે અને ખેડૂતોને તમામ કાનૂની મદદ પૂરી પાડવામાં આવશે. એમનો એટલો જ વાંક હતો કે તેઓ પોતાના હક્ક માટે લડતા હતા. અમે આજે એ ખેડૂતોના પરિવારને બોલાવ્યા હતા, જેને પોલીસે મળવા જ નથી દીધા. અમે આ તમામ પરિવારની સાથે છીએ અને ખેડૂતોને તમામ કાનૂની મદદ આપીશું. તેમણે ઉત્તર ગુજરાતમાં ખેડૂતો પર થયેલા કથિત જુલમ, લઘુત્તમ ભાવનો મુદ્દો અને પોલીસ કાર્યવાહીને લઈને રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે ૭૫ વર્ષમાં આટલી ક્રૂર સરકાર જોઈ નથી. તેમણે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે 'સેટિંગ' હોવાનો આક્ષેપ કર્યો હતો અને ખેડૂતોને આગામી સમયમાં પરિવર્તન લાવવાનો અનુરોધ કર્યો હતો. થોડા સમય પહેલા ઉત્તર ગુજરાતમાં ખેડૂતો પર જુલમ કરાયા. આ ભાજપ વાળાને ફક્ત લોકોને જેલમાં મોકલતા જ આવડે છે. ૭૫ વર્ષમાં આટલી ક્રૂર સરકાર નથી જોઈ. ખેડૂતોને લઘુત્તમ ભાવ આપવાની વાત આ ભાજપ સરકારે કરી હતી, પણ થયું શું? આ સરકારની પોલીસે ખેડૂતોના ઘરમાં ઘુસીને પરિવારને માર્યા છે." હર્ષ સંઘવી અને ભૂપેન્દ્ર પટેલ પોતાના પરિવાર સાથે દિવાળી ઉજવતા હતા, ત્યારે આ ખેડૂતોના પરિવારો ઘરમાં રડતા હતા.

MAMTA SOLUTION

House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.

લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.

લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.

88 66 21 7393

જાનકી ટ્રેડર્સ

FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai

નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com

સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....

ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર